૨૦૩ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 49 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## TRAVEL CARNIVAL
### ASIA AFRICA AUSTRALIA

## FLAMINGO transworld pvt. ltd.

**You Travel We Care**

28 FEB - 2 MAR | 10:30 AM - 7 PM

ALL FLAMINGO OFFICES

## ખુશ ખબર !!

ફ્લેમિંગો સહર્ષ પ્રસ્તુત કરે છે AAA કાર્નિવલ

બુક કરાવો અમારી આફ્રીકા - ઓસ્ટ્રેલિયા - એશિયા ગ્રુપ ટુર્સ ...
૨૮ ફેબ્રુઆરી થી ૨ માર્ચ દરમિયાન, અને મેળવો આકર્ષક ડીસકાઉંટ

### Vietnam with Sapa with Chef

- ૪ / ૫ સ્ટાર હોટેલ મા મુકામ
- મેંન + ઇન્ટરનલ ફ્લાઇટ્સ નો ટુર કિંમત માં સમાવેશ
- રાજસ્થાની મહારાજ દ્વારા બ્રેકફાસ્ટ - લંચ - ડીનર
- ટુર દરમિયાન અનુભવી ટુર મેનેજર અને લોકલ ગાઇડ નો સંગાથ
- જોવાલાયક અગત્ય ના દરેક સાઇટસીઇંગ નો પ્રમાણીક સમાવેશ
- વિઝા અને GST નો ટુર કિંમત માં સમાવેશ

Apr 20, May 11,25, Jun 1,22, 2025

10 N | 11 D EX. MUMBAI



### Singapore Malaysia with Cruise

- ૪ સ્ટાર હોટેલો મા મુકામ
- મેંન + ઇન્ટરનલ ફ્લાઇટ્સ નો ટુર કિંમત માં સમાવેશ.
- ટુર દરમિયાન અનુભવી ટુર મેનેજર અને લોકલ ગાઇડ નો સંગાથ • બ્રેકફાસ્ટ - લંચ - ડીનર
- જોવાલાયક અગત્ય ના દરેક સાઇટસીઇંગ નો પ્રમાણીક સમાવેશ • સિંગાપોર માં ૪ રાત્રી નો મુકામ
- સમુદ્ર માં તરતા મહેલ જેવી Genting Dream Cruise નો યાદગાર અનુભવ

May 3, 8, 23, 30, Jun 5, 2025

8 N to 9 N EX. MUMBAI



### South Africa with Kruger National Park

- ક્રુગર નેશનલ પાંક નો રોમાંચ માણો ફ્લેમિંગો સંગાથે
- એક.. બે...ત્રણ નહી...પ્રવાસીઓના (ટેસ્ટ અને બજેટ અનુરૂપ એવી, માર્ચ થી સપ્ટેમ્બર લગાતાર, છ અલગ અલગ ટુરો ની ચોઈસ એરલાઈન્સ બ્લોક સાથે સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજનો નો રસથાળ -સવાર બપોર સાંજ (લગભગ દરેક સ્થળે, ઉતારા ની હોટેલ ના બેક્વેટ હોલ માં જ)
- ફક્ત ફ્લેમિંગો સાથે માણો કેપટાઉન માં ૪ રાત્રી નો યાદગાર મુકામ
- વિક્ટોરિયા ફોલ્સ સાથે ની અફલાતુન ટુર નો વિકલ્પ

Apr 23, May 1,9,11,15,19,20,21,23,25,29, Jun 3,6, 13,20, Jul 4,Aug 8,14, Sep 11,19, 2025

13 N | 14 D EX. MUMBAI



### Australia New Zealand

- Big Cat Green Island Cruise સાથે સેમી સબમરીન અને ગ્લાસ બૉટમબૉટ રાઈડનો અનુભવ
- Sydney Tower Eye ની મુલાકાત
- SEA LIFE Sydney Aquarium
- Opera house, Blue Mountain સાથે Scenic World ની મુલાકાત
- Featherdale Wildlife Park તથા સીટી ટુર MCG Ground સાથે • Agrodome, Farm Tour સાથે
- ગ્રેટ ઓશન રોડ, સ્કાય ટાવર
- Waitomo Glowworm Caves Blue

April 4 ,May 2,9, 12, 2025

17 N | 18 D EX. MUMBAI



### Enthralling Europe

- લેક ટીટીસી
- મુંબઈ થી મુંબઈ એર ટીકીટ બ્લોક્સ સાથે
- ગોલ્ડન પાસ ટ્રેન નો અવિસ્મરણ અનુભવ (Gstaad - Montreux) ફક્ત ફલેમિંગો સાથે સંભવ
- DDLJ મૂવી લોકેશન પર ફોટો સ્ટોપ
- સ્વિટઝરલૅંડ ના ૩ માઉન્ટન (Glacier 3000- Jungfraujoch - Mount Titlis)
- Nestle ચોકલેટ ફેક્ટરી ની મુલાકાત (ફક્ત ફલેમિંગો સાથે)
- પેરિસ સીટી ટુર - પેરિસ બાય નાઇટ - એફીલ ટાવર લેવલ ૩ - ડિઝની લેન્ડ (પસંદ કરો પાર્ક અથવા સ્ટુડિયો)
- વીઝા - ઇન્સ્યોરન્સ - ૫% GST નો ટુર કિંમત માં સમાવેશ

May 1,8,15,27, Jun 19, 2025

9 N | 10 D EX. MUMBAI



### Eureka American

- મિયામી માં રાત્રી મુકામ આપનાર એક માત્ર ટ્રાવેલ કંપની
- વોશિંગ્ટન ડી.સી માં ૨ રાત્રી નો મુકામ
- ડીઝની મેજીક કીંગડમ
- નેશનલ ગેલેરી ઓફ આર્ટ અને બોટનિક ગાર્ડન (ફક્ત ફલેમિંગો સાથે)
- લેક તાહો સીનીક ક્રુઝ
- ઇન્ટરનલ ફ્લાઈટ્સ નો ટુર કિંમત માં સમાવેશ
- ન્યુ યોર્ક ના સૌથી લોકપ્રિય Times Square પર યાદગાર મુકામ

May 22, Jun 12, 2025

21 N | 22 D LAND PACKAGE



### OTHER TOURS

**Customize Tours for more than 80 Countries | Chef Tours Also Available**

UAE, Japan, Turkey, Iceland, Spain, South Korea, UK Scotland, Arctic Circle, South America, Alaska & Canada, India, Baku, Bali, Hongkong, Thailand, Portugal, Egypt, Scandinavia, Bhutan, Srilanka

Opera House, Kandivali, Ghatkopar, Juhu, Andheri, Kharghar, Thane, Mulund, Mira Road, Virar

+91 92740 02968 , 75065 13304, 78618 82783 www.flamingotravels.co.in

# સોમનાથમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યુંઃ મહાશિવરાત્રિએ હર હર મહાદેવના નાદથી મંદિર પરિસર ગુંજી ઊઠ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મહાશિવરાત્રિના પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી. મહાશિવરાત્રીના પાવન પર્વ પર પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના કપાટ વહેલી સવારે ૪ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. સોમનાથ દાદાનાં દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રિ મહોત્સની ભવ્ય ઉજવણી કરાઈ હતી. દેશભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઊમટ્યા હતા. રાજ્યના દિગ્ગજ રાજનેતાઓ પરિવાર સાથે મહાશિવરાત્રી પર્વ પર સોમનાથ મંદિર પહોંચ્યા હતા. ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ સોમનાથ મંદિરની મુલાકાત લઈ સોમનાથ દાદાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મહાશિવરાત્રિ નિમિત્તે સોમનાથમાં સવારે ૪ વાગ્યે મહાપૂજા બાદ સોમનાથ દાદાના મંદિરમાં ધ્વજા પૂજા અને પાઘ પૂજા કરવામાં આવી હતી. સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી સહિતના મહાનુભાવોએ મંત્રોચ્ચાર સાથે દાદાની ધ્વજા અને પાઘ પૂજા કરી હતી. બાદમાં જ્યારે મહાદેવની પાલખીયાત્રા નીકળી ત્યારે સમગ્ર મંદિર પરિસર હર હર મહાદેવના નાદથી ગુંજી ઊઠ્યો હતો. સોમનાથમાં મંદિર પરિસરમાં જ દાદાની પાલખીયાત્રા નીકળે છે. સોમનાથ સમુદ્રકિનારે હજારો શ્રદ્ધાળુઓ માટે સવારે ૮ વાગ્યે પાર્થિવ શિવલિંગ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ૮થી ૧૧ અને બપોરે ૧થી ૫ વાગ્યા દરમિયાન ભક્તોને દર્શન કરવા અને ગંગાજળ અભિષેકનો લાભ મળે તે માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાશિવરાત્રિ પર્વે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તો માત્ર ૨૫ રૂપિયામાં બિલ્વ પૂજા કરી શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થે આવતા દિવ્યાંગ અને વૃદ્ધોને ધ્યાનમાં રાખીને સ્વાગત કક્ષ ખાતે નિઃશુલ્ક ગોલ્ફ કાર્ટ અને વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. સોમનાથ મારુતિ બીચ ખાતે ૩૫૦૦થી વધુ ભક્તો દ્વારા શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પાર્થિવ શિવલિંગની પૂજા કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં માનવમહેરામણ ઊમટ્યોઃ મધરાતે અખાડાઓની આગેવાનીમાં ભવ્ય રવેડી નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમાન જૂનાગઢ ભવનાથના મહાશિવરાત્રીના મેળાના અંતિમ પાંચમા દિવસે લાખો ભાવિકો ઊમટ્યા હતા. બમ બમ ભોલે, જય ભવનાથ, જય ગિરનારીના નાદથી ગિરનાર તળેટી ગુંજી ઊઠી હતી. મેળામાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર એવા વિવિધ અખાડાઓની આગેવાનીમાં ભવ્ય રવેડી નીકળી હતી.

જૂનાગઢના ભવનાથમાં લગભગ ૧૫૦ વર્ષથી શિવરાત્રિની રાત્રે નાગાસાધુ, અઘોરી અને વિવિધ અખાડા દ્વારા નીકળતી રવેડી યાત્રાનું પૌરાણિક અને ધાર્મિક રીતે ખૂબ મહત્ત્વ રહેલું છે. મહાશિવરાત્રિની રાત્રે અખાડાઓ સાથે અઘોરીઓ, નાગાસાધુઓ, સંતો દ્વારા ધ્વજારોહણ કરાયા પછી રવેડી નીકળી હતી.

મહાશિવરાત્રિની રાત્રિએ નાગાબાવાઓ દ્વારા મૃગીકુંડ તરફ શિવયાત્રા યોજવામાં આવી હતી, જે ભારતી આશ્રમથી ભવનાથ મહાદેવ મંદિર પહોંચી હતી. રવેડી યાત્રામાં આખા ભારતભરમાંથી નાગાબાવા, અઘોરી અને બીજા અનેક સંપ્રદાયના સાધુ-સંતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

જૂના અખાડા, ત્રિપન્દશનામ, ત્રિપન્દશનામ જૂના અખાડા, ત્રિપન્થ અખાડા, આવહાન અખાડા, ત્રિ-અગ્નિ અખાડા વગેરે અખાડાની રવેડી નીકળી હતી. રવેડી યાત્રામાં હર હર મહાદેવ, ઓમ નમઃ શિવાય, બમ બમ ભોલે નાદથી સમગ્ર વાતાવરણ શિવભક્તિમાં ડૂબી ગયું હતું.

# અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાની ૬૧૪ વર્ષ બાદ હર્ષોલ્લાસ સાથે ભવ્ય નગરયાત્રા નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૬૧૪ વર્ષ બાદ નગરદેવી ભદ્રકાળી માતાજીની નગરયાત્રા નીકળી હતી. અમદાવાદના સ્થાપના દિવસ બુધવારે સવારે ૭:૩૦ કલાકે માતાજીના રથને પ્રસ્થાન કરાવાયું હતું. ૬૧૪ વર્ષ જૂની પરંપરા પુનઃજીવંત બની હતી. ભદ્રકાળી માતાજીની મૂર્તિ અચલ હોવાથી પ્રતીકાત્મક રીતે માતાજીનો ફોટો અને ચરણપાદુકાને રથમાં બિરાજમાન કરીને નગરચર્યાને પ્રસ્થાન કરાવાયું હતું. નગરદેવીની યાત્રામાં મોટી સંખ્યામાં માનવમહેરામણ ઊમટયો હતો. નગરદેવીની નગરયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજ્યના સહકારમંત્રી જગદીશ પંચાલ અને અમદાવાદનાં મેયર પ્રતિભા જૈન દ્વારા ૭.૪૫ વાગ્યે પહિંદવિધિ કરી રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ૬.૨૫ કિ.મી. લાંબી નગરયાત્રામાં મોટી સંખ્યામાં માઈભક્તો ઊમટ્યા હતા. જ્યારે અમદાવાદ શહેર પોલીસ દ્વારા માતાજીને ગાર્ડ ઑફ ઑનર અપાયું હતું. ત્યાર બાદ ઢોલ, નગારાં, શરણાઈ, ધજા- ખુલ્લી જીપ અને વાહનો સાથે રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રામાં અનેક અખાડા પણ જોડાયા હતા.

આ નગરયાત્રા ત્રણ દરવાજા, બાબા માણેકનાથની સમાધિ, જગન્નાથ મંદિર, રિવરફ્રન્ટ ઘાટ, લક્ષ્મી મંદિર, વસંત ચોક થતાં બહુચર માતાજી મંદિર ખાતે પહોંચી હતી અને પાદુકાની આરતી ઉતારવામાં આવી હતી. નગરયાત્રામાં માતાજીનો રથ, પાંચ છોટા હાથી, હાથી, અખાડા, નાસિક ઢોલ ગ્રૂપ, પાંચ સાધુની ધજા, બેન્ડ વાજા, ડીજે ટ્રક, ત્રણ ભજન મંડળી, ૧૫ ગાડી, ૧૦૦ ટુ વ્હીલરોનો સમાવેશ થયો હતો. નગરયાત્રા શાંતિપૂર્વક સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. નગરદેવી ભદ્રકાળી માતાજીની યાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી અને માતાજીનો રથ નિજ મંદિરે પરત પહોંચ્યો હતો.

# અમદાવાદીઓએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૫૫ દિવસમાં ₹ ૪૩ કરોડ દંડ પેટે ચૂકવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હેલ્મેટના નિયમનો કડક અમલ કરવા માટે હાઈ કોર્ટે આપેલા આદેશથી પોલીસ તંત્ર સક્રિય થયું હતું. લોકોને હેલ્મેટ પહેરવા મુદ્દે જાગૃતિ કાર્યક્રમો સાથે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના તાજેતરના ડેટા મુજબ, વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૫૫ દિવસમાં અમદાવાદવાસીએ દરરોજ ૭૯.૭૬ લાખ દંડ ચૂકવ્યો હતો. ઉપરોક્ત સમયગાળા દરમિયાન કુલ ૬,૫૪,૬૫૧ મુસાફરો ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતાં પકડાયા હતા. તેમની પાસેથી દંડ પેટે ૪૩.૦૭ કરોડ રૂપિયા વસૂલ કરાયા હતા. શહેરમાં રોજ સરેરાશ ૧૨,૧૨૩ મુસાફરોએ ટ્રાફિકના નિયમોનો ભંગ કર્યો હતો.

અમદાવાદીઓએ હેલ્મેટ વિના વાહન ચલાવવા બદલ સૌથી વધુ દંડ ચૂકવ્યો હતો. આ ગુના બદલ ૪,૧૮,૭૭૦ વાહનચાલકોને દંડ ફટકારાયો હતો. હેલ્મેટ વગર વાહન ચલાવતા લોકો પાસેથી ૨૦.૯૩ કરોડ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હેલ્મેટ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હોવા છતાં મોટી સંખ્યામાં લોકો હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવતાં મળી આવ્યા હતા. અમદાવાદમાં બેફામ ડ્રાઇવિંગ, ઓવરસ્પીડ અને રેસિંગ પણ ગંભીર ચિંતા તરીકે ઊભરી આવ્યા હતા. કુલ ૫૭,૪૮૨ લોકો પાસેથી આવાં કારણોસર ૧૦.૦૭ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

શહેરના એક વરિષ્ઠ ટ્રાફિક પોલીસ અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું કે, શહેરના રસ્તાઓ પર જીવ જોખમમાં મૂકતા બેદરકાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી શરૂ રહેશે. વર્ષના પ્રથમ ૫૫ દિવસોમાં ૪૪૫૦ મુસાફરોને માન્ય લાઇસન્સ વિના વાહન ચલાવવા બદલ ૧.૦૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ૧૦ ફેબ્રુઆરીએ શરૂ કરાયેલી એક ઝુંબેશમાં ૧૮૬ પોલીસ કર્મચારીઓને હેલ્મેટ વિના વાહન ચલાવતાં પકડવામાં આવ્યા હતા. તેમને ૯૩,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# ગુજરાત સરકારે તમામ કૅબિનેટ પ્રધાનોનાં પ્રવાસભથ્થાંમાં અઢી ગણો વધારો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે કૅબિનેટ પ્રધાનોને હોળી ભેટ આપી હતી. સરકારે એક હુકમ કરીને રાજ્ય સરકારના તમામ પ્રધાનોના પ્રવાસ દરમિયાન રોકાણ અને ભોજન માટે મળતાં ભથ્થાંમાં લગભગ અઢી ગણો વધારો કર્યો હતો. સામાન્ય વહીવટ વિભાગના હુકમ અનુસાર કૅબિનેટ પ્રધાનો જે શહેરમાં રોકાવાના હોય તેની કક્ષા પ્રમાણે ભથ્થાંમાં વધારો કરવામાં આવ્યો હતો.

આ વધારો ગયા વર્ષના ૮ નવેમ્બરથી મંજૂર કરવામાં આવ્યો હોવાથી મંત્રીઓને તે દિવસથી પ્રવાસ ભથ્થામાં એરિયર્સની ગણતરી કરી તફાવતની રકમ પણ આવતા મહિનાના તેમના પગારમાં ઉમેરીને આપવામાં આવશે. આ હુકમ અનુસાર એક્સ કેટેગરીનાં શહેરોમાં ૧ હજારને બદલે ૨૬૦૦ રૂપિયા, વાય કેટેગરીના શહેરમાં ૮૦૦ રૂપિયાના બદલે ૨૧૦૦ રૂપિયા અને ઝેડ કેટેગરીના શહેરમાં ૫૦૦ રૂપિયાના બદલે ૧૩૦૦ રૂપિયા ભાડું દૈનિક હિસાબે આપવામાં આવશે.

તે ઉપરાંત વિધાનસભા સત્ર દરમિયાન ધારાસભ્યો માટે સંકુલમાં હોળીના તહેવારની ઉજવણી કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉજવણી દરમિયાન ભોજન અને સંગીત સાથે ભવ્ય કાર્યક્રમ વિધાનસભાની બહાર સ્થિત મેદાનમાં યોજાશે.

# ગુજરાતના પશુપાલન પ્રધાન પરસોત્તમ સોલંકી વિરુદ્ધ ૪૦૦ કરોડના ફિશરીઝ કૌભાંડ કેસના ટ્રાયલ સામે હાઈ કોર્ટનો સ્ટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરની ખાસ એસીબી કોર્ટમાં મત્સ્યોદ્યોગ અને પશુપાલન પ્રધાન પરસોત્તમ સોલંકી વિરુદ્ધ પેન્ડિંગ ૪૦૦ કરોડના ફિશરીઝ કૌભાંડ કેસની ટ્રાયલ હાથ ધરવા સામે ગુજરાત હાઈ કોર્ટના જસ્ટિસ દિવ્યેશ જોશીએ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો હતો. આ ઉપરાંત ફરિયાદી ઇશાક મરડિયા અને સરકાર પક્ષ વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આ કથિત કૌભાંડમાં સોલંકીએ ફરી એકવાર ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ આ કેસમાંથી પોતાને બિનતહોતમ છોડી મૂકવા માટે ડિસ્ચાર્જ એપ્લિકેશન ફાઈલ કરી હતી. જેની સુનાવણીમાં જસ્ટિસ દિવ્યેશ જોશીએ આ આદેશ કર્યો હતો અને વધુ સુનાવણી ૨૨ એપ્રિલે મુકરર કરી હતી. આ કેસની સુનાવણીમાં પરસોત્તમ સોલંકી તરફથી રજૂઆત કરાઈ હતી કે, પ્રિ ચાર્જ રેકોર્ડ થયેલા એવીડેન્સમાં કોઈ ગુનો બનતો નહીં હોવાનાં તથ્યો સામે આવતાં અરજદારે ફરીથી ડિસ્ચાર્જ અરજી કરી હતી. ગાંધીનગરની એસીબી કોર્ટે તે નામંજૂર કરતાં અરજદારને હાઈ કોર્ટમાં રિટ કરવાની ફરજ પડી હતી.

પરસોત્તમ સોલંકી દ્વારા અગાઉ પણ હાઈ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરાઈ હતી. જે જુલાઈ-૨૦૨૪માં નામંજૂર થઈ હતી.તેમણે ફરી હાઈ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી કરી પોતાને આ કેસમાં બિનતહોમત છોડી મૂકવા માગણી કરી હતી. કેસની વિગતો મુજબ રાજ્યનાં તળાવોમાં માછીમારીના કૉન્ટ્રાક્ટ આપવાના કેસમાં ભ્રષ્ટાચાર થયો હોવા મુદ્દે ઇશાક મરડિયા દ્વાર હાઈ કોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. તેની સુનાવણી બાદ કેસ બનતો હોવાનો પુરાવો મળી આવતાં ગાંધીનગરની એસીબી કોર્ટ દ્વારા સોલંકી અને વિભાગના અધિકારીઓ વિરુદ્ધ ખટલો શરૂ કરાયો હતો. આ કેસ છેલ્લા એક દાયકાથી કોર્ટમાં ચાલી રહ્યો છે.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

# અફઘાનિસ્તાને સાત વિકેટે ૩૨૫ રન કરીને ઇંગ્લૅન્ડને મૂક્યું મુસીબતમાંઃ ઝદ્રાનની વિક્રમી સદી

લાહોરઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાને ગઈ કાલે અહીં બૅટિંગ પસંદ કર્યા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૨૫ રન બનાવીને ઇંગ્લૅન્ડને ૩૨૬ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. વિક્રમોની હારમાળા વચ્ચે અફઘાનિસ્તાને બ્રિટિશરો માટે આ ટૂર્નામેન્ટમાં ટકવું મુશ્કેલ બનાવી દીધું હતું, કારણકે આ મૅચમાં પરાજિત થનારી ટીમ સ્પર્ધાની બહાર ફેંકાઈ જવાની હતી. ઇબ્રાહિમ ઝદ્રાન (૧૭૭ રન, ૧૪૬ બૉલ, છ સિક્સર, બાર ફોર) આ ઇનિંગ્સનો સુપર હીરો હતો. ચૅમ્પિયન્સ ટ્રોફીના સૌથી મોટા વ્યક્તિગત સ્કોર્સમાં હવે ઝદ્રાનના ૧૭૭ રન નવો વિક્રમ છે.

૨૩ વર્ષનો રાઇટ-હૅન્ડ બૅટર ઝદ્રાન એક વર્ષ પછી પહેલી વાર વન-ડે રમ્યો છે. તે ઓપનિંગમાં આવ્યો હતો અને છેક ૫૦મી ઓવરમાં આઉટ થયો હતો. તેણે ઇંગ્લૅન્ડના છ બોલરનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો હતો અને તમામ બોલરની બોલિંગ ઍનેલિસિસ બગાડી નાખી હતી. ઝદ્રાનનો વન-ડેમાં આ હાઇએસ્ટ સ્કોર હતો.

ઇંગ્લૅન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને ૬૪ રનમાં ત્રણ વિકેટ મળી હતી. જૅમી ઓવર્ટન (૧૦-૦-૭૨-૧) સૌથી મોંઘો સાબિત થયો હતો.

અફઘાનિસ્તાનની ટીમમાં બીજા ત્રણ બૅટરના યોગદાન સાધારણ હતા, પરંતુ તેમણે ઝદ્રાન સાથે મહત્ત્વની ભાગીદારીઓ કરી હતી. ઝદ્રાનની કૅપ્ટન હશમતુલ્લા શાહિદી (૪૦ રન) સાથે ૧૦૩ રનની, અઝમતુલ્લા ઓમરઝાઇ (૪૧ રન) સાથે ૭૨ રનની અને મોહમ્મદ નબી (૪૦ રન) સાથે ૧૧૧ રનની ભાગીદારી કરી હતી.

ઝદ્રાને ૫૦ રન ૬૫ બૉલમાં, ૧૦૦ રન ૧૦૬ બૉલમાં અને ૧૫૦ રન ૧૩૪ બૉલમાં પૂરા કર્યા હતા.

### ચૅમ્પિયન્સ ટ્રોફીના ટૉપ-સ્કોરર્સ

(૧) ઇબ્રાહિમ ઝદ્રાન, અફઘાનિસ્તાન, ઇંગ્લૅન્ડ સામે ૧૭૭ રન

(૨) બેન ડકેટ, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા સામે ૧૬૫ રન

(૩) નૅથન ઍસ્ટલ, ન્યૂ ઝીલૅન્ડ, યુએસએ સામે અણનમ ૧૪૫

(૪) ઍન્ડી ફ્લાવર, ઝિમ્બાબ્વે, ભારત સામે ૧૪૫ રન

(૫) સૌરવ ગાંગુલી, ભારત, સાઉથ આફ્રિકા સામે અણનમ ૧૪૧

# ૧,૦૦૦ મજૂરની મદદથી ૧૮૦૦ કરોડના ખર્ચે લાહોરનું સ્ટેડિયમ બન્યું, પણ પાકિસ્તાનને એકેય મૅચ ન રમવા મળી!

લાહોરઃ પાકિસ્તાનને ત્રણ દાયકા બાદ પહેલી વાર ઘરઆંગણે આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવાનો મોકો મળ્યો જે માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને સરકારના વિવિધ વિભાગોએ લાહોરનું ગદ્દાફી સ્ટેડિયમ રિનોવેટ કરવા માટે કુલ મળીને ૧,૦૦૦ જેટલા અધિકારીઓ-મજૂરોને કામે લગાડ્યા હતા તેમ જ ૧૧૭ દિવસ સુધી ચાલેલા કામકાજમાં કુલ ૧,૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, પરંતુ પાકિસ્તાન ક્રિકેટ ટીમને લાહોરમાં એક પણ મૅચ ન રમવા મળી.

પાકિસ્તાનની ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની હાર પછી ભારત સામેના રવિવારના પરાજયને પગલે સ્પર્ધાની બહાર થઈ ગઈ છે અને હવે ત્રીજી તથા છેલ્લી લીગ મૅચ આવતી કાલે બાંગ્લાદેશ સામે રમશે.

પાકિસ્તાનની ટીમ ૧૯મી ફેબ્રુઆરીએ ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ મૅચ કરાચીમાં રમી. ભારત સામેની એની મૅચ દુબઈમાં રમાઈ અને હવે આવતી કાલે અંતિમ લીગ મૅચ રાવલપિંડીમાં રમાવાની છે. એમાં લાહોરના સ્ટેડિયમનો તો પાકિસ્તાનની ટીમને લાગેવળગે છે ત્યાં સુધી એકડો જ નીકળી ગયો.

# પાકિસ્તાનમાં ૧૦૦ પોલીસે ફરજ ન બજાવી, બરતરફ કરાયા

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ અત્યારે ગંભીર કટોકટીમાં છે. યજમાન હોવા છતાં પોતે ચૅમ્પિયન્સ ટ્રોફીના લીગ રાઉન્ડમાંથી જ સ્પર્ધાની બહાર થઈ જવું પડ્યું છે, મોહમ્મદ રિઝવાનના નેતૃત્વમાં રમનાર પાકિસ્તાની ટીમ પર ભારત સામેના પરાજય બાદ ટીકાઓનો વરસાદ થઈ રહ્યો છે અને એવામાં હવે પોલીસ તંત્ર પણ ચર્ચામાં આવી ગયું છે.

કેટલાક અહેવાલો જણાવે છે કે ચૅમ્પિયન્સ ટ્રોફી દરમ્યાન સલામતી વ્યવસ્થામાં પોતાને સોંપવામાં આવેલી ફરજ નિભાવવાની ના પાડનાર ૧૦૦થી પણ વધુ પોલીસ કર્મચારીઓને પંજાબ પ્રાંતના પોલીસ વિભાગે બરતરફ કરી નાખ્યા છે.

આ ૧૦૦થી વધુ પોલીસમાં કેટલાક અધિકારીઓનો પણ સમાવેશ છે.

કહેવાય છે કે આ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ટૂર્નામેન્ટની કેટલીક મૅચો દરમિયાન લાહોરના ગદાફી સ્ટેડિયમથી હોટલ સુધીની મુસાફરી દરમ્યાન ખેલાડીઓને અલગ-અલગ પ્રકારની સલામતી પૂરી પાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ કેટલાક પોલીસ ગેરહાજર રહ્યા હતા તો કેટલાકે ચોખ્ખી ના પાડી દીધી હતી.

# સચિનનો વિક્રમ રચિને તોડ્યો

રાવલપિંડીઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ન્યૂ ઝીલૅન્ડનો ભારતીય ટીમે હજી ત્રણ દિવસ પછી સામનો કરવાનો છે, પરંતુ એ પહેલાં જ ન્યૂ ઝીલૅન્ડના યુવા ખેલાડી રચિન રવીન્દ્રએ ભારતના બૅટિંગ-લેજન્ડ સચિન તેન્ડુલકરનો એક મહત્ત્વનો વિક્રમ તોડી ચૂક્યો છે. સચિને પચીસ વર્ષની ઉંમર સુધીમાં આઇસીસી ટૂર્નામેન્ટોમાં કુલ ત્રણ સેન્ચુરી ફટકારી હતી, પરંતુ રચિને પચીસ વર્ષની વય સુધીમાં ચોથી સદી ફટકારી છે. બાંગ્લાદેશ સામેની મૅચમાં ૧૧૨ રન બનાવ્યા હતા અને ન્યૂ ઝીલૅન્ડને વિજય અપાવ્યો હતો.

### પચીસ વર્ષની વય સુધીમાં સૌથી વધુ સદી

(૧) રચિન રવીન્દ્ર, ૧૪ ઇનિંગ્સમાં ચાર સેન્ચુરી

(૨) સચિન તેન્ડુલકર, ૧૬ ઇનિંગ્સમાં ત્રણ સેન્ચુરી

(૩) ઉપુલ થરંગા, બાવીસ ઇનિંગ્સમાં બે સેન્ચુરી

# વિદર્ભની ૨૪ રનમાં ત્રણ વિકેટ અને પછી ચોથી વિકેટ પડી છેક ૨૩૯ રનના સ્કોર પર

### કેરળ સામેની રણજી ફાઈનલમાં માલેવારની અણનમ સદી, નાયર લડાયક ૮૬ રને રનઆઉટ

નાગપુરઃ વિદર્ભએ અહીં ગઈ કાલે રણજી ટ્રોફીની પાંચ દિવસીય ફાઇનલના પ્રારંભિક દિવસે ખરાબ શરૂઆત બાદ જોરદાર લડત સાથે કેરળ સામે દિવસને અંતે ચાર વિકેટે ૨૫૪ રનનો સ્કોર નોંધાવ્યો હતો. ૨૦૨૪ના રનર-અપ વિદર્ભનો ડેનિશ માલેવાર (૧૩૮ નૉટઆઉટ, ૨૫૯ બૉલ, બે સિક્સર, ૧૪ ફોર) અને પીઢ બૅટર કરુણ નાયર (૮૬ રન, ૧૮૮ બૉલ, એક સિક્સર, આઠ ફોર) આ ઇનિંગ્સના બે હીરો હતા.

માલેવાર-નાયર વચ્ચે ચોથી વિકેટ માટે ૨૧૫ રનની અભૂતપૂર્વ ભાગીદારી થઈ હતી. બૅટિંગ કરવાનું આમંત્રણ મળ્યા બાદ એક તબક્કે વિદર્ભનો સ્કોર ત્રણ વિકેટે માત્ર ૨૪ રન હતો, પણ માલેવાર-નાયરની જોડીએ ટીમના સ્કોરને ૨૩૯ સુધી પહોંચાડ્યો હતો અને છેક એ સ્કોર પર નાયરના રૂપમાં ચોથી વિકેટ પડી હતી.

માલેવાર અને નાયર વચ્ચે મોટી ગેરસમજ થઈ હતી જેમાં નાયર રનઆઉટ થઈ ગયો હતો અને ૧૪ રન માટે ૨૩મી ફર્સ્ટ-ક્લાસ સદી ચૂકી ગયો હતો.

એ પહેલાં, કેરળના બોલર્સે ૨૪ રનમાં વિદર્ભની ત્રણ વિકેટ લઈને વિદર્ભની છાવણીમાં સોપો પાડી દીધો હતો. ઓપનર પાર્થ રેખાડેની ઝીરો પર, દર્શન નાલકંડેની ૧૧મા રને અને ધ્રુવ શોરેની ૨૪મા રને વિકેટ પડી હતી. ત્યાર પછી માલેવાર-નાયરની જોડીએ વિદર્ભના જલજ સક્સેના અને આદિત્ય સરવટે સહિત તમામ છ બોલરને લગભગ ૭૦ ઓવર સુધી ખૂબ હંફાવ્યા હતા. માલેવાર-નાયરની જોડીએ ત્રણ સત્ર દરમ્યાન કુલ ૪૧૪ બૉલનો સામનો કર્યો હતો.

વિદર્ભની ૮૨મી ઓવરમાં કેરળના ૧૯ વર્ષીય પેસ બોલર એડન ઍપલ ટૉમનો બૉલ વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીન અને પ્રથમ સ્લિપનો ફીલ્ડર ન પકડી શક્તા તેમની વચ્ચેથી બૉલ નીકળી ગયો હતો. એ જોઈને નાયર અને માલેવારે જોખમ ઉઠાવીને રન દોડવાનું શરૂ કરી દીધું હતું. જોકે બીજી સ્લિપના ફીલ્ડર રોહન કુન્નુમલે ઝડપથી બૉલને પોતાના કબજામાં લઈને સીધો સ્ટ્રાઇકર્સ-એન્ડ પર ફેંક્યો હતો અને નાયર રનઆઉટ થઈ ગયો હતો.

કેરળ વતી એમડી નિધીશે બે વિકેટ તેમ જ એડને એક વિકેટ લીધી હતી.

# ભારતે પાકિસ્તાનની ટીમને બહાર બોલાવી ચીંથરેહાલ કરીને પાછી મોકલી!: હજી ટીકાનો વરસાદ ચાલુ છે

લાહોર/કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ હાલમાં અત્યંત ખરાબ હાલતમાં છે અને એ સ્થિતિમાં આજે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) એણે ઘરઆંગણે (રાવલપિંડીમાં) બાંગ્લાદેશ સામે પોતપોતાની છેલ્લી લીગ મૅચ જીતીને નાક બચાવવા પર બધુ ધ્યાન આપવાનું છે. ન્યૂ ઝીલૅન્ડ અને ભારત સામે અનુક્રમે કરાચીમાં અને દુબઈમાં નાક કપાવી ચૂકેલી મોહમ્મદ રિઝવાનની ટીમે દેશને અભૂતપૂર્વ કટોકટીમાં મૂકી દીધી છે, કારણકે પાકિસ્તાન સતત ત્રીજી વાર આઇસીસી ટૂર્નામેન્ટમાં નૉકઆઉટ પહેલાં જ સ્પર્ધાની બહાર થઈ ગયું છે. આ કંગાળ સ્થિતિમાં પાકિસ્તાનની ટીમ અને એના પરાસ્ત થયેલા ખેલાડીઓ પર હજી પણ સોશિયલ મીડિયામાં મીમ્સ બની રહ્યા છે અને ટિપ્પણીઓ થઈ રહી છે.

૧૯મી ફેબ્રુઆરીએ ન્યૂ ઝીલૅન્ડ સામે પાકિસ્તાનનો ૬૦ રનથી અને ભારત સામે છ વિકેટે પરાજય થયો હતો. હવે આજે બાંગ્લાદેશ સામે પણ આકરી કસોટી થશે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ તાજેતરમાં જ ગૅરી કર્સ્ટન અને જેસન ગિલેસ્પી જેવા દિગ્ગજોને પાકિસ્તાનની ટીમના કોચિંગ-સ્ટાફમાંથી વિદાય લેવાની ફરજ પાડી હતી જેને કારણે પીસીબીની ખૂબ ટીકા થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે ભારતે આતંકવાદીઓના ખતરાને કારણે પોતાની ટીમને ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન નથી મોકલી અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને આઇસીસી મારફત હાઇબ્રિડ મૉડેલ અપનાવવાની ફરજ પાડવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ ભારત પોતાની બધી મૅચો દુબઈમાં રમી રહ્યું છે. ખુદ યજમાન પાકિસ્તાને પોતાની ટીમને દુબઈ મોકલવી પડી અને ત્યાં ટીમ ઇન્ડિયાએ આ ટૂર્નામેન્ટમાં એનો ખાત્મો કરી નાખ્યો. બીજી રીતે કહીએ તો ભારત સામેના પરાજયને પગલે મોહમ્મદ રિઝવાનની ટીમ સ્પર્ધાની બહાર ફેંકાઈ ગઈ. બાંગ્લાદેશની ટીમ પણ રેસની બહાર થઈ ગઈ છે અને ગ્રૂપ 'એ'માંથી ભારત તથા ન્યૂ ઝીલૅન્ડ સેમિ ફાઇનલમાં પહોંચી ગયા છે.

### ટીકાના કેવા-કેવા તીર છોડવામાં આવ્યા છે?

- ભારતે પાકિસ્તાનીઓને એની ધરતી પરથી બહાર આવવાની ફરજ પાડીને અન્યત્ર દેશમાં તેમને હરાવીને ચીંથરેહાલ હાલતમાં પાછા મોકલી દીધા છે.
- પાકિસ્તાન ચૅમ્પિયન્સ ટ્રોફીની બહાર થઈ ગયું છે એમ છતાં એણે હજી યજમાન હોવા બદલ પોતાને ત્યાં મૅચોનું આયોજન કરતા રહેવું પડ્યું છે. આ તો એવું થયું, મોબાઇલ ચોરાઈ ગયો પરંતુ ઇએમઆઇ હજી ભરતા જ રહેવું પડ્યું છે.
- અમે જ્યારે પર પાકિસ્તાનની ટીમ પાસે આશા રાખી છે ત્યારે તેઓ ક્રાઉડની વચ્ચે લાવીને દેશને બદનામ કર્યો છે.
- ભારતીય ટીમ સતત પ્રગતિ કરી રહી છે. તેઓ ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની ફાઇનલ રમ્યા અને ૨૦૨૪માં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યા. એની તુલનામાં પાકિસ્તાનની ટીમની જુઓ કેવી હાલત થઈ છે.
- પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બધા પૈસા સ્ટેડિયમો બનાવવામાં ખર્ચી નાખ્યા. એના બદલે ટીમ ડેવલપ કરવામાં વાપર્યા હોત તો લેખે લાગ્યા હોત.
- પાકિસ્તાનની ૨૬ કરોડની પ્રજા સાથે ખેલ ખેલાઈ રહ્યો છે. અમે પાગલની જેમ અપેક્ષાઓ સાથે ટીવી સેટ સામે ગોઠવાઈ જઈએ છીએ, પણ છેવટે પરિણામ કંઈક જૂદું જ આવે છે. હું ૨૦૦૭ની સાલથી ટીવી પર પાકિસ્તાનની મૅચો જોઉં છું. ત્યારે હું પાંચ વર્ષનો હતો અને હવે પચીસ વર્ષનો થઈ ગયો. હજી સુધી મારું દિલ તૂટ્યું જ છે.
- ચૅમ્પિયન્સ ટ્રોફીની ૧૯મી ફેબ્રુઆરીએ હજી તો શરૂઆત થઈ અને ૨૩મી ફેબ્રુઆરીએ (ભારત સામેના પરાજય સાથે) પાકિસ્તાનની ટીમ (ચાર જ દિવસમાં) ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 49 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 February 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સુદાનનું લશ્કરી વિમાન રહેણાંક વિસ્તાર પર તૂટી પડ્યું: ૪૬નાં મોત

કૈરોઃ સુદાનનું લશ્કરી વિમાન ઓમ્દુરમન શહેરમાં તૂટી પડવાની મંગળવારે બનેલી દુર્ઘટનામાં ઓછામાં ઓછાં ૪૬ જણનાં મોત અને ૧૦ જણ ઘાયલ થયાં હોવાનું અધિકારીઓએ બુધવારે કહ્યું હતું.

ઓમ્દુરમન શહેરની ઉત્તરે વાડી સાયિદ્‌ના ઍરબેઝ પરથી ટેક ઑફ કરતી વખતે આ દુર્ઘટના બની હોવાનું લશ્કર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં સેનાના અધિકારીઓ (જુઓ પાનું ૨) ▶▶















## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સજ્જન કુમારને સજા, ન્યાયની ક્રૂર મજાક

**દિલ્હીમાં** ૧૯૮૪નાં શીખવિરોધી રમખાણો કેસમાં કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારને અંતે આજીવન કેદની સજા થઈ ગઈ. ૧૯૮૪નાં રમખાણો દરમિયાન દિલ્હીના સરસ્વતી વિહાર વિસ્તારમાં જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યાના આ કેસમાં સજ્જન કુમારને ૧૨ ફેબ્રુઆરીએ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ ૨૧ ફેબ્રુઆરીએ સજા સંભળાવવાનું એલાન કરેલું, પણ મૃતકોના પરિવારે સજ્જન કુમારને ફાંસી આપવાની માગ કરતાં ૨૫ ફેબ્રુઆરીએ સજાનો નિર્ણય જાહેર કરવાનું એલાન કર્યું હતું.

સજ્જન કુમાર અત્યારે ૧૯૮૪નાં શીખવિરોધી રમખાણોને લગતા બીજા કેસમાં તિહાર જેલમાં બંધ છે. દિલ્હી હાઈ કોર્ટે ૧૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શીખવિરોધી રમખાણો વખતે દિલ્હીમાં પાંચ શીખોની હત્યા અને ગુરુદ્વારાને સળગાવી નાખવાના કેસમાં સજ્જન કુમારને દોષિત ઠરાવીને સજા ફટકારવામાં આવી હતી. સજ્જન કુમાર આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે તેથી આ ચુકાદાથી મોતને ભેટેલા લોકોના પરિવારને અંતે ન્યાય મળ્યાની લાગણી થશે, પણ સજ્જન કુમારને કોઈ ફરક નહીં પડે.

સજ્જન કુમાર સામે શીખોની હત્યામાં ત્રીજો કેસ પણ હતો. ૧૯૮૪નાં શીખ રમખાણો દરમિયાન દિલ્હીના સુલતાનપુરી વિસ્તારમાં ૩ લોકોની હત્યા થઈ હતી. આ કેસમાં જુલાઈ ૨૦૧૦માં કરકરડૂમા કોર્ટે ત્રણ શીખોની હત્યા કેસમાં સજ્જન કુમાર, બ્રહ્માનંદ, પેરુ, કુશલ સિંહ અને વેદ પ્રકાશ સામે આરોપો ઘડ્યા હતા. સીબીઆઈની મુખ્ય સાક્ષી ચામ કૌરે જુબાની આપી હતી કે સજ્જન કુમાર ટોળાને ઉશ્કેરી રહ્યા હતા, પણ બીજા કોઈ પુરાવા નહીં હોવાથી સપ્ટેમ્બર ૨૦૨૩માં રાઉઝ એવન્યુ કોર્ટે સજ્જન કુમારને આ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં પણ સજ્જન કુમારે પોતે નિર્દોષ હોવાની જ રેકર્ડ વગાડી હતી.

સજ્જન કુમારને ૨૦૧૮માં કોર્ટે શીખવિરોધી રમખાણોના કેસમાં દોષિત ઠેરવીને જનમટીપ ફટકારી એ વખતે ચર્ચા થયેલી કેમ કે આ રમખાણોના કેસમાં પહેલી વાર કોઈ મોટા માથાને સજા થઈ હોય એવું બન્યું હતું. હાઈ કોર્ટે સજ્જન કુમારને શીખોના હત્યાકાંડ માટેનું કાવતરું ઘડવાના આરોપમાં દોષિત ગણાવીને જનમટીપ ઠોકી દીધી હતી. દિલ્હી કેન્ટોન્ટમેન્ટ વિસ્તારમાં આવેલા રાજનગર વિસ્તારમાં શીખ પરિવારના પાંચ લોકોને જીવતાં સળગાવીને મોતને ઘાટ ઉતારવા બદલ કૉંગ્રેસના કાઉન્સિલર બલવાન ખોખર સહિત બીજા લોકોને પણ હાઈ કોર્ટે દોષિત ઠેરવીને જુદી જુદી સજાઓ ફટકારી હતી. આ જ વિસ્તારમાં બીજાં શીખોનાં ઘર ને ગુરુદ્વારા સળગાવવાના કેસમાં પણ આ આખા ટોળાને દોષિત ઠેરવાયું છે.

સજ્જન કુમારને શીખો સામે લોકોને ઉશ્કેરીને હિંસા ભડકાવવાના ને કોમી સંવાદિતા ખોરવવાના ગુનામાં પણ દોષિત ઠેરવાયા હતા. અગાઉ ટ્રાયલ કોર્ટે આ જ કેસમાં સજ્જનકુમારને બાઈજ્જત છોડી મૂકેલા, જ્યારે બીજા બધાને સજા ફટકારેલી. હાઈકોર્ટે બીજાની સજા માન્ય રાખી, પણ સજ્જનને છોડવાનો ચુકાદો બદલીને તેમને પણ આંટામાં લઈ લીધો હતો. હાઈકોર્ટે સજ્જનકુમારને સજા ફટકારતી વખતે એવી ટિપ્પણી પણ કરી હતી કે, શીખોની હત્યા રાજકીય પીઠબળ ધરાવતા લોકોએ માનવતા સામે ઘડેલું કાવતરું હતું. હાઈ કોર્ટે સજ્જનકુમારને ૩૧ ડિસેમ્બર લગીમાં શરણાગતિ સ્વીકારવા ફરમાન કરેલું ને સજ્જન એ પહેલાં જ હાજર થઈ જતાં જેલની હવા ખાતાં થઈ ગયેલા.

સજ્જનકુમારને સજા ચોક્કસપણે ચુકાદો મોટો છે, પણ ખરેખર તો ન્યાયની મજાક સમાન છે ને અત્યારે આ ચુકાદાનો કોઈ જ અર્થ નથી. સજ્જન કુમારને ૨૦૧૮માં આજીવન કેદની સજા થઈ ને જેલમાં જવાનો વારો આવ્યો એ રમખાણોનાં છેક ૩૫ વર્ષ પછી આવ્યો હતો. આ ૩૫ વર્ષમાં સજ્જનકુમારે બધું જ ભોગવી લીધું હતું. સજ્જન કુમાર સાંસદ બન્યા, કેન્દ્રમાં પ્રધાન પણ બન્યા, ભરપૂર સાહ્યબી ભોગવી ને બધાં સુખ ભોગવ્યાં. છેક ૭૫ વર્ષની ઢળતી ઉંમરે જેલમા જવું પડે તો મતલબ નહોતો.

સજ્જન કુમાર બધી સાહ્યબી ભોગવતા હતા જ્યારે તેમના કારણે જે શીખો મર્યા તેમના પરિવારો સંઘર્ષ કરીને જીવ્યા. પોતાના પરિવારના મોભી ને સ્વજનો ગુમાવનારા લોકોએ માનસિક યાતના તો ભોગવી જ, પણ બીજો સંઘર્ષ પણ ભોગવ્યો ને સામે સજ્જન કુમાર સત્તા ભોગવતા રહ્યા, એ જોતાં સજ્જનને થયેલી સજા ન્યાયની મજાક હતી. અત્યારે તો સજ્જન ઑલરેડી જેલમાં છે ને મરવાના વાંકે જીવી રહ્યા છે ત્યારે ગમે તેટલી સજાઓ થાય તોપણ કોઈ ફરક પડતો નથી. ૧૯૮૪નાં રમખાણોનાં બે-ચાર વર્ષમાં સજા થઈ હોત તો એ ન્યાય મળ્યો ગણાત, પણ આ ન્યાય નથી. જેમણે પોતાનાં સ્વજનો ગુમાવ્યાં એ લોકોમાંથી મોટા ભાગનાની ઉંમર ઢળી રહી છે. બાળકો પ્રૌઢ બની ગયાં છે ને યુવાન ઘરડાં બની ગયાં છે. ૩૫ વર્ષથી લોહીનાં આંસુ વહાવીને ને ફૂટેલાં કરમોને રડીને આંસુ પણ સૂકાઈ ગયાં છે ત્યારે હવે કોઈને સજા થાય કે ના થાય, તેનો બહુ હરખશોક નહીં હોય. ઘણા લોકો તો ન્યાયની રાહ જોતાં જોતાં ગુજરી પણ ગયાં છે.

શીખવિરોધી રમખાણો આ દેશ માટે બહુ મોટું કલંક છે અને રાજકારણીઓ ન્યાયતંત્રને કેવું મજાકરૂપ બનાવી શકે છે તેનો નાદાર નમૂનો છે. ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી તેના બીજા દિવસે એટલે કે ૧ નવેમ્બરે દિલ્હી સહિત દેશના ઘણા ભાગોમાં શીખવિરોધી રમખાણો ફાટી નીકળ્યાં. સત્તાવાર રીતે એ વખતે ફક્ત દિલ્હીમાં જ લગભગ ૨૭૦૦ લોકો માર્યા ગયા હતા. દેશભરમાં મૃત્યુઆંક ૩,૫૦૦ની નજીક હતો ને આ હત્યાકાંડ કૉંગ્રેસના નેતાઓના ઈશારો કરાયો હતો.

ઈન્દિરાની હત્યા પછી થયેલી લોકસભાની ચૂંટણીમાં રાજીવ ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસને ૪૧૩ બેઠકોની થમ્પિંગ મેજોરિટી મળી હતી તેથી પાંચ વર્ષ સુધી તો કૉંગ્રેસના નેતાઓને હાથ લગાડવાનો પણ પ્રશ્ન જ નહોતો, પણ અટલ બિહારી વાજપેયીની સરકાર આવી પછી છેક મે ૨૦૦૦માં રમખાણોની તપાસ માટે જીટી નાણાવટી કમિશનની રચના કરવામાં આવી ત્યારે આ રમખાણોના કેસોમાં અસલ કાર્યવાહી શરૂ થઈ, ૨૪ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ સીબીઆઈએ નાણાવટી કમિશનની ભલામણ પર પહેલો કેસ નોંધ્યો. હત્યાકાંડનાં ૨૦ વર્ષ પછી કેસ નોંધાય તેના કરતાં વધારે શરમજનક શું કહેવાય?

કૉંગ્રેસે આ રમખાણો માટે કદી અફસોસ વ્યક્ત ના કર્યો. રમખાણોનાં ૨૧ વર્ષ પછી વડા પ્રધાન મનમોહનસિંહે સંસદમાં માફી માંગીને કહેલું કે, ૧૯૮૪માં જે કંઈ પણ થયું તેનાથી તેમનું માથું શરમથી ઝૂકી જાય છે. આ માફી પણ એક શીખ વડા પ્રધાને માગેલી માફી હતી, બાકી કૉંગ્રેસ તો ચૂપ જ હતી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨૭–૨–૨૦૨૫,દર્શ અમાવસ્યા, દ્ધાપર યુગાદિ

- ભારતીય દિનાંક ૮, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૫–૪૩ સુધી પછી શતભિષા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧–૩૧, મધ્યરાત્રે ક. ૦૦–૦૭
- ઓટઃ સાંજે ક. ૧૬–૩૬, મધ્યરાત્રિ પછી ક. ૬–૧૬ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – અમાવસ્યા. અમાવસ્યા ક્ષયતિથિ છે. દર્શ અમાવસ્યા, દ્ધાપર યુગાદિ, અન્વાધાન, માઘી માસમ (દક્ષિણ ભારત), શનિ પશ્ચિમાસ્ત, પંચક, બુધ મીનમાં રાત્રે ક. ૨૩–૪૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, તીર્થમાં સ્નાન, તર્પણ, શ્રાદ્ધ, નારાયણ બલિ, મંગળ–ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, વસુ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ અભિષેક પૂજા,બગીચાનું કામકાજ, નિત્ય થતાં દુકાન, વેપાર, નોકરીનાં કામકાજ, ધાન્ય વેચવું, બી વાવવું, ખેતીવાડીનાં કામકાજ, વૃક્ષ રોપવાં.
- આચમનઃ સૂર્ય–ચંદ્ર યુતિ આરોગ્ય માટે પ્રતિકૂળ, ચંદ્ર–શુક્ર અર્ધચતુષ્કોણ કુટુંબમાં જવાબદારી આવી પડે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–ચંદ્ર યુતિ (માઘ અમાસ યોગ) (તા. ૨૮), ચંદ્ર–શુક્ર અર્ધ ચતુષ્કોણ, શનિ પશ્ચિમમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, માર્ગી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# માનવ લાગણીઓને ઉત્તેજનઃ ઈસ્લામને ઉમ્મત સમજશે ક્યારે?

**ઈસ્લામ** ઈન્સાનિયતના સ્તંભ પર નિર્માણ પામેલો વિશ્વ ધર્મ છે. ગુજરાતીમાં એક બોધ આપનારી ઘણી જ પ્રચલિત ઉક્તિ છે કે, માનવતા એ જ ધર્મનું મૂળ છે. ઈન્સાનિયત – માનવતા વગરનો કોઈપણ સમાજ હોઈ શકે નહીં.

* જીવ માત્ર સાથે હેત અને પ્રેમ મહોબ્બતથી પેશ આવો.

–એ જ પ્રમાણે

દીને ઈસ્લામ તેની ઉમ્મત – પ્રજા – અનુયાયીઓને હિદાયત – ધર્મજ્ઞાન આપે છે કે સૌ સાથે દયા દાખવો. દયા ઈબાદતનો એક અતિ મહત્ત્વનો ભાગ છે. દયા – કરૂણા વિનાની ઈબાદત શકય નથી.

જો કે દુઃખ સાથે એક સનાતન સત્યની નોંધ લેવી પડે છે કે ઈસ્લામના ઈન્સાનિયત પ્રેરિત સિદ્ધાંતો – બોધ વાસ્તવિક સ્વરૂપે લોકો સામે આજે ૧૪૫૦ વર્ષ પછી પણ આવ્યા નથી.

– અસંખ્ય ફિરકા, સમાજ, જમાતમાં વહેચાયેલા મુસ્લિમો આયતો – કથનોના મનફાવતા અર્થઘટનો કરી દીને ઈસ્લામને વેરવિખેર કરી નાખવા નિમિત્ત બની રહ્યા છે.

– દુનિયાના દેશોમાં બની રહલી ઘટનાઓના કારણે ધારી લેવામાં આવે છે કે તે હિંસાનો – જડ માન્યતાનો ધર્મ છે. પરંતુ મૂળ સત્ય સાવ જુદું જ છે. મારામારી, ખુનરેજી, યુદ્ધ જેવી બાબતો અંગે ઈસ્લામે તેના અનુયાયીઅને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, તમારા તરફથી કદી પહેલો હુમલો કરશો નહીં. તમારા પર સામેવાળાનો હુમલો થાય ત્યારે જવાબરૂપે તમારા રક્ષણાર્થે સ્વબચાવ કરી શકો છો...! આ આદેશમાં ઈસ્લામે અહિંસાનું જ સમર્થન કર્યું છે. જો બચાવ કરવાની પણ તેણે ના પાડી હોત તો માનવીની બદલો લેવાની મૂળભૂત લાગણીને ફટકો પડતે અને તેમાંથી નબળાઈ; કાયરતા જન્મે તે ઈસ્લામને નાપસંદ છે. ઈસ્લામે કદી માનવ લાગણીઓને કચડી નથી. દરેક ક્ષેત્રમાં સમતોલપણું જાળવ્યું છે અને એટલે જ તેને સંપૂર્ણ જીવન વ્યવસ્થા કહેવામાં આવે છે. ઈસ્લામના ઉદય સમયે પયગંબર હઝરત મુહંમ્મદ સલ્લલ્લાહો અલૈયહિ વસ્સલ્લમને બે કે ત્રણ યુદ્ધો લડવા પડેલા અને તે દરેક વખતે દુશ્મનો તરફથી જ હુમલા થયા હતા. નબી સલ.મે પોતાના સાથીઓની મદદથી બચાવમાં જવાબ આપ્યો હતો, પરંતુ સાથે સાથે મુસ્લિમોને યુદ્ધની આચારસંહિતા પણ ઘડી આપી કે યુદ્ધ સમયે મહિલાઓ, બાળકો, વૃદ્ધોનું રક્ષણ કરવું; યુદ્ધના મેદાનમાં જાનવરો, ઝાડપાન અને પર્યાવરણને કશું નુકસાન થાય નહીં તેની કાળજી રાખવી. હુમલા દરમિયાન જેટલા ભાગ પરના વિસ્તાર પર નુકસાન થયું હોય તેટલા હિસ્સા પર ન છૂટકે સ્વબચાવરૂપે જ નુકસાન પહોંચાડવું.

બોધઃ

* માનવતાને અગત્યનું લેખતા અને

* માનવ લાગણીઓને આચાર, વિચાર, વર્તન, વ્યવહારમાં અગત્યનું સ્થાન આપતા

* વિશ્વના અન્ય ધર્મો પૈકીનો એક મઝહબે ઈસ્લામ છે. તેને અનુસરનારાને જ 'મોમીન' અર્થાત્ એક સાચો, આજ્ઞાપાલન કરનારો મુસલમાન; અલ્લાહનો સાચો બંદો કહેવામાં આવે છે.

એક હી સફ મેં ખડે હો ગયે
મહમૂદ–ઓ–અયાઝ,
ન કોઈ બંદા રહો
ન કોઈ બંદાનવાઝ...

ભાવાર્થઃ એક જ પંગતમાં નાના–મોટા, ગરીબ – શ્રીમંત સૌ હારબંધ ઊભા રહે છે, કોઈ પણ ભેદભાવ વગર. સૌ એક સમાન.

આ જગતમાં અનેક દેશો અસ્તિત્વ ધરાવે છે અને જે તે દેશ – રાજ્યની ભાષા – રહેણીકરણી જુદી જુદી છે. ધર્મ પણ જુદા જુદા છે પણ સૌની બુનિયાદ ઈન્સાનિયતના નિયમો પર રચાય છે. તે ધર્મો પૈકીનો એક ધર્મ જે સંખ્યાની દૃષ્ટિએ પણ સૌથી મોટા ઈસાઈ ધર્મની લગોલગ આવી ઊભો રહી ગયો છે, તે દીને ઈસ્લામનો પાયો પણ ઈન્સાનિયત પર, માનવતાને મદ્દેનઝર રાખી સ્થપાયો છે.

'ઈસ્લામ' નામનો અર્થ અમન – શાંતિ થાય છે. આ નિયમોથી વિપરીત કાર્ય કરનાર ભલે નામે મુસલમાન હોય પણ તે મોમીન અર્થાત્ સાચો અને કર્મે મુસલમાન નથી.

દીને ઈસ્લામનું ઓજસ, નૂર અર્થાત્ આભા સૌ કોઈને પ્રકાશિત કરે છે. સામાન્ય ભાષામાં આપણે જેને ચમત્કાર કહીએ છીએ તેને ઈસ્લામમાં 'મોજીઝા' તરીકે સંબોધવામાં આવે છે. દીને ઈસ્લામમાં એક લાખ અને ચોવીસ હજાર જેટલા નબીઓ (અલ્લાહના સંદેશવાહકો) થઈ ગયા. ખુદાવંદે કરીમના પયગામને સમજાવતી વખતે આ પયગંબરો પાસે લોકો મોજીઝાની માગણી કરતા, પરંતુ આખરી પયગંબર મહાન સુધારક હઝરત મુહંમ્મદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લમ આ ધરતી પર રહેમત (કૃપા) બનીને પધાર્યા ત્યારે આપે પોતાના મુબારક જીવનને જ એક મોજીઝો બનાવી, જાહિલ આરબોના દિલ જીતી લીધા અને સન્માર્ગનો એવો રાહ – એવો માર્ગ ચિંધ્યો કે હૃદય બાગબાગ થઈ ગયું. માત્ર વહેદા નિયતને (ઈશ્વર એક હોવાનું) પૂરવાર કરવા માટે જ મોજીઝાનો ઉપયોગ કરવા ખુદાવંદે કરીમનો હુકમ હોઈ, ઈસ્લામ ધર્મની સફળતાનો આધાર માત્ર મોજીઝા નહીં પરંતુ આપ હુઝૂરે અનવરના ૬૩ વર્ષની મહામુલી જિન્દગીનો ચમત્કાર છે. આપનું જીવન જ મોજીઝો હતું – છે, અને કયામત લગી રહેશે.

એક અલ્લાહના સંદેશને લોકોના ગળે ઉતારવા પયગંબરોને વર્ષોના વર્ષ સુધી ઝઝૂમવું પડ્યું, અનેક કષ્ટો અને મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડ્યો; છતાં ધાર્યા પરિણામમાં સફળતા મળી નહીં, ત્યારે અલ્લાહના મહબુબનું આ ધરતી પર આગમન થતાં એવો મોજીઝો થયો કે આ વિશ્વના અણુએ અણુમાં અલ્લાહ અને રસુલ્લાહનું પવિત્ર નામ સમગ્ર વાતાવરણમાં ગુંજવા લાગ્યું અને કયામત – મૃત્યુલોક સુધી ગુંજતું રહેશે. આવી મહાન આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિ લાવનાર હુઝુરની મહાનતાને ઓળખીએ નહીં ત્યાં સુધી ઈસ્લામને સમજી શકાય નહીં.

વ્હાલા વાચકો બિરાદરો,

મહાન સુધારક પયગંબરે ઈસ્લામના પવિત્ર જીવન અને વ્યક્તિત્વ વિશેનાં અનેક પુસ્તકો લગભગ દુનિયાની દરેક ભાષામાં પ્રગટ થયા છે.

* આપ હુઝુરે અનવરના ગુણગાન માત્ર મુસ્લિમ વિદ્વાનો – જ્ઞાનિઓએ જ નથી ગાયા પરંતુ પશ્ચિમી રાષ્ટ્રો અને બીજા ધર્મોના લેખકો – સાહિત્યકારો – શિક્ષણશાસ્ત્રીઓએ પણ આપની સર્વોપરિતાના વખાણ કર્યા છે, વિશ્વની મહાન વિભૂતિ તરીકે ઓળખાવ્યા છે.

***

### સાપ્તાહિક સંદેશ

ગુનાહોથી બચવા માટે મૌતને યાદ કરતા રહો.

* કબ્રસ્તાન જાવ છો, ત્યાં મરનારની નમાઝે મય્યત પડો છો,

* કબરમાં દફન કરો છો ત્યારે વિચાર કરો કે–

* મરનારને કેવી કેવી આશાઓ હતી,

* કેવી કેવી ઉમ્મીદો હતી

– આ તમામે તમામ

* આશા અને

* આરઝૂ – દિલી ઈચ્છા રાખો

– મૌત આવી, અને એક ઘડીમાં માટીમાં મળી ગઈ, ખાખ થઈ ગઈ.

– આથી મૌતને હરઘડી, હરપળ, યાદ રાખજો. ■

# મહાકુંભના છેલ્લા દિવસે ૧.૩૨ કરોડ લોકોએ સ્નાન કર્યું

મહાકુંભ નગરઃ મહાકુંભના છેલ્લા દિવસે મહાશિવરાત્રિના ૧.૩૨ કરોડ લોકોએ સંગમ સ્થળે પવિત્ર સ્નાનનો આનંદ લીધો હતો. આ સાથે જ ૪૫ દિવસમાં કુલ ૬૬ કરોડ લોકોએ સ્નાનનો વિક્રમ નોંધાવ્યો હતો.

દુનિયાનો સૌથી મોટો મેળો ગણાતો મહાકુંભ મેળો બુધવારે પૂર્ણ થયો હતો. મહાકુંભની શરૂઆત ૪૫ દિવસ અગાઉ થઇ હતી. મહાકુંભના અંતિમ દિવસે શિવરાત્રીના શુભ અવસર પર ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતીના સંગમમાં આસ્થાની ડૂબકી લગાવવા લાખો ભક્તો ઉમટ્યા હતા.

એક તરફ મહાકુંભમાં કરોડો લોકોએ એ વિશ્વાસ સાથે ડૂબકી લગાવી હતી કે તેમના તમામ પાવ ધોવાઇ જશે તો બીજી તરફ મહાકુંભમાં થયેલી ભાગદોડની ઘટનાએ પણ લોકોને દુઃખી કરી દીધા હતા. આ ભાગદોડની ઘટનામાં ઓછામાં ઓછા ૩૦ લોકોનાં મોત થયાં હતાં. માત્ર સંગમ પર જ નહીં પરંતુ ઉત્તર ભારતના સ્ટેશનો અને બસ સ્ટેન્ડ પર પણ લોકોની ભારે ભીડ જોવા મળી હતી. મહાકુંભ દરમિયાન ગંગા નદીનાં પાણીની શુદ્ધતા અને ભક્તોની સંખ્યાને લઇને અનેક રાજકીય વિવાદો છવાયેલા રહ્યા હતા. ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યા અનુસાર, ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬૪.૭૭ કરોડ લોકો પ્રયાગરાજ આવી ચૂક્યા છે. આ સંખ્યા ચીન અને ભારત સિવાયના તમામ દેશોની વસ્તી કરતાં પણ વધુ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ટોચના પ્રધાનો અને ફિલ્મ સ્ટાર્સએ પણ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી હતી.

આ શ્રદ્ધાળુઓ મેળાવડો હતો, પરંતુ તે લોકોને પણ રસ હતો જેઓ પૌરાણિક કુંભમાં રસ રાખતા હતા. જ્યાં ધર્મ સંસ્કૃતિ સાથે મળે છે, જ્યાં આધ્યાત્મિકતા અને પરંપરાનો મેળ હોય છે અને જ્યાં આ વખતે એઆઇ અને આધુનિક ટેક્નોલોજી દેવતાઓ અને ચમત્કારોની પ્રાચીન વાર્તાઓ સાથે ભળી ગઈ છે. ગ્રહોની સ્થિતિ પણ સારી હતી. નિષ્ણાતોનો દાવો હતો કે આ આયોજન દરમિયાન ખગોળિય પરિવર્તન અને સંયોજન ૧૪૪ વર્ષ બાદ થયું છે.

મહાકુંભ મેળામાં અભૂતપૂર્વ સુરક્ષા ઉપાયો જોવા મળ્યા હતા જેમાં એન્ટી ડ્રોન સિસ્ટમ અને એઆઇ સક્ષમ કેમેરાનો સમાવેશ થાય છે, જે આ કાર્યક્રમ માટે સ્થાપિત ઉત્તર પ્રદેશના ૭૬મા જિલ્લા મહાકુંભ નગરમાં દેખરેખ રાખી રહ્યા હતા. આ મેળો ૪૦ હેક્ટરમાં ફેલાયેલો હતો અને છેલ્લા છ અઠવાડિયાથી તમામ ગતિવિધિઓ પર ૨૪ કલાક નજર રાખવામાં આવી રહી હતી. પ્રવાસીઓ અને યાત્રાળુઓ ઘરે પાછા ફરવા લાગ્યા અને ત્યારે ઘણા લોકો કુંભ સમાપ્ત થાય તે પહેલાં સ્નાન કરવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. શ્રદ્ધાળુ હિન્દુઓ માને છે કે સંગમમાં પવિત્ર સ્નાન કરવાથી 'મોક્ષ' અથવા મુક્તિ મળે છે.

પ્રયાગરાજમાં પડાવ નાખીને રહેતા ઋષિકેશના પરમાર્થ નિકેતન આશ્રમના અધ્યક્ષ ચિદાનંદ સરસ્વતીએ પીટીઆઇને જણાવ્યું હતું કે 'મારા મતે મહાકુંભ ત્યારે જ સમાપ્ત થશે જ્યારે અંતિમ શ્રદ્ધાળુ સંગમમાં ડૂબકી લગાવી દેશે.' દર ૧૨ વર્ષે યોજાતા મહાકુંભમાં ભારતની પ્રાચીન આધ્યાત્મિક પરંપરાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં અખાડાઓ અને ભસ્મ લગાવી હોય તેવા નાગા સાધુઓની ભવ્ય શોભાયાત્રાઓથી લઈને આધુનિક ટેક્નોલોજી પ્રેમી હોય તેવા બાબાઓ પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

અખાડાના સાધુઓએ કુલ છ સ્નાનોમાંથી ત્રણમાં સ્નાન કર્યું જેને અમૃત સ્નાન તરીકે ઓળખવામાં આવે છે. મકર સંક્રાંતિ (૧૪ જાન્યુઆરી), મૌની અમાવસ્યા (૨૯ જાન્યુઆરી) અને વસંત પંચમી (૩, ફેબ્રુઆરી) હતા. મહાશિવરાત્રીનું સ્નાન અંતિમ સ્નાન હતું. અન્ય બે પૌષ પૂર્ણિમા (૧૩ જાન્યુઆરી) અને મહા પૂર્ણિમા (૧૧ ફેબ્રુઆરી) હતા. ૨૯ જાન્યુઆરીના રોજ બીજા અમૃત સ્નાન દરમિયાન ભાગદોડની ઘટના બની હતી. સંગમ પાસે ભાગદોડમાં ઓછામાં ઓછા ૩૦ લોકોનાં મોત થયાં હતાં. આ મામલે વિપક્ષે સરકારની ટીકા કરી હતી.

ગંગાનાં પાણીની ગુણવત્તા અંગે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રિપોર્ટને લઇને વિવાદ પેદા થયો હતો. લાખો લોકોએ જે સંગમમાં સ્નાન કર્યું તે પાણીમાં ફેકલ બેક્ટિરીયા અને ટોટલ કોફીફોર્મની માત્રા વધુ હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો હતો. જોકે મુખ્યપ્રધાન આદિત્યનાથે દાવાઓને ફગાવી દીધા હતા. મહાકુંભ મેળા દરમિયાન લગભગ અડધો ડઝન જેટલી આગની ઘટનાઓ બની હતી. ચીફ ફાયર ઓફિસર પ્રમોદ શર્માએ કહ્યું કે '૫૦ જેટલા ફાયર સ્ટેશન, ૨૦ ફાયર પોસ્ટ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે હંમેશા સ્ટેન્ડબાય પર હતા.'

# નીતીશકુમારે પ્રધાનમંડળમાં ભાજપનાં સાત પ્રધાન ઉમેર્યા

પટણાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશકુમારે બુધવારે સાથીપક્ષ ભાજપનાં સાત પ્રધાનને પ્રધાનમંડળમાં સ્થાન આપ્યું હતું. આ સાથે જ રાજ્ય પ્રધાનમંડળનું કદ વધીને ૩૬નું થઈ ગયું હતું. ૨૪૩ સભ્યની વિધાનસભામાં પ્રધાનમંડળના કદની સર્વાધિક મર્યાદા ૩૬ સભ્યની જ છે. આ વર્ષના અંતે બિહાર વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

ગવર્નર આરિફ મોહમ્મદ ખાને પ્રધાનમંડળના તમામ સભ્યોને શપથગ્રહણ કરાવ્યા હતા.

પ્રધાનમંડળમાં નવા ઉમેરવામાં આવેલા સભ્યોમાં જિબેશકુમાર સહિતના સભ્યોનો સમાવેશ થાય છે. જિબેશકુમાં ઑગસ્ટ ૨૦૨૨ સુધી રાજ્ય પ્રધાનમંડળના સભ્ય હતા. ભાજપ જેડી (યુ)ને તોડવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનો આક્ષેપ કરી તત્કાલિન મુખ્ય પ્રધાને અચાનક જ એનડીએ સાથે છેડો ફાડ્યો તે સમયે જિબેશકુમાર પ્રધાનમંડળના સભ્ય હતા.

પ્રધાનમંડળમાં ઉમેરવામાં આવેલા અન્ય સભ્યોમાં દરભંગાથી પાચમી વખત વિધાનસભ્ય બનેલા સંજય સરોગી, બિહાર શરીફનું પ્રતિનિધિત્વ કરી રહેલા સુનિલકુમાર, જેડી (યુ)ના ભૂતપૂર્વ પ્રધાન રાજુકુમાર સિંહ, સરણ જિલ્લાના અમનોરના વિધાનસભ્ય કૃષ્ણકુમાર મન્ટુ, અરારિયા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા વિજયકુમાર મંડલ, સીતામઢીના રિગાના વિધાનસભ્ય મોતીલાલ પ્રસાદનો સમાવેશ થાય છે.

પક્ષપ્રમુખ જે. પી. નડ્ડાના અધ્યક્ષપદ હેઠળ મળેલી પક્ષના ટોચના નેતાઓની બેઠકના એક દિવસ બાદ કરવામાં આવેલા પ્રધાનમંડળના વિસ્તરણમાં ભાજપે કાળજીપૂર્વકની ગણતરી રાખી છે.

બે નવા પ્રધાન જિબેશકુમાર (ભૂમિહાર) અને રાજુકુમાર સિંહ (રાજપૂત) ઉચ્ચ વર્ણમાંથી આવે છે. બિહારમાં આ કોમની વસતી કુલ વસતીના દસ ટકા જેટલી છે અને દાયકાઓથી આ કોમના મતદારો ભાજપને વફાદાર રહ્યા છે. આ ઉપરાંત સુનિલકુમારને બાદ કરતા તમામ પ્રધાન ગંગાના ઉત્તરીય વિસ્તારના છે જ્યાં એનડીએનું પ્રદર્શન પ્રતિસ્પર્ધી રાજદ, કૉંગ્રેસ અને ડાબેરી પક્ષો કરતાં કાયમ સારું રહ્યું છે.

એક વ્યક્તિ, એક હોદ્દાની પક્ષની નીતીનું કારણ આગળ ધરી ભાજપના રાજ્ય એકમના પ્રમુખ તેમ જ રેવેન્યુ અને લૅન્ડરિફોર્મ ખાતાના ભૂતપૂર્વ પ્રધાન દીલિપ જયસ્વાલે પ્રધાનમંડળની બેઠક ખાલી કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું. (એજન્સી)

# થાઈલૅન્ડમાં બસ અકસ્માતઃ ૧૮નાં મોત, ૩૧ ઘાયલ

બૅંગકોકઃ પૂર્વ થાઈલૅન્ડમાં બુધવારે વહેલી સવારે એક સરકારી બસ દુર્ઘટનાગ્રસ્ત થતાં ઓછામાં ઓછાં ૧૮ જણનાં મોત થયા હોવા ઉપરાંત ૩૧ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

બસ ઉત્તર થાઈલૅન્ડથી રાયૉન્ગ પ્રાન્ત જઈ રહી હતી ત્યારે રાત્રિ પ્રવાસ દરમિયાન આ ઘટના બની હતી.

ઘટનાને મામલે તપાસ યોજવાની અને સુરક્ષાના ધોરણો જળવાય તેની ખાતરી કરવા તમામ સરકારી વાહનોનું પરીક્ષણ કરવા અમે પોલીસનો સહકાર લઈશું, એમ પરિવહન ખાતાએ કહ્યું હતું. થાઈલૅન્ડમાં રોડ સુરક્ષા સૌથી મોટી સમસ્યા છે. રોડ સુરક્ષાને મામલે થાઈલૅન્ડ વિશ્વમાં નવમા સ્થાને છે.

અગાઉ ગયા વર્ષના ઑક્ટોબરમાં વિદ્યાર્થીઓને પર્યટન માટે લઈ જઈ રહેલી બસમાં લાગેલી આગમાં શિક્ષક અને ૨૩ વિદ્યાર્થીનાં મોત થયાં હતાં. ડિસેમ્બર ૨૦૨૩માં અન્ય એક બસ અકસ્માતમાં ૧૪ જણનાં મોત થયાં હતાં. (એજન્સી)

# ઝારખંડના હઝારીબાગમાં ધ્વજારોપણને મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ

હઝારીબાગ (ઝારખંડ)ઃ ઝારખંડના હઝારીબાદ જિલ્લામાં બુધવારે મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે ધ્વજારોપણ અને લાઉડસ્પિકર લગાડવાને મામલે બે જૂથ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં અનેક લોકો ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું.

ધાર્મિક ધ્વજ લગાડવાનો તેમ જ ડૂમરા ગામની સ્કૂલની સામે લાઉડસ્પિકર લગાડવાનો એક જૂથે વિરોધ કરતાં બંને જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી.

બંને જૂથના સભ્યોએ એકમેક પર ઈંટ અને પથ્થરોથી હુમલો કર્યો હતો તેમ જ અનેક દ્વિચક્રી વાહનોને આગ ચાંપી હતી.

પહેલા પાનાનું ચાલુ

## સુદાનનું લશ્કરી વિમાન

ઉપરાંત નાગરિકોનાં પણ મોત થયાં હોવાનું તેમણે કહ્યું હતું. જોકે દુર્ઘટનાનું કારણ જાણી શકાયું નહોતું.

વિમાન નિવાસી વિસ્તારમાં તૂટી પડ્યું હોવાને કારણે અનેક નાગરિકોનાં મોત થયાં હતાં. સેના અને સંસદીય જૂથ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે વર્ષ ૨૦૨૩થી સુદાનમાં આંતરવિગ્રહ ચાલી રહ્યો છે. સુદાનમાં ઠેર ઠેર સામૂહિક બળાત્કાર, વંશીય હત્યા, માનવતાવિરોધી ગુનાઓ થઈ રહ્યા હોવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘ અને આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર સંસ્થાનું કહેવું છે. તાજેતરના મહિનાઓમાં આ આંતરવિગ્રહે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. (એજન્સી)

# વિવાદાસ્પદ ટિપ્પણી કરીને મેં 'ભૂલ' કરી: અલાહાબાદિયાની કબૂલાત

મુંબઈ: પ્રસિદ્ધ પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ કોમેડી શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં માતા-પિતાને ઉદ્દેશીને કરેલા બીભત્સ સવાલ બાદ ગુનો નોંધવામાં આવતાં મહારાષ્ટ્ર સાયબર પોલીસ સમક્ષ હાજર થયેલા અલાહાબાદિયાએ કબૂલ્યું હતું કે વિવાદાસ્પદ ટિપ્પણી કરીને તેણે 'ભૂલ' કરી હતી.

અલાહાબાદિયાએ વડીલો અને સેક્સ સંબંધી અશ્લીલ ટિપ્પણી કરતાં વિરોધનો વંટોળ ઊભો થયો હતો. આ મામલે ખાર પોલીસ અને મહારાષ્ટ્ર સાયબર તપાસ કરી રહી છે. સાયબર પોલીસે તો આ પ્રકરણે એફઆઈઆર પણ નોંધ્યો હતો.

સોમવારે અલાહાબાદિયા અને યુટ્યૂબર આશિષ ચંચલાની તેમનાં નિવેદન નોંધાવવા મહારાષ્ટ્ર સાયબરના અધિકારીઓ સમક્ષ હાજર થયા હતા. નિવેદનમાં અલાહાબાદિયાએ જણાવ્યું હતું કે યુટ્યૂબના શોમાં વિવાદાસ્પદ કમેન્ટ્સ કરીને તેણે ભૂલ કરી હતી, જેને કારણે તેની સખત ટીકા થઈ હતી.

શો દરમિયાન અમુક ચોક્કસ શબ્દોનો ઉપયોગ કર્યો એ તેની ભૂલ હોવાની કબૂલાત અલાહાબાદિયાએ કરી હતી.

અલાહાબાદિયાએ અધિકારીઓને જણાવ્યું હતું કે સમય રાઈના તેનો મિત્ર છે અને તે માત્ર તેના માટે શોમાં ગયો હતો. શોમાં જવા માટે કોઈ આર્થિક લાભ લીધો ન હોવાનો દાવો પણ તેણે કર્યો હતો.

આ મામલે મહારાષ્ટ્ર સાયબરે મંગળવારે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર અપૂર્વા મખિજાનું પણ નિવેદન નોંધ્યું હતું. આ પ્રકરણમાં અભિનેત્રી રાખી સાવંતને પણ ૨૭ ફેબ્રુઆરીએ નિવેદન નોંધાવવા હાજર રહેવાના સમન્સ મોકલાયા હતા. (પીટીઆઈ)■

# કચ્છના વેપારીનું અપહરણ કરી પુત્ર પાસે ૬૫ લાખની ખંડણી માગી: ત્રણ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કચ્છથી મુંબઈ આવવાના નીકળેલા કાપડના વેપારીનું કથિત અપહરણ કરી પુત્ર પાસેથી ૬૫ લાખ રૂપિયાની ખંડણી માગવાના કેસમાં પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી વેપારીનો છુટકારો કરાવ્યો હતો. આરોપીઓએ પચીસ લાખ રૂપિયા મલાડના આંગડિયા મારફત મોકલાવવાની સૂચના આપી હતી. પોલીસ આ કેસમાં આંગડિયાની પણ તપાસ કરશે.

વાકોલા પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રાધેશ્યામ મેવાલાલ સોની (૩૦), સતીશ નંદલાલ યાદવ (૩૩) અને ધર્મેન્દ્ર રામપતિ રવિદાસ (૪૦) તરીકે થઈ હતી. ત્રણેય આરોપી મલાડ, કાંદિવલી અને ગોરેગામના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર કચ્છના ભચાઉ તાલુકામાં રહેતા કાપડના વેપારી કેશવજી ચૌધરી (૬૦) વ્યવસાય નિમિત્તે સમયાંતરે મુંબઈ આવતા હોય છે. મુંબઈમાં સાંતાક્રુઝ પૂર્વમાં રહેતા પુત્ર મહેશકુમાર ચૌધરીના ઘરે ઘણી વાર રોકાતા હોય છે.


અધિકારીએ જણાવ્યું હતું કે કેશવજીભાઈ મુંબઈ આવવા માટે ૨૦ ફેબ્રુઆરીની રાતે કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં બેઠા હતા. બીજે દિવસે સાંજે પત્નીએ ફોન કર્યો તો કેશવજીભાઈનો મોબાઈલ સ્વિચ ઑફ આવતો હતો. બીજી તરફ મહેશે કૉલ કરતાં પિતાનો સંપર્ક થયો નહોતો.

જોકે બાદમાં કેશવજીના મોબાઈલ પરથી પુત્રને કૉલ આવ્યો હતો અને ૬૫ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. પચીસ લાખ રૂપિયા તાત્કાલિક મલાડના આંગડિયા મારફત મોકલાવવાનું કહીને આરોપીએ આંગડિયાનું નામ અને મોબાઈલ નંબર સુધ્ધાં આપ્યા હતા. રૂપિયા ન મળે તો ચાકુ હુલાવી પિતાની હત્યા કરવાની ધમકી આરોપીએ આપી હતી.

આ પ્રકરણે મહેશે વાકોલા પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીને કાંદિવલીમાં ટ્રેસ કર્યો હતો. કાંદિવલીના લાલજી પાડા ખાતેથી સોનીને તાબામાં લેવાયો હતો. સોનીએ આપેલી માહિતી પરથી રામ મંદિર સ્ટેશન નજીકની એક ઈમારતમાં પોલીસની ટીમ પહોંચી હતી. ઈમારતના ફ્લૅટમાંથી બન્ને આરોપીને પકડી પાડી વેપારીનો છુટકારો કરાવ્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.■

# 'બરફનાં પંખી' કાવ્યસંગ્રહના રચયિતા અનિલ જોશીની ૮૪ વર્ષની વયે વસમી વિદાય

## મહાશિવરાત્રિના દિને સાહિત્યજગતને મોટી ખોટ



મુંબઈ: 'મને પાનખરની બીક ન બતાવો' અને 'સ્ટેચ્યુ' નિબંધ સંગ્રહ માટે સાહિત્ય એકેડેમી એવોર્ડ જેમને પ્રાપ્ત થયો હતો તેમ જ ૧૯૭૦માં 'કદાચ' અને ૧૯૮૧માં 'બરફનાં પંખી' નામના કાવ્યસંગ્રહ આપનારા કવિ અનિલ જોશીનું ૮૪ વર્ષની વયે લાંબી માંદગી બાદ મહાશિવરાત્રિના મહાપર્વના દિને નિધન થયું હતું. તેમના નિધનથી સાહિત્યજગતને મોટી ખોટ સાલશે. તેમના નિધનની જાણ તેમના દીકરા સંકેત જોશીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આપી હતી.

'હવે ખુલ્લા આકાશ નીચે ઊભો છું', આ એમની છેલ્લી કવિતા. બાવીસ દિવસ પહેલાં જ્યારે ૨૧મી ફેબ્રુઆરીએ લગભગ બે અઠવાડિયાં હૉસ્પિટલમાં આઈસીયુમાં ગાળ્યા બાદ તેઓ જ્યારે બહાર ઊભા હતા ત્યારે તેમની પેનમાંથી આ શબ્દો સરી પડ્યા હતા.

અનિલ જોશી સૌરાષ્ટ્રના ગોંડલના વતની હતા. સૌરાષ્ટ્રના ગોંડલમાં જન્મેલા અનિલ જોશીએ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ ગોંડલ અને મોરબીમાં લીધું. અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાંથી ૧૯૬૪માં ગુજરાતી તથા સંસ્કૃત વિષયો સાથે બી.એ. થયા. ૧૯૬૨થી ૧૯૬૯ દરમિયાન હિંમતનગર અને અમરેલીમાં શિક્ષક રહેલા. પછી મુંબઈમાં 'કૉમર્સ'ના તંત્રી વાડીલાલ ડગલીના અંગત સહાયક તરીકે ૧૯૭૧થી ૧૯૭૬ સુધી સેવાઓ આપી. ૧૯૭૬-૭૭માં ત્યાં જ પરિચય ટ્રસ્ટમાં સહસંપાદક રહેલા જોશીના 'બોલપેન', 'દિવસને અંધારું છે' વગેરે નિબંધ સંચયો પણ ગુજરાતી વાચકોએ માણ્યા છે.

અનિલ જોશીએ જે વાર્તાઓ લખી એ 'અનિલ જોશીની વાર્તાઓ'ના નામે પ્રકાશિત થઈ છે. અનિલ જોષીના જાણીતા નિબંધ સંગ્રહમાં ટોચ પર ૧૯૮૮માં પ્રકાશિત 'સ્ટેચ્યુ' નિબંધ સંગ્રહ આવે. ૧૯૮૮માં જ તેમનો બીજો નિબંધ સંગ્રહ 'પવનની વ્યાસપીઠ' છે. તેમના અન્ય સર્જનમાં 'જળની જન્મોત્રી', 'ઓરાં આવો તો વાત કરીએ', 'ઊર્મિનો ઓછવ', 'બોલપેન', 'દિવસનું અંધારું' મુખ્ય છે. જીવન સંધ્યાએ અનિલ જોશીએ વર્ષ ૨૦૨૩માં પોતાની આત્મકથા 'ત્રાસડી ઉપાડી શેઠ'ના નામે પ્રકાશિત કરી હતી. ૧૯૯૦માં અનિલ જોશીના 'સ્ટેચ્યુ' નિબંધ સંગ્રહને દિલ્હીની સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું હતું. અનિલ જોશી ૨૦૧૦માં નરસિંહ એવોર્ડથી સન્માનિત થયા હતા. ■

સ્મરણાંજલિ ૧૦

# બદલાપુર કેસમાં પાંચ પોલીસને આંશિક રાહત

## મેજિસ્ટ્રેટ તપાસ અહેવાલની માહિતીઓ હાલ બાજુ પર રાખવાનો આદેશ

મુંબઈ: બદલાપુરમાં સ્કૂલની વિદ્યાર્થિની પર થયેલા જાતીય હુમલા કેસના આરોપીની કસ્ટડીમાં થયેલા મોત પ્રકરણે પાંચ પોલીસને આંશિક રાહત આપતા સેશન્સ કોર્ટે કથિત એન્કાઉન્ટરની કાયદેસરતા પર સવાલ ઉઠાવતા મેજિસ્ટ્રેટના તપાસ અહેવાલની માહિતીઓને હાલપૂરતી બાજુ પર રાખી હતી. તેમ છતાં ૨૧મી ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં સેશન્સ કોર્ટે કહ્યું હતું કે સીઆઇડી દ્વારા કરવામાં આવી રહેલી તપાસ મેજિસ્ટ્રેટના તપાસ અહેવાલ પ્રમાણે આગળ વધશે.

બદલાપુરની સ્કૂલમાં સગીર વિદ્યાર્થિનીઓની જાતીય સતામણી કરવા માટે સ્કૂલના જ કર્મચારી અશોક શિંદેની ઓગસ્ટ, ૨૦૨૪ના ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ જનતમાં ઘણો રોષ જોવા મળ્યો હતો ત્યારે ૨૩મી સપ્ટેમ્બરે આરોપીને તળોજા જેલથી નવી મુંબઈ પૂછપરછ માટે લઇ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે પોલીસ પર કથિત ગોળીબાર કર્યો હતો અને પોલીસે સ્વબચાવમાં કરેલા ગોળીબારમાં અશોક શિંદેનું મોત થયું હતું. આ ઘટના બાદ તેની પત્નીએ પોલીસની કાર્યવાહી પર શંકા ઉઠાવતા ફરિયાદ નોંધાવી હતી.

વરિષ્ઠ પોલીસ ઇન્સ્પેક્ટર સંજય શિંદે, આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર નિલેશ મોરે, બે કોન્સ્ટેબર અને એક પોલીસ ડ્રાઇવર સામે હાલમાં આ પ્રકરણે તપાસ ચાલી રહી છે.

મેજિસ્ટ્રેટના તપાસ અહેવાલમાં ઉક્ત પાંચેય પોલીસને આરોપીના મૃત્યુ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે પોલીસની સુધારિત અરજીની સુનાવણી પેન્ડિંગ છે તેથી મેજિસ્ટ્રેટના તપાસની માહિતીઓને હાલ પૂરતી બાજુ પર રાખવામાં આવે છે.

મેજિસ્ટ્રેટના તપાસના અહેવાલ, ખાસ કરીને ૮૧ અને ૮૨ ફકરાને આગામી સુનાવણી સુધી સ્થગિત રાખવામાં આવે છે, એમ સેશન્સ કોર્ટે કહ્યું હતું,

૮૧ અને ૮૨ ફકરામાં પોલીસ દ્વારા શિંદે પર કરાયેલા ગોળીબાર સંબંધિત સવાલો ઉઠાવવામાં આવ્યા છે. તપાસ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ ગોળીબાર કરવાના બદલે સંપૂર્ણ પરિસ્થિત પર સરળતાથી કાબૂ મેળવી શકી હોત.

આ કેસમાં મેજિસ્ટ્રેટ તપાસની જરૂર એટલે પણ હતી, કારણ કે આરોપીનું મોત પોલીસ કસ્ટડીમાં થયું હતું. સેશન્સ કોર્ટે આ કેસની સુનાવણી પાંચમી માર્ચ સુધી મુલતવી રાખી હતી. ■

# બેંગકોકથી આવેલા સુરતના દંપત્તી પાસેથી સવા કરોડનું સોનું જપ્ત: પતિની ધરપકડ

મુંબઈ: બેંગકોકથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા સુરતના દંપતી પાસેથી સવા કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું હતું, જે શરીરમાં છુપાવીને લાવવામાં આવ્યું હતું. કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) સોનાની દાણચોરી બદલ પતિની ધરપકડ કરી હતી.

એઆઇયુના અધિકારીઓએ આ પ્રકરણે સુરતના સોડાગરવાડમાં રહેતા મહંમદ વાસીફ તાહીરઅલી શેખ (૨૬)ની ધરપકડ કરી હતી. શેખને બુધવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. શેખ વતી વકીલ રાજેશ શાહ અને અડવાણી સચવાની હીરા હાજર રહ્યા હતા અને તેમણે દલીલ પણ કરી હતી. કોર્ટે શેખને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

શેખ મંગળવારે તેની પત્ની સાથે બેંગકોકથી ફ્લાઇટમાં મુંબઈના એરપોર્ટ પર આવ્યો ત્યારે શંકાને આધારે એઆઇયુના અધિકારીઓએ તેમને આંતર્યા હતાં. તેમના સામાનની તલાશી લેવાતાં કશું જ મળ્યું નહોતું. જોકે તેમણે શરીરમાં મીણમાં ગોલ્ડ ડસ્ટના રૂપમાં સોનું છુપાવ્યું હોવાનું જણાવ્યું હતું. બંને પાસેથી સવા કરોડનું સોનું જપ્ત કરાયું હતું. શેખે જણાવ્યું હતું કે તેની પત્ની દાણચોરી વિશે અજાણ હતી. બેંગકોકમાં ફરવા જઇ રહ્યા છીએ એવું તેને કહેવામાં આવ્યું હતું. આ સોનાની દાણચોરીમાં પોતે એકલો જ સંડોવાયેલો છે. અલીભાઇ નામની વ્યક્તિએ આ સોનું લાવીને આપવા પર ૪૦ હજાર કમિશન આપવાનું વચન આપ્યું હતું, એમ શેખે જણાવ્યું હતું. ■

# કોલાબાવાસીઓએ પાલિકાને આપેલા અલ્ટીમેટમનો આજે છેલ્લો દિવસ

મુંબઈ: છેલ્લા ઘણા દિવસથી કોલાબાસ્થિત ખોદાયેલા રસ્તાઓનું કામ પૂરું થયું ન હોવાને કારણે રહેવાસીઓને ભારે યાતના ભોગવવાનો વારો આવી રહ્યો છે. રહેવાસીઓએ પાલિકાને ૨૭મી ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું અને જો પાલિકા કામ પૂરું નહીં કરે તો તેઓ રસ્તા પર ઊતરીને તેને વિરોધ નોંધાવશે, એવી ચેતવણી પણ તેઓએ આપી હતી.

ફર્સ્ટ પાસ્તા લેન અને વિન્ડી હોલ લેનના રસ્તાઓનું કામ આંશિક રીતે બંધ કરી દેવામાં આવ્યું છે, જેને કારણે રહેવાસીઓને ભારે અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તાઓનાં કામ પૂરાં કરવા માટે રહેવાસીઓએ પાલિકાને ૨૭મી ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને મુંબઈમાં રસ્તાઓનું કોંક્રીટીકરણ કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જોકે, ટેન્ડર પ્રક્રિયામાં ખામીને કારણે શહેર વિસ્તારમાં કામ શરૂ થઈ શક્યું ન હતું. આ કામો ઓક્ટોબર ૨૦૨૪ થી શરૂ થયા છે. જોકે, કોલાબાના રહેવાસીઓની મુશ્કેલીઓનો અંત આવતો નથી લાગતો. ફર્સ્ટ પાસ્તા લેન અને વિન્ડી હોલ લેન સહિત અન્ય મુખ્ય રસ્તાઓ મહિનાઓથી ખોદાયેલા છે. જેના કારણે રહેવાસીઓને ખૂબ જ તકલીફ પડી રહી છે.

કમિશનરને લખેલા પત્રમાં રહેવાસીઓએ જણાવ્યું હતું કે સિમેન્ટ કોંક્રીટનાં કામો કોલાબાના રહેવાસીઓને ભારે અસુવિધા પહોંચાડી રહ્યાં છે. રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે, જેના કારણે ચાલવું મુશ્કેલ બન્યું છે. આવું કહીને ચેતવણી આપવામાં આવી છે કે જો રસ્તો તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે રસ્તાઓ પર ઊતરીને તેનો વિરોધ નોંધાવીશું. ■

# બીડ સરપંચ હત્યા કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે ઉજ્જવલ નિકમની નિમણૂક

મુંબઈ: બીડના સરપંચ સંતોષ દેશમુખ હત્યાકેસ માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી વિશેષ સરકારી વકીલ તરીકે જાણીતા વકીલ ઉજ્જવલ નિકમની નિમણૂક કરવામાં આવી છે. દેશમુખના પરિવારે આ માટેની માગણી કરી હતી.

બુધવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક્સ પર જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા દેશમુખ હત્યાકેસમાં વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમની વિશેષ સરકારી વકીલ અને વકીલ બાળાસાહેબ કોલ્હેની સહાયક વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ વકીલ ઉજ્જવલ નિકમે ૧૯૯૩ મુંબઈ બૉમ્બ બ્લાસ્ટ અને ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં વિશેષ સરકારી વકીલ તરીકેની ફરજ બજાવી છે.

બીડના મસાજોગ ગામના સરપંચ દેશમુખની નવમી ડિસેમ્બરના અપહરણ બાદ હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં એનસીપીના નેતા ધનંજય મુંડે અને તેના નજીકના સાથી વાલ્મિક કરાડની ધરપકડ કરાઈ હતી. સીઆઇડી દ્વારા આ કેસની તપાસ થઈ રહી છે અને અત્યાર સુધી ૧૫૦ જણની પૂછપરછ કરાઈ છે અને ત્રણ શંકાસ્પદ હજી ફરાર છે.

# પાલઘરમાં પચીસ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવક પકડાયો

પાલઘર: પાલઘર જિલ્લામાં પોલીસે બુધવારે પચીસ લાખ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. કાસા પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ અધિકારી પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ચારોટી વિસ્તારમાં હોટેલ નજીક તેમની નજર યુવક પર પડી હતી. યુવકની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસે તેને તાબામાં લીધો હતો. યુવકની ઓળખ રાજ બબન શેઅલ તરીકે થઇ હોઇ તેની પાસેની બેગની તલાશી લેવાતાં તેમાંથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. બાંદ્રા વિસ્તારમાં રહેનારો રાજ શેઅલ અમદાવાદથી બસમાં મુંબઈ આવી રહ્યો હતો ત્યારે તે ચારોટી ખાતે ઊતરી ગયો હતો. રાજ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે આવ્યો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# ટ્રેનમાં પ્રવાસીઓનો સામાન ચોરનારો હરિયાણા ગૅન્ગનો સભ્ય પકડાયો

થાણે: લાંબા અંતરની ટ્રેનોમાં પ્રવાસીઓનો કીમતી સામાન ચોરનારી હરિયાણા ગૅન્ગના સભ્યની ધરપકડ કરી થાણે પોલીસે અંદાજે ૧૨ લાખ રૂપિયાના સોનાના દાગીના હસ્તગત કર્યા હતા.

પુણેના એક રહેવાસીની ફરિયાદને આધારે પોલીસે આરોપીની શોધ હાથ ધરી હતી. વેરાવળ એક્સપ્રેસમાં બીજી ફેબ્રુઆરીએ મુસાફરી કરતા ફરિયાદીની બૅગમાંથી વાપીથી વસઈ રોડ સ્ટેશન દરમિયાન સોનાના દાગીના ચોરાયા હતા. આ પ્રકરણે ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) ગુનો નોંધ્યો હતો, એમ ક્રાઈમ બ્રાન્ચના સિનિયર ઈન્સ્પેક્ટર વિજય ખેડકરે જણાવ્યું હતું. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ માહિતીને આધારે પોલીસે સોમવારે થાણે રેલવે સ્ટેશન નજીકના એસટી સ્ટેન્ડ પાસેથી હરિયાણા ગૅન્ગના સભ્યને પકડી પાડ્યો હતો. આરોપીઓ લાંબા અંતરની ટ્રેનના પ્રવાસીઓને ટાર્ગેટ કરતા હતા. આરોપીઓના સાથીઓની પોલીસ શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ)■

# ઈતિહાસકાર ઈન્દ્રજીત સાવંતને ધમકી આપનારા વિરુદ્ધ ગુનો

મુંબઈ: ઈતિહાસકાર ઈન્દ્રજીત સાવંતને કથિત ધમકી આપવા સાથે છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર સંભાજી મહારાજ માટે અપમાનજનક ટિપ્પણી કરનારા વિરુદ્ધ કોલ્હાપુર પોલીસે ગુનો નોંધ્યો હતો.

કોલ્હાપુર શહેરમાં રહેતા સાવંતને મંગળવારે વહેલી સવારે એક કૉલ આવ્યો હતો. કૉલ કરનારે પોતાની ઓળખ 'પ્રશાંત કોરાટકર' તરીકે આપી હતી. બ્રાહ્મણ સમુદાય વિરુદ્ધ તિરસ્કાર ફેલાવવા માટે જાનથી મારી નાખવાની ધમકી કૉલરે આપી હતી.

કૉલ કરનારા શખસે મરાઠા યોદ્ધા છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજ માટે પણ વાંધાજનક ટિપ્પણી કરી હતી. પોલીસ કૉલ કરનારા શખસની ઓળખ મેળવી રહી છે.

સાવંતે ફોન કૉલનું રેકોર્ડિંગ કરી લીધું હતું અને તેની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શૅર કરી હતી. આ મામલે તેમણે કોલ્હાપુરના જૂના રાજવાડા પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ પણ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ માટે કોલ્હાપુર પોલીસ સાયબર સેલની પણ મદદ લઈ રહી છે. (પીટીઆઈ)■

ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંકની તપાસમાં આવી ચોંકાવનારી બાબત

# સૅફમાં જગ્યા ૧૦ કરોડની, દાખવી કૅશ ૧૨૨ કરોડ

મુંબઈ: ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકની પ્રભાદેવી બ્રાન્ચમાં એક સમયે ૧૦ કરોડ રૂપિયા રાખવાની ક્ષમતા હતી, પરંતુ આરબીઆઇના ઇન્સ્પેક્શનને દિવસે સૅફમાં ૧૨૨.૦૨૮ કરોડ રૂપિયા હોવાનું કૅશ ઇન હેન્ડ બૂકમાં દર્શાવવામાં આવ્યું હતું.

ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાએ બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર સહિત ત્રણ જણની ધરપકડ કરી છે.

રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)ની ઇન્સ્પેક્શન ટીમે ૧૧ ફેબ્રુઆરીના રોજ પ્રભાદેવી ખાતે બૅંકની કોર્પોરેટ ઓફિસ બ્રાન્ચની મુલાકાત લીધી હતી, જ્યાં સૅફમાંથી ૧૨૨ કરોડ રૂપિયા ગાયબ હોવાનું તેમને જાણવા મળ્યું હતું.

કોર્પોરેટ ઓફિસ બ્રાન્ચની બેલેન્સ શીટમાં પ્રભાદેવી અને ગોરેગામની બ્રાન્ચની સૅફમાં ૧૩૩.૪૧ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યા હતા અને તે દિવસે પ્રભાદેવી બ્રાન્ચની બેલેન્સ શીટમાં એ આંકડો ૧૨૨.૦૨૮ કરોડ રૂપિયા હતો.

તપાસ દરમિયાન કોર્પોરેટ ઓફિસની સૅફમાં રોકડ સંગ્રહ કરવાની ક્ષમતા માત્ર ૧૦ કરોડ હોવાનું આર્થિક ગુના શાખાને જાણવા મળ્યું હતું અને તેમને વૉલ્ટમાંથી ૬૦ લાખ રૂપિયા મળી આવ્યા હતા. આરબીઆઇના ઇન્સ્પેક્શનને દિવસે ગોરેગામ બ્રાન્ચની સૅફમાંથી ૧૦.૫૩ કરોડ રૂપિયા મળી આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગોરેગામ બ્રાન્ચની સૅફમાં પણ ૧૦ કરોડ રૂપિયા સંગ્રહ કરવાની ક્ષમતા હતી. આર્થિક ગુના શાખા હવે તપાસ કરી રહી છે કે બૅંકના નાણાકીય રેકોર્ડ્સ તપાસતા ઑડિટરોએ બૅંકમાંથી ગુમ થયેલી રોકડ અંગે કેમ ચિંતા વ્યક્ત ન કરી. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસમાં બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર હિતેશ મહેતા, ભૂતપૂર્વ સીઇઓ અભિમન્યુ ભૌન અને કાંદિવલીના ડેવલપર ધર્મેશ પૌનની ધરપકડ કરવામાં આવી છે. બૅંકના એક્ટિંગ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવર્ષી ઘોષે દાદર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ બાદમાં આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. (પીટીઆઇ)■

# ઘરેલું ઝઘડાને કારણે પત્નીને સળગાવી મારી નાખવાનો પ્રયાસ: પતિની ધરપકડ

થાણે: થાણેમાં ઘરેલું ઝઘડાને કારણે પત્ની પર જ્વલનશીલ પ્રવાહી ફેંક્યા બાદ તેને સળગાવીને મારી નાખવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે ૩૫ વર્ષના રિક્ષાચાલકની ધરપકડ કરી હતી.

દંપતી વચ્ચે લાંબા સમયથી ઝઘડા ચાલી રહ્યા હતા અને અલગ રહેતી પત્નીના ચારિત્ર્ય પર પતિ શંકા કરતો હતો તેમ જ વારંવાર તેને ત્રાસ આપતો હતો. ચિતલસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદ અનુસાર દંપતીની છૂટાછેડાની અરજી કોર્ટમાં પેન્ડિંગ છે.

આરોપીએ ઘણી વાર પત્ની તેની સાથે રહે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી અને જો તે આવું ન કરે તો તેને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આરોપીએ આપી હતી.

મંગળવારે સવારે પત્ની કામે જવા માટે નીકળી હતી ત્યારે બોરીવલી ટનલ કન્સ્ટ્રક્શન સાઇટ નજીક તેને આરોપીએ આંતરી હતી. આરોપીએ તેની પત્ની પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો અને બાદમાં જ્વલનશીલ પ્રવાહી ફેંકીને તેને સળગાવી હતી. કેટલાક લોકો મદદ માટે ત્યાં દોડી આવ્યા હતા અને તેમણે આગ બુઝાવી હતી. આમાં દાઝી ગયેલી પત્નીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# નવી મુંબઈ પોલીસે ૧૦ કરોડના ડ્રગ્સનો નાશ કર્યો

થાણે: નવી મુંબઈ પોલીસે વિવિધ કેસમાં જપ્ત કરેલા અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ડ્રગ્સનો બુધવારે નાશ કર્યો હતો. તળોજામાં નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોની દેખરેખ હેઠળ ૪૦ કેસમાં જપ્ત કરાયેલા આ ડ્રગ્સનો નાશ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે ૨૦૨૩ અને ૨૦૨૪માં ૧,૧૪૩ કેસમાં અંદાજે ૫૬ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરી ૧,૭૪૩ આરોપીની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ૧૧૧ આફ્રિકન નાગરિકનો સમાવેશ થાય છે અને તેમની પાસેથી ૩૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું હતું. (પીટીઆઈ)■

# કસ્ટમ્સ દ્વારા ફોક્સવેગન પર ૧.૪ બિલિયન ટેક્સની માગનો વિવાદ હાઇ કોર્ટ પહોંચ્યો

## કોર્ટે એફિડેવિટ ફાઈલ કરવા કહ્યું

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે બુધવારે કસ્ટમ વિભાગને એફિડેવિટ દ્વારા સમજાવવા માટે નિર્દેશ આપ્યો કે કેવી રીતે સ્કોડા ઓટો ફોક્સવેગન ઈન્ડિયા પાસેથી ૧.૪ બિલિયનની ટેક્સ માંગ તેની સપ્ટેમ્બર ૨૦૨૪ની શો-કોઝ નોટિસને માર્યાદિત કરવામાં નહોતી આવી.

કસ્ટમ્સનો આરોપ છે કે જર્મન જૂથની ભારતીય શાખા સ્કોડા ઓટો ફોક્સવેગન ઈન્ડિયાએ સંપૂર્ણ ગાડીને ક્નોક ડાઉન (છૂટી પાડીને) આયાત કરી હોવા છતાં તેને વ્યક્તિગત ઉપકરણો તરીકે બતાવીને કસ્ટમ સત્તાવાળાઓને જાણી જોઈને ગેરમાર્ગે દોર્યા છે. સીકેડી એકમો ૩૦ -૩૫ ટકા ડ્યુટી આકર્ષે છે, પરંતુ ફોક્સવેગને તેની આયાતને અલગ-અલગ શિપમેન્ટમાં અલગ ઘટકો તરીકે જાહેર કરી હતી અને કસ્ટમ્સ વિભાગના જણાવ્યા મુજબ માત્ર ૫-૧૫ ટકા જ ડ્યુટી ચૂકવી હતી.

કંપનીની મુખ્ય દલીલ એ હતી કે વિભાગ દ્વારા આટલા વર્ષો પછી ટેક્સની માંગમાં વધારો કરવો અયોગ્ય છે. કંપનીના વકીલ અરવિંદ દાતારે દલીલ કરી હતી કે તે વ્યક્તિગત ભાગોની શ્રેણી હેઠળ એક દાયકાથી વધુ સમયથી ટેક્સ ચૂકવી રહી છે. હવે અચાનક કહેવું કે સીકેડી યુનિટ કેટેગરી મુજબ ટેક્સ ચૂકવવો જોઈએ તે વાજબી નથી. ઓટો કંપનીએ રૂપિયા ૧૨,૦૦૦ કરોડની ઉપર ૧.૪ બિલિયન ડોલરની માંગને ''આત્યંતિક'' ગણાવી છે. કસ્ટમ્સ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એન વેંકટરામને જણાવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ સંપૂર્ણ તપાસ બાદ નિષ્કર્ષ પર આવ્યું છે કે કંપનીએ સીકેડી કેટેગરી પ્રમાણે ટેક્સ ચૂકવવો પડશે.

જસ્ટિસ બી પી કોલાબાવાલા અને ફિરદોશ પૂનીવાલાની ડિવિઝન બેન્ચે નોટિસને પડકારતી ઓટોમોબાઈલ કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની વિસ્તૃત સુનાવણી કરી રહી છે. બુધવારે, બેન્ચે સ્પષ્ટ કર્યું કે તે, આ તબક્કે, ફક્ત મર્યાદાના મુદ્દા પર જ નિર્ણય લેશે. જો કે અમે તમામ મુદ્દાઓ પર વ્યાપકપણે સાંભળ્યું છે, તેમ છતાં અમે ફક્ત મર્યાદાના મુદ્દા પર જ નિર્ણય લઈ રહ્યા છીએ કારણ કે તે કેસના મૂળ સુધી જાય છે, એમ કોર્ટે કહ્યું. વિભાગે ૧૦ માર્ચ સુધીમાં એફિડેવિટ ફાઇલ કરવાની રહેશે.■

# સંસ્થા સમાચાર

## પાળિયાદમાં દીક્ષા મહોત્સવ પ્રસંગે ધીરગુરુદેવનું શુક્રવારે પદાર્પણ



ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરગુરુદેવ રાજકોટથી વિહાર કરી તા. ૨૮ ને શુક્રવારે પાળિયાદ પધારશે. બોટાદ સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. શૈલેશ ચંદ્રજી મ.સા., પૂ. જયેશચંદ્રજી મ.સા., ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.ની નિશ્રામાં દીક્ષાર્થી દર્શન કુમાર માલવણીયા (ઉં. વ. ૧૮) તા. ૦૨-૦૩-૨૫ ને રવિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે ભાગવતી દીક્ષા મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગે ગોપાલ સંપ્રદાયના પૂ. દીપમુનિ મ.સા. આદિ તથા ખંભાત, ગોંડલ અજરામર, બોટાદ સંપ્રદાયના સતીવૃંદ બિરાજશે. અમેરિકાના જાણીતા મહાદાનવીર શ્રીમતી રીકાબેન અને મનુભાઈ શાહનું અભિવાદન જયશ્રી શાહ, મીતલ કોટીચા શાહના હસ્તે કરવામાં આવેલ. પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૭-૩ના સાવરકુંડલા અને તા. ૯ના ગોપાલગ્રામમાં ચંપાબેન ધીરજલાલ મગીયા પરિવાર પ્રેરિત વિમલ વૈયાવચ્ચ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે નિશ્રા પ્રદાન કરશે.

# એલબીટી વિભાગો બંધ કરવાનો રાજ્યની તમામ પાલિકાઓને આદેશ

## અમુક પાલિકાઓમાં કરોડો રૂપિયાનો એલબીટી વસૂલવાનો હજી બાકી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યની તમામ મહાનગરપાલિકાને તેમના લોકલ બોડી ટેક્સ (એલબીટી) વિભાગને કાયમીરૂપે બંધ કરવાનો આદેશ આપ્યો છે. એલબીટી નાબૂદ કરાયાનાં ઘણાં વર્ષો થઇ ગયા અને ૨૦૧૭માં તેની જગ્યાએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) આવ્યો ત્યારે હવે જઇને સરકારે આ અંગેનો નિર્ણય લીધો છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા આ નિર્દેશની અસર પુણે પાલિકા પર પડશે, કારણ કે ત્યાં હજી એલબીટીના ૨૦૦ કરોડ રૂપિયા વસૂલવાના બાકી છે. આ બાકીની રકમ વસૂલ કરવા માટે પુણે પાલિકામાં એલબીટીનો વિભાગ હજી ચાલુ જ છે. તેમ છતાં શહેરી વિકાસ વિભાગના ડેપ્યુટી સેક્રેટરીના આદેશ પ્રમાણે એલબીટી વિભાગો ૩૦મી એપ્રિલ, ૨૦૨૫થી તેમનાં કાર્યો બંધ કરશે. એલબીટી નાબૂદ થયાને આઠ વર્ષ થઇ ગયા છતાં પીએમસી હજી પણ ૨૦૦ કરોડ રૂપિયા વસૂલ કરવામાં નિષ્ફળ રહી છે. આ રકમ વસૂલ કર્યા વગર જ જો વિભાગ બંધ કરી દેવામાં આવશે તો પીએમસીની આર્થિક સમસ્યા વધી શકે છે. એક કાર્યકરે પીએમસીને એક વર્ષનો વધારાનો સમય માગવાની પણ સલાહ આપી છે.

પુણે પાલિકના એલબીટી વિભાગમાં હજી પણ ટેક્સ વસૂલીના અનેક કેસ પેન્ડિંગ છે. અંદાજે ૧૨૫ કેસ વિવિધ કોર્ટમાં ચાલી રહ્યા છે. ૨૦૧૭ બાદ પુણે પાલિકામાં ૩૪ ગામને સમાવવામાં આવ્યા હતા. ત્યાંથી જીએસટી અને સ્ટેમ્પ ડ્યૂટી પ્રમાણે મહેસૂલ આવવાની આશા હતી, પણ હજી ૩૫૦ કરોડ રૂપિયા જમા કરાવવામાં આવ્યા નથી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# મહાકુંભમાં પવિત્ર સ્નાન ન કરનારા ઉદ્ધવ-રાહુલનો બહિષ્કાર કરોઃ આઠવલે

મુંબઈઃ શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મહાકુંભમાં પવિત્ર સ્નાન નહીં કરીને હિન્દુઓનું અપમાન કર્યું છે. તેથી હિન્દુ મતદારોએ તેમનો બહિષ્કાર કરવો જોઇએ, એમ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ બુધવારે જણાવ્યું હતું. ઉદ્ધવ ઠાકરે હિન્દુત્વની વાતો કરતા હોય છે, પરંતુ પ્રયાગરાજ ખાતે યોજાયેલા મહાકુંભમાં સામેલ થયા નહોતા. ઠાકરે અને ગાંધી પરિવારે હિન્દુત્વનું અપમાન કર્યું છે. હિન્દુ થઇને મહાકુંભમાં પવિત્ર સ્નાન ન કરવું એ હિન્દુઓનું અપમાન છે. તેથી હિન્દુ મતદારોએ તેમનો બહિષ્કાર કરવો જોઇએ, એમ આઠવલેએ જણાવ્યું હતું. લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને તેમને મહાકુંભમાં સામેલ થવું જોઇતું હતું. તેઓને હંમેશાં હિન્દુઓના મત જોઇએ છે, પરંતુ મહાકુંભ નથી જવું તેમને. તાજેતરની ચૂંટણીઓમાં હિન્દુ મતદારોએ તેમને બરાબરનો પાઠ ભણાવ્યો હતો.

# વિકલાંગ યુવાનોને નોકરીની તકો મળે તે માટે

## મહારાષ્ટ્ર સરકાર સામાજિક જૂથ સાથે એમઓયુ કરશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં વિકલાંગ યુવાનોને આર્થિક રીતે સશક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે રોજગારની તકો પૂરી પાડવા માટે સામાજિક સંસ્થા 'યુથ ફોર જોબ્સ' સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું. ફડણવીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અલગ-અલગ વિકલાંગ યુવાનોને તાલીમ અને રોજગારની તકો પૂરી પાડવા માટે અને આર્થિક આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. આ સંબંધમાં, રજિસ્ટર્ડ વ્યક્તિઓને આગામી પાંચ વર્ષમાં યુનિક ડિસેબિલિટી ઓળખ પત્ર પ્રદાન કરવામાં આવશે, જે તેમને રોજગાર અને સ્વ-રોજગારની તકો પૂરી પાડશે, એમ તેમણે જણાવ્યું હતું. શરૂઆતમાં, સંસ્થા વિદર્ભ અને ઉત્તર મહારાષ્ટ્રમાં રાજ્ય સત્તાવાળાઓને રોજગાર અને સ્વ-રોજગારની તકો ઊભી કરવામાં મદદ કરશે અને ભવિષ્યમાં રાજ્યભરમાં આ પહેલને વિસ્તારવાની યોજના ધરાવે છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

# પનીર અને માવામાં ભેળસેળ કરી તો ધ્યાન રાખજો

## દૂધના ભેળસેળિયાઓ સામે એફએન્ડડીનાં કડક પગલાં

મુંબઈઃ પનીર અને માવામાં ભેળસેળ કરનારાઓ સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરાશે, એવી ખાતરી ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પ્રધાન નરહરિ ઝીરવાલે આપી છે. આ પહેલાં દૂધમાં ભેળસેળ કરનારાઓ સામે સરકારે કડક પગલાં લીધાં છે.

દૂધમાં ભેળસેળ કરનારાઓ વિરુદ્ધ કડક પગલાં લઇને શહેરના ચાર ચેક પોઈન્ટની સીલ કરવામાં આવ્યા છે. કુલ ૯૮ ટેન્કરની તપાસ કરવામાં આવી હતી. આમાંથી અમુક ટેન્કરોને પાછાં મોકલી આપવામાં આવ્યાં હોવાની માહિતી તેમણે આપી હતી. નાયબ સચિવ વિજય ચૌધરીએ જણાવ્યું હતું કે એફએન્ડડી વિભાગમાં તાજેતરમાં ૨૮૦ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આમાં અકોલે તાલુકાના આઠ ઉમેદવારનો સમાવેશ થાય છે.

સરકાર અગસ્તી મંદિરના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, એવું ઝીરવાલે જણાવ્યું હતું. ઝીરવાલ અને વિધાનસભ્ય લહમતે દ્વારા મંદિરમાં મહાશિવરાત્રિના દિને પૂજા કરવામાં આવી હતી અને ત્યાર બાદ મંદિરને ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

### પુણેમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની

એસી બસ પાસે લઇ ગયો હતો, જ્યાં અંધારું હતું. બસની અંદર લાઇટ ચાલુ ન હોવાથી મહિલા બસમાં ચડતા અચકાઇ હતી, પણ આરોપીએ તેને ખાતરી આપી હતી કે તે યોગ્ય બસ છે અને તે બસમાં ચડી શકે છે. મહિલા બસમાં ચડી ત્યારે આરોપી પણ તેની પાછળ ગયો હતો અને તેણે મહિલા પર બળાત્કાર ગુજાર્યો હતો. બાદમાં તે ત્યાંથી ફરાર થઇ ગયો હતો.

દરમિયાન બનાવની જાણ થયા બાદ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ પરથી આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપીને પકડી પાડવા માટે પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી છે. ડેપ્યુટી પોલીસ કમિશનર પાટીલે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજમાં આરોપી સાથે મહિલા જઇ રહી હોવાનું દેખાય છે. પાટીલે કહ્યું હતું કે ઘટના બની ત્યારે સ્ટેશન પરિસરમાં ઘણા લોકો અને અનેક બસ હતી. આ ઘટના બાદ મહિલાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધ્યો નહોતો. તેણ ફલટણ જવા માટે બસ પકડી હતી અને પ્રવાસ દરમિયાન મિત્રને ફોન પર તમામ હકીકત જણાવી હતી. મિત્રની સલાહ બાદ તે બસમાંથી ઊતરી ગઇ હતી અને પોલીસ સ્ટેશન પહોંચી હતી, જ્યાં તેણે ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ)

### સિક્યુરિટી ગાર્ડ્સની બદલી

સરનાઇકે બુધવારે સ્વારગેટ બસ સ્ટેશન ખાતેના તમામ ૨૩ સિક્યુરિટી ગાર્ડ્સની બદલી કરવાના નિર્દેશ આપ્યા હતા.

સરનાઇકે ગુરુવારે મુંબઈમાં એમએસઆરટીસીના અધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી છે, જેમાં મહિલા પ્રવાસીઓ માટે સલામતીનાં પગલાંની સમીક્ષા કરવામાં આવશે અને કેટલાક નક્કર નિર્ણયો લેવામાં આવશે એવી અપેક્ષા છે.

### સતત બીજા દિવસે

મહિનાનું ત્રીજા નંબરનું ઊંચુ તાપમાન રહ્યું હતું. દિવસ દરમિયાન થાણેમાં ૩૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મુંબઈ, થાણેમાં છેલ્લા બે દિવસથી ગરમીનું મોજું ફરી વળ્યું છે. આકરા અને ચામડી દઝાડનારા તડકાને કારણે મુંબઈગરા પરેશાન થઈ ગયા હતા. બુધવારે દિવસ દરમિયામ સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું જ્યારે લઘુતમ તાપમાન ૨૧.૦ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૨૯.૧ ડિગ્રી અને માથેરાનમાં ૩૩.૪ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું.

હવામાન ખાતાએ ગુરુવારે પણ મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ અને રત્નાગિરીમાં તાપમાન ઊંચુ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

### સેલ્ફ-રિડેવલપમેન્ટમાં

કો-ઓપ. હાઉસિંગ સોસાયટીનું સેલ્ફ-રિડેવલપમેન્ટ પૂરું થતાં મુખ્ય પ્રધાને તેમના હસ્તે રહેવાસીઓને નવાં મકાનોની ચાવીઓનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે ઉક્ત ચેતવણી આપી હતી. સેલ્ફ-રિડેવલપમેન્ટની મંજૂરી આપતાં સમયે અમે સરકારી એજન્સીઓ તરફથી કોઈ પણ અવરોધ કે ગેરરીતિ સહન કરીશું નહીં. મુખ્ય પ્રધાને એ વાતનું પણ ધ્યાન દોર્યું હતું કે ભૂતકાળમાં જ્યારે આવી ઘટનાઓ બની હતી ત્યારે કડક પગલાં લેવામાં આવ્યાં હતાં. સેલ્ફ-રિડેવલપમેન્ટ સંબંધિત બધી સેવાઓનો સમાવેશ સેવા અધિકાર કાયદામાં થવો જોઈએ. મ્હાડાના પ્લોટ પર સેલ્ફ-રિડેવલપમેન્ટના કિસ્સામાં, સરચાર્જ ચૂકવવા માટે ત્રણ વર્ષનો સમયગાળો પહેલાંથી જ આપવામાં આવ્યો હતો અને તેના પર સાડાઆઠ ટકા વ્યાજ વસૂલવામાં આવતું હતું. મુખ્ય પ્રધાને એવી પણ જાહેરાત કરી કે હવે પહેલાં ૩ વર્ષ માટે વ્યાજ માફ કરવામાં આવશે.

### મહિલાઓ માટે

કહીને તેમણે સરકારને પૂછ્યું હતું કે રાજ્યમાં મહિલાઓ માટે કોઇ જગ્યા જ સુરક્ષિત નથી બચી, એવો સવાલ કર્યા બાદ તેમણે સ્વારગેટ બળાત્કાર કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની માગ કરી હતી.

સુપ્રિયા સુળેએ પોતાના એક્સ એકાઉન્ટ પર આ બાબતને પોસ્ટ કરીને લખ્યું હતું કે સ્વારગેટ જેવા વ્યસ્ત બસસ્ટેશનમાં એક યુવતી પર જાતીય હુમલાની ઘટના પ્રકાશમાં આવી છે. આશ્ચર્ય તો ત્યારે થાય છે જ્યારે અહીં એક પોલીસ ચોકી પણ છે. આ ઉપરાંત પોલીસ અધિકારીઓ બસસ્ટોપર નિયમિત રીતે પેટ્રોલિંગ પણ કરતા હોય છે. આરોપીઓમાં હજુ પણ આટલો જઘન્ય ગુનો કરવાની હિંમત એ દર્શાવે છે કે ગુનેગારોને કાયદાનો ડર નથી. પુણેમાં દરરોજ ક્યાંક ને ક્યાંક ગુનાઓ બનતા રહ્યા છે અને ગૃહ વિભાગ તેને ડામવામાં સફળ રહ્યું નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોવાનું આ એક પ્રતિબિંબ છે. આરોપીઓને કડક સજા થવી જોઇએ અને આ માટે જ અમે કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા માટેની માગ કરી છે.

### આરોપીને મૃત્યુ સિવાય બીજી કોઈ સજા ન હોઈ શકેઃ અજિત પવાર

પુણેના સ્વારગેટ બસ સ્ટેશન પર આપણી એક બહેન પર બળાત્કારની ઘટના અત્યંત દુર્ભાગ્યપૂર્ણ, પીડાદાયક, સભ્ય સમાજના દરેક વ્યક્તિ માટે ગુસ્સે ભરનારી અને શરમજનક છે. આ ગુનામાં આરોપીએ કરેલો ગુનો અક્ષમ્ય છે અને તેના માટે મૃત્યુ સિવાય બીજી કોઈ સજા હોઈ શકે નહીં. મેં પોતે પુણે પોલીસ કમિશનરને આ મામલાની વ્યક્તિગત રીતે તપાસ કરવા અને તેની તપાસ કરવા અને આરોપીને તાત્કાલિક ધરપકડ કરવા સૂચના આપી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ ગુનાને ગંભીરતાથી લીધો છે અને પોલીસને જરૂરી સૂચનાઓ આપી છે.

હું મહારાષ્ટ્રના મારા બધા ભાઈઓ, બહેનો અને માતાઓને ખાતરી આપું છું કે રાજ્ય સરકાર આરોપીની વહેલી તકે ધરપકડ થાય અને તેને કાયદા અનુસાર શક્ય તેટલી કડક સજા મળે તે માટે તમામ પગલાં લેશે. મહિલા અને બાળ વિકાસપ્રધાન અને રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષને પીડિત બહેનને ન્યાય, માનસિક સહાય અને શક્ય તેટલી બધી મદદ પૂરી પાડવા સૂચનાઓ આપવામાં આવી છે.

### નીલમ ગોરેએ વહીવટીતંત્રને શું સૂચનાઓ આપી

શિવસેનાના શિંદે જૂથના નેતા અને વિધાનસભા પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોરેએ સ્વારગેટ બસ ડેપોની મુલાકાત લીધી હતી. નીલમ ગોરેએ કહ્યું હતું કે મને લાગે છે કે આપણી પોલીસ આ કેસમાં આરોપીઓ સુધી શક્ય તેટલી વહેલી તકે પહોંચશે. કારણ કે પોલીસ પાસે આ કેસમાં કડીઓ છે. અમે શિવશાહી બસોનું નિરીક્ષણ કર્યું હતું. આપણે જોયું છે કે જ્યારે બસના ડ્રાઇવરની પાછળનો દરવાજો બંધ હોય છે, ત્યારે મુસાફર ગમે તેટલી બૂમો પાડે, તેમનો અવાજ ડ્રાઇવર સુધી પહોંચતો નથી. અમે બસ રોકી અને પ્રયાસ કર્યો. એવું પણ જોવામાં આવ્યું છે કે બંધ બસમાં બેઠેલી વ્યક્તિ ગમે તેટલી બૂમો પાડે, પણ અવાજ નીકળતો નથી.

આ હકીકત જોઈને, અમે વહીવટીતંત્રને કેટલાક પગલાં લેવા સૂચના આપી છે. અમે ડેપો મેનેજમેન્ટને સૂચન કર્યું છે કે રાત્રે બસો આવ્યા પછી, તેને સાફ કર્યા પછી સીલ કરવામાં આવે અને બીજા દિવસે, જ્યારે બસો ડ્રાઇવર અને કંડક્ટરને સોંપવામાં આવે, ત્યારે સીલ ખોલવામાં આવે અને તેમને સોંપતા પહેલા બધી તપાસ કરવામાં આવે.

### ગુનેગારોને જોવાનો અભિગમ બદલાવવો જોઈએ

કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે આ મુદ્દા પર બોલતાં એમ પણ કહ્યું છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. તેમણે એમ પણ કહ્યું કે આ કેસમાં ગુનેગારની તપાસ શરૂ કરવામાં આવી છે. આ આરોપી સામે અગાઉ ૫-૬ કેસ નોંધાયેલા છે. તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. પૃથ્વીરાજ ચવ્હાણે એમ પણ કહ્યું હતું કે જો આવું હોય તો, હાર્ડકોર ગુનેગારોને જોવાનો ન્યાયતંત્રનો અભિગમ બદલવો જોઈએ.

### શિવસેના-યુબીટીના કાર્યકરોએ સ્વારગેટ ડેપોમાં તોડફોડ કરી

એમએસઆરટીસીની બસમાં મહિલા પર કરાયેલા બળાત્કારની ઘટના બાદ સ્વારગેટ બસ ડેપોના સિક્યોરિટી ઓફિસમાં શિવસેના-યુબીટીના કાર્યકરોએ તોડફોડ કરી હતી.

સિક્યોરિટી ઓફિસમાં આંદોલનકારીઓએ બારીના કાચ, ફર્નિચરની તોડફોડ કરી હતી જ્યારે મહિલા દેખાવકારોએ ભાજપના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. મંગળવારે વહેલી સવારે સ્વારગેટ બસ ડેપો ખાતે શિવશાહી એસી બસમાં ૨૬ વર્ષીય મહિલા પર કથિત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. બળાત્કાર ગુજારનાર નરાધમની ઓળખ દત્તાત્રય ગાડે તરીકે કરાઇ હતી. પોલીસે તેને પકડવા માટે પોલીસની આઠ ટીમ બનાવી છે.


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોળા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

**"KAPIL SAGPAN"**

જૈન વૈષ્ણવ યુવક - યુવતીઓના બાયોડેટા Whatsapp ગ્રુપમાં મળશે. Sonali Sheth 8200877878. (દહેજ નહીં). (બી-૧૫૪૩૪)

### ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**

ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુલ્હાશ્રમ, દેવીબેન પ્રવાસ (40 વર્ષથી) 9833730639. (૧૫૬૨૯-જી)

■ Bfast ડિનર સાથે વ્યક્તિગત પ્રવાસ જોવાલાયક સ્થળોનો પ્રવાસ પ્રાઈવેટ કાર. Per Couple Starting from સિક્કીમ 58000 ઉત્તરાંચલ 55000 કાશ્મીર 54000 હિમાચલ 45000 આંદામાન 44000 સિંગાપોર 127000 અઝરબૈજાન 108000 અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૬૧૨)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/-, 3 બેડરૂમ 7,000/-, કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ, પ્લાનીંગ અને રીનોવેશન પ્રોફેશનલ ટીમ દ્વારા Helpline - 8989282877. (૧૫૩૨૩/એ).

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104 - 8450941119. (બી-૧૫૫૯૯)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ભોકરવા નિવાસી હાલ કાંદિવલી, અંજવાળીબેન હીરાચંદભાઈ લાખાણીના સુપુત્ર છોટાલાલભાઈ (ઉં. વ. ૯૦) તે ભાનુબેનના પતિ. પન્ના, સોનલ, અલ્કા, હિતેશ, જતીનના પિતાશ્રી. અમિતકુમાર, યતીનકુમાર, ચેતનકુમાર, અ.સૌ. મીના તથા અ.સૌ. બીજલના સસરા. સ્વ. ધીરુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જયાબેન નાગરદાસ જસાણી, ગં.સ્વ. સવિતાબેન રસિકલાલ પંચમિયા, કુંદનબેન શશીકાંત જાટકીયા, સરોજબેન નીતીનકુમાર માવાણી, ગં.સ્વ. પ્રતિભાબેન હરેશકુમાર ટીમ્બડીયાના ભાઈ. સ્વ. હીરાચંદ ભીમજી દોશીના જમાઈ. નિર્મિતના દાદાજી. શુક્રવાર તા. ૨૧-૨-૨૫ના અમદાવાદ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ને શનિવારે ૧૦ થી ૧૨. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ભોકરવા નિવાસી હાલ અમદાવાદ, અંજવાળીબેન હીરાચંદભાઈ લાખાણીના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૮) તે નિર્મળાબેનના પતિ. હેમલ, પ્રશાંત, મેહુલના પિતાશ્રી. અમિતકુમાર, અ.સૌ. પ્રીતિ તથા અ.સૌ. અવનીના સસરા. સ્વ. છોટાલાલભાઈ, સ્વ. ધીરુભાઈ, સ્વ. જયાબેન નાગરદાસ જસાણી, ગં.સ્વ. સવિતાબેન રસિકલાલ પંચમિયા, કુંદનબેન શશીકાંત જાટકીયા, સરોજબેન નીતીનકુમાર માવાણી, ગં.સ્વ. પ્રતિભાબેન હરેશકુમાર ટીમ્બડીયાના ભાઈ. સ્વ. વિઠ્ઠલદાસ ઓધવજી બાખડાના જમાઈ. શુક્રવાર તા. ૨૦-૨-૨૫ના અમદાવાદ મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૫ને શનિવારે ૧૦ થી ૧૨. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના દિવાળીબેન ફુરીયા (ઉં. વ. ૭૪) તા. ૨૪-૨-૨૫, સોમવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રામુબેન માલશી રાયશીના પુત્રવધૂ. રામજી ફુરીયાના ધર્મપત્ની. બીપીન, મનિષા, શીલ્પાના માતુશ્રી. આધોઈના સ્વ. રતનાબેન/ભાવલબેન ગુણશી હરગણ છેડાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૭-૨-૨૫, ગુરુવાર પ્રાર્થના ૩ થી ૪-૩૦. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ.) લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી, અનિલભાઈ ચીમનલાલ મહેતાના ધર્મપત્ની મંઝુલાબેન (ઉં. વ. ૭૭) તે તા. ૨૪-૨-૨૫ અરિહંતશરણ પામેલ છે. તે દેવાંગ-બિનીતાના માતુશ્રી. રાગિણી તથા પ્રદીપકુમારના સાસુ. મીરાં મુકેશભાઈ મહેતા તથા ભાવના કિરીટકુમાર શાહના ભાભી. યશના દાદી. તે પિયર પક્ષે સ્વ. દયાલજી ભગવાનજી બાવીશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મેંદરડા નિવાસી (હાલ વિલેપાર્લા), સ્વ. શિવલાલ વસનજી લાઠીયાના ધર્મપત્ની હેમલતા લાઠીયા (ઉં. વ. ૯૦) તા. ૨૫-૨-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રમણલાલ પી. શાહના સુપુત્રી. યોગેન, સંજીવ, આશિતના માતુશ્રી. અ.સૌ. તોરલ, તૃષા, હિમાદ્રીના સાસુ. રજનીભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. અમીલતા મહાસુખલાલ સંઘવી અને પન્નાબેન ભુપતરાય સંઘવીના બહેન. હેમાલી કૃણાલ, અભીષા-જય, ધ્વનીકા, પ્રીથીકા, જહાનવી અને દેવાંશના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૫, શુક્રવારના જલારામ હોલ, જુહુસ્કીમ, વિલેપાર્લા વેસ્ટ ૫ થી ૭.

**કચ્છી ગુર્જર જૈન**

સ્વ. મગનલાલ મણીલાલ મહેતાના ધર્મપત્ની માલતીબેન મહેતા (ઉં. વ. ૮૬) ગામ કચ્છ માંડવી હાલે મુલુંડ, મંગળવાર તા. ૨૫-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. બીનાબેન, માધવીબેન, દિપ્તીબેન, રાજેનભાઈના માતુશ્રી. તે આરતીબેન, મુકેશભાઈ, શ્રેયસભાઈ, કેતનભાઈના સાસુજી. તે પ્રતીક અને પ્રિયાના દાદીજી. તે પરમ પૂજ્ય સાધ્વીજી સત્વજ્ઞાશ્રી પરમ પૂજ્ય સાધ્વી રાજપ્રજ્ઞાશ્રીજીના સંસારી ભાભી. તે શાંતાબેન નવીનભાઈ, સ્વ. કાંતિભાઈ, મહેન્દ્રભાઈના ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૭-૨-૨૫ ૪ થી ૬. કાલિદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ પવઈ મુંબઈ, કમળાબેન રસિકલાલ પીપરીયાના જ્યેષ્ઠપુત્ર હર્ષદભાઈ (ઉં. વ. ૭૪) તા. ૨૩-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રફુલ્લાબેનના પતિ. સ્વપ્નિલ તથા સંસ્કૃતિના પિતાશ્રી. પ્રફુલભાઈ, આશિષભાઈ, મીનાબેન, સ્વ. ભાવનાબેન, પારૂલબેન, સ્વ. શિલ્પાબેનના મોટાભાઈ. સ્વ. પુષ્પાબેન નગીનદાસ મહેતા (સરવૈયા)ના જમાઈ. અશોકભાઈ, દીપકભાઈ, કોકિલાબેન, મીતાબેન, કેતનાબેનના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૨-૨૫ ગુરુવારના ૧૦ થી ૧૨. પારસધામ-ઘાટકોપર. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વીઢના પુષ્પા પોપટલાલ નાગડા (ઉં.વ. ૬૮) તા. ૨૪-૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સાકરબાઇ દામજી ઠાકરશીના પુત્રવધૂ. પોપટલાલના ધર્મપત્ની. કલ્પેશ, ભાવીનીના માતુશ્રી. વાલબાઇ નાનજીના પુત્રી. વિશનજી, રાયધણજરના મેઘજી, જીવરાજ, લખમશી, ખારૂઆના ખેતબાઇ હરશી, બાડાના હેમલતા વશનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્પેશ નાગડા, ૧૦૩ ઓશો મહાવીર બિલ્ડીંગ, ટેંભીનાકા, જૈન મંદિર રોડ, થાણા-વે.

છસરાના ઉત્તમચંદ શેઠીયા (ઉં.વ. ૭૮) તા. ૨૪-૨-૨૫ના અવસાન પામેલ છે. ઉમરબાઇ હંસરાજના પુત્ર. કુસુમના પતિ. જીગ્નેશ, ભવ્યા (ફોરમ)ના પિતા. દામજી, કાનજી, ચુનીલાલ, જેઠાલાલ, વસનજી, જયંતીલાલ, છસરાના લીલબાઇ નાનજી, પત્રીના કુંવરબાઇ ભાણજી, રાણબાઇ રામજી, ગુંદાલાના હીરબાઇ મગનલાલ, મોખાના લક્ષ્મીબાઇ દેવજી, વાંકીના મંજુલાબેન મુલચંદ, મો. ખાખરના દમયંતી હરખચંદ, નાગલપુરના રશ્મીબેન જગદીશના ભાઇ. મુન્દ્રાના મકાબેન ગોપાલજી દેવશી નંદુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીગ્નેશ શેઠીયા, ઇ-૬૦૪, નવનીતનગર, દેશલપાડા, ડોંબીવલી (ઇ.).

હાલાપુરના નીતીન વલ્લભજી (તલકશી) સાવલા (ઉં.વ. ૫૪) તા. ૨૫-૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ભાનુમતી વલ્લભજીના પુત્ર. દિપાના પતિ. ક્રિશી, હર્ષીલના પિતા. દિપાલી, સચીનના ભાઇ. હેમલતા માવજીના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટાઇમઃ ૪ - ૫.૩૦. નિવાસઃ નીતીન સાવલા, રૂ. નં. ૨, એકવીરા દેવી કોટેજ, માલવડી ચર્ચની બાજુમાં, મલાડ (વે).

ખારૂઆના શામજી કાનજી કારાણી (ઉં.વ. ૯૭) તા. ૨૪-૨-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી ખેતબાઈ કાનજી રાયશીના પુત્ર. બચુબેનના પતિ. મુલચંદ, ભારતી, કિશોર, શરદ, અતુલ, ભાવનાના પિતાશ્રી. ખારૂઆના શીવજી કાનજી, કુંવરબાઈ કલ્યાણજી તલકશી, મોથારાના ગંગાબેન ભવાનજી શામજી, રાયધણજરના મણીબેન મેઘજી નાનજીના ભાઈ. ચીઆસરના ધનબાઈ ભાણજી શીવજી ગડાના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. અતુલ શામજી : ૨/એ/૨૨, ગીરીવિહાર, જીવદયા લેન, ઘાટકોપર-વે.

**માંગરોલ દશા શ્રીમાળી જૈન**

માંગરોલ નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. વેણાબેન કાંતિલાલ હરકિશનદાસ દલાલના પુત્ર પ્રફુલભાઇ (નાનુભાઈ) (ઉં.વ. ૮૫) ૨૫/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીના (મંજુ)ના પતિ. ધર્મેશ તથા પ્રિયેશના પિતા. ચિતરંજનભાઈના મોટાભાઈ. ગુલાબચંદ ખીમજી શાહના જમાઈ. કુશલના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ધીરજલાલ પરમાનંદદાસના ધર્મપત્ની કાંતાબેન શાહ (ઉં.વ. ૯૧) તા. ૨૫-૨-૨૫ને મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેન મયુરકુમાર શાહ, પ્રકાશભાઈ, મનોજભાઈ અને બીનાબેન દિલીપકુમાર શાહના માતુશ્રી. સુરેખાબેન અને દ્રષ્ટિબેનના સાસુ. રુચિત, પંક્તિ, કિશ્મા, દર્શિલના દાદી. પિયરપક્ષે રાજપરાવાળા સ્વ. વેલચંદ લાધાભાઈ મહેતાના દિકરી. લૌકિક વ્યવહાર બંધ છે. ૨૦૨, મધુસુદન, દેરાસર લેન રામનગર, ગીતાંજલિ જૈન દેરાસર પાસે, બોરીવલી પશ્ચિમ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

દેવગાણા નિવાસી હાલ બોરીવલી, નગીનદાસ જીવણલાલ શાહના સુપુત્ર ભરતભાઈના ધર્મપત્ની ચંદ્રાબેન (ઉં.વ. ૭૨) તા. ૨૩-૨-૨૫ને રવિવારના અવસાન થયું છે. તે યોગેશ, મેહુલ, રૂપા પિયુષકુમાર, અર્હમરતાશ્રીજીની માતુશ્રી. રસિકભાઈ નગીનદાસ, સરોજબેન ન્યાલચંદ, ઉષાબેન લલીતકુમારના ભાઈના પત્ની. મનીષા, અલ્પા, પિયુષકુમારના સાસુ. પીયરપક્ષે જયંતીલાલ બેચરદાસ સંઘવી (નાગધણીબાવાળા હાલ ભાવનગર)ના દીકરી. માતૃવંદના તા. ૨૮-૨-૨૫ શુક્રવારે ૧૦થી ૧૨. વર્ધમાન સ્થાનકવાસી હૉલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકિઝની સામે, બોરીવલી (વેસ્ટ).

## પારસી મરણ

શેહેરૂ રતન ભરૂચા તે મરહુમ રતન ભરૂચાના વિધવા. તે મરહુમો એરચશા ને બચુબાઈ મોદીના દિકરી. તે કેશમીરા ને પરવીનના માતાજી. તે સાયરસ ને મીનુના સાસુ. તે મની કાવસ પટેલના બહેન. તે હનોઝ, દેવકી, પરીઝાદ, નવરોઝ, શીરોય, અરનાઝ, ફરઝીન, સ્પેનટા, ફરાક ને ઝરયાનના મમયજી. (ઉં. વ. ૧૦૧) રે.ઠે. ઈ-૬, જીનવાલા બિલ્ડીંગ, કેપ્ટન કોલોની, તારદેવ, મું. ૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ઓલબ્લેસ બંગલી ડુંગરવાડી. મુંબઈ.

## હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

મુંબઈ નિવાસી હાલ વિલેપાર્લે પ્રમોદભાઈ રસીકલાલ ઠક્કર (ઉં. વ. ૮૧) તે પ્રતિમાબેનના પતિ. કૌશિકભાઈ, પ્રીતિબેન કલ્પેશભાઈ આયાના પિતા. માનસીના સસરા. તે સ્વ. વિનોદભાઈ, દિલીપભાઈ, સ્વ. નયનભાઈ, ઈલાબેન ચંદ્રકાંતભાઈ રાચ્છના ભાઈ. તે માસુમીના દાદા. તે હરીલાલ મુલજી સોમૈયાના જમાઈ તા. ૨૫-૨-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭-૨-૨૫ ૫ થી ૭ ક. સન્યાસ આશ્રમ ટેમ્પલ, સન્યાસ આશ્રમ રોડ, બજાજ રોડ, વિલેપાર્લે (વે). (લૌકિક વ્યવહાર બંધ છે).

**કોડીનાર મોઢ વણિક**

કોડીનારવાળા હાલ મુંબઈ, ગો.વા. પ્રવીણાબેન મુકુંદભાઈ શાહના સુપુત્ર અનુપભાઈ શાહ (ઉં.વ. ૫૧) તે જીજ્ઞાના પતિ. મહેક અને માહિરના પિતા. અલ્પા કમલેશ ઝવેરી, દીના દીપેશ પારેખ, સુરેન્દ્રભાઈ, જ્યોતિનભાઈના ભાઈ. ગં.સ્વ. શાંતાબેન નવિચંદ્ર શાહના ભત્રીજા. ગં.સ્વ. હેમાબેન વિનોદભાઈ છેડાના જમાઈ. તા. ૨૫-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૫ શુક્રવારે ૫:૦૦ થી ૭:૦૦. એફપીએચ ગરવારે હોલ, લાલા લજપતરાય રોડ, હાજીઅલી, મુંબઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા (માંડવી)**

પ્રતાપસી ડુંગરશી મટાણી હાલ કાંદિવલી, સ્વ. પન્નાબેન (રમણીકલાલ સુંદરદાસ ઉદેશીના પુત્રી)ના પતિ. તે પ્રશાંત અને અ. સૌ. નીતા પરેશ સંપટના પિતા. અ.સૌ. બિંદુના સસરા. ચિ. હર્ષિલ અને અનુના દાદા-નાના. સ્વ. હરગોવિંદભાઈ, સ્વ. માધવસિંહભાઈ, સ્વ. સુરેન્દ્રભાઈ, સ્વ. ઝવેરબેન, સ્વ. માનકુંવરબેન ડુંગરસી ત્રીકમદાસ આશરના ભાઈ. મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

ગો.વા. હીરાબેન મણીલાલ ફીચડીયાના સુપુત્ર વિજયભાઈ ફીચડીયા તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે, તે નયનાબેનના પતિ. પૂજા તથા અમિતના પિતાશ્રી. મેહુલકુમાર, મેઘાબેનના સસરાજી. ગો.વા. જયંતીભાઈ, મૂળરાજભાઈ, ગો.વા. સુરેશભાઈ, હરીશભાઈ, ગો.વા. સરસ્વતીબેન, મંજુલાબેન, ભાનુબેન, મધુબેન, ચારુબેન, અ.સૌ. રમાબેનના ભાઈ. પિયરપક્ષે ગો.વા. પ્રભાવતીબેન વ્રજલાલ સોહેલિયાના જમાઈ. બેસણું તારીખ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના પાંચ થી સાત. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવકસંઘ (મોટા ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી(વેસ્ટ).

**વિશા લાડ વણિક**

મુંબઈ નિવાસી હાલ અમેરિકા શીરીષ કાંતિલાલ મારફતિયા (ઉં. વ. ૮૯) તે ગં.સ્વ. વાસંતિબેનના પતિ. કેયુર અને અમી પરેશ સાંગાણીના પિતા. નિપાના સસરા. પ્રાંજલ, હેમાનીના દાદા તા. ૮-૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# રાષ્ટ્ર નિર્માણ તથા સમાજ કલ્યાણ મારા જીવનનું મુખ્ય ધ્યેય રહ્યું...

નામઃ અરૂણા આસફ અલી
સમયઃ ૧૯૯૪
સ્થળઃ દિલ્હી
ઉંમરઃ ૮૬ વર્ષ

**ભારત** આઝાદ થયું એ સમયે જે લોકોએ એમાં પોતાનો સમય, શક્તિ અને સંબંધો અર્પી દીધાં એ સૌને મારી જેમ જ નિરાશા થઈ હતી. ૧૯૪૭માં આઝાદી મળી એ પછી ભારત અખંડ રાષ્ટ્ર બન્યું અને પોતાનું બંધારણ અમલમાં આવ્યું ત્યાં સુધી કશું સ્પષ્ટ નહોતું, પરંતુ મંત્રીમંડળ અમલમાં આવ્યું એ પછી કૉંગ્રેસનું વલણ બદલાયું. જે લોકોએ સ્વતંત્રતા સંગ્રામમાં પૂરા હૃદયથી કામ કર્યું હતું એમને આ નવા મંત્રીમંડળના નિર્ણયોથી આઘાત લાગ્યો એટલું જ નહીં, ધીરે ધીરે એમને મોહભંગ થવા લાગ્યો.

પાર્ટીશન વખતે પાકિસ્તાનને પૈસા આપવાના નિર્ણયથી ઘણા લોકો નારાજ થયા. મુસ્લિમ લીગને મળેલા મહત્ત્વને કારણે ગાંધીના વિરોધમાં પણ ઘણા લોકો ઊભા થયા. ૧૯૩૫માં મુસ્લિમ રાષ્ટ્રવાદી પાર્ટીના સદસ્ય તરીકે આસફ અલીને પસંદ કરવામાં આવ્યા હતા. એ પછી મુસ્લિમ લીગના ઉમેદવારની વિરુદ્ધ (પોતે મુસ્લિમ હોવા છતાં) કૉંગ્રેસના ઉમેદવાર તરીકે એ ચૂંટણી જીત્યા એટલું જ નહીં, એમને કૉંગ્રેસના ઉપાધ્યક્ષ તરીકે પદ સંભાળવાનું કહેવામાં આવ્યું. આ બધું '૪૨થી '૪૬ દરમિયાન બન્યું, પરંતુ ૧૯૪૭ પછી એમને ભારતીય રાજકારણથી એટલી નિરાશા થઈ કે એ રાજીનામું આપવા તૈયાર થઈ ગયા ત્યારે એમને જવાહરલાલ નહેરુએ સમજાવીને કૉંગ્રેસ પક્ષમાં ટકી રહેવા વિનંતી કરી.




૧૯૪૮થી ભારતના યુવાનોની નારાજગી વધુને વધુ મુખર થવા લાગી. સ્વતંત્રતા સંગ્રામમાં જેમણે ભાગ લીધો હતો એવા લોકોએ ગાંધીજીના નિર્ણયો અને જવાહરલાલ નહેરુની સરકારની કાર્યવાહી સામે રોષ પ્રગટ કરવાની શરૂઆત કરી. ૧૯૪૮ના જાન્યુઆરી મહિનામાં મહાત્મા ગાંધીની હત્યા કરવામાં આવી અને દેશભરમાં અરાજકતા ફેલાઈ ગઈ. ગાંધીનું મૃત્યુ એક રીતે ભારતના યુવાનોના રોષને પ્રતિબિંબિત કરતી બહુ મોટી ઘટના હતી.

એ સમય મારા પણ મોહભંગનો સમય હતો. પહેલાં સમાજવાદી પાર્ટીની પસંદગી કરીને મેં કૉંગ્રેસ છોડી દીધી. એ જ ગાળામાં આસફ અલીને અમેરિકામાં આઝાદ ભારતના પહેલા રાજદૂત બનાવીને મોકલવામાં આવ્યા. મેં સાથે જવાનો નિર્ણય કર્યો કારણ કે, હવે ભારતીય રાજકારણમાં મારે માટે કશું બચ્યું નહોતું.

૧૯૪૮થી '૪૯ના વર્ષ દરમિયાન હું અમેરિકા આવ-જા કરતી રહી. ૧૯૫૦માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીની સભ્ય બની. સીપીઆઈને નેશનલ ફેડરેશન ઓફ વુમન બનાવવામાં મદદ કરી. રશિયાના નિકીતા ક્રુશ્ચેવ અને સ્ટાલિનની સાથે સીપીઆઈ ભારતને એક નવી દિશા આપશે એવી મારી ધારણા હતી.

એ ગાળામાં, ૧૯૫૩માં આસફ અલી સ્વિટ્ઝર્લેન્ડમાં હતા. અમેરિકા પછી એમને સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીય રાજદૂત બનાવીને મોકલવામાં આવ્યા. એમણે કૉંગ્રેસથી દૂર રહેવાનો નિર્ણય કરી લીધો હતો એટલે એક્ટિવ રાજકારણમાં ભાગ લેવાની એમની બિલકુલ ઈચ્છા નહોતી. એ જ્યારે બર્ન-સ્વિટ્ઝર્લેન્ડમાં હતા ત્યારે ૬૪ વર્ષની ઉંમરે હાર્ટ એટેકથી એમનું નિધન થયું. હું ત્યારે સ્વિટ્ઝર્લેન્ડમાં નહોતી. અચાનક સમાચાર મળ્યા પછી મારે માટે જીવન જાણે એક સવાલ બની ગયું. અત્યાર સુધી આસફ અલી એક એવી વ્યક્તિ હતા જેની સાથે હું મારા મંતવ્યો, ગમા-અણગમા ખુલ્લા દિલે ચર્ચી શકતી. મારા રાજકીય અભિપ્રાયો પણ કોઈ મુખવટા વગર એમને જણાવી શકતી અને એ પણ મને સાચો નિર્ણય કરવામાં મદદ કરતા... એમના નિધનના સમાચાર પછી હું જાણે સાવ એકલી પડી ગઈ.

૧૯૫૬માં નિકીતા ક્રુશ્ચેવ પણ સ્ટાલિન સાથે મતભેદ થયા અને એ લોકો અલગ થયા. મને પણ સમજાયું કે, કમ્યુનિસ્ટ પાર્ટી પાસે કોઈ દિશા નથી બલ્કે, અંદરોઅંદરની લડાઈમાં એ લોકો સમય વેડફી રહ્યા છે. સોવિયેત યુનિયનની કોમ્યુનિસ્ટ પાર્ટી (૧૯૫૩-૬૪) અને સોવિયેત યુનિયનના પ્રીમિયર (૧૯૫૮-૬૪) જેણે ડી-સ્ટાલિનાઇઝેશનની જાહેરાત કરીને સમગ્ર સામ્યવાદી વિશ્વમાં વ્યાપક પ્રત્યાઘાતો પાડ્યા હતા. વિદેશી બાબતોમાં, તેમણે મૂડીવાદી પશ્ચિમ સાથે 'શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ'ની નીતિ અપનાવી જેને વિશ્વએ સ્વીકારી. ક્રુશ્ચેવ શરૂઆતના વર્ષોમાં સ્ટાલિનના ઉત્સાહી સમર્થક હતા, પરંતુ સમય જતાં બંનેને મતભેદ પડ્યા જેને કારણે કમ્યુનિસ્ટ પાર્ટીના લોકો બે ભાગમાં વહેંચાઈ ગયા. ધાર્મિક સતામણી અને પુરુષવાદી શાસનની સાથે સાથે કેટલાક બેગુનાહ વિરોધીઓને ફાંસી આપવામાં આવી. જર્મની અને યુરોપના કેટલાક દેશોમાં બળવો થયો, જેને ડામી દેવા માટે કમ્યુનિસ્ટ પાર્ટીએ કોઈ આંધળા સત્તાધીશ જેવો વ્યવહાર કરીને વિશ્વના દેશોને આઘાત આપ્યો. મને પણ આઘાત લાગ્યો... મેં સામ્યવાદી પાર્ટી પણ છોડી દેવાનું નક્કી કર્યું.

૧૯૫૮માં જવાહરલાલ નહેરુના આગ્રહથી હું કૉંગ્રેસમાં પાછી ફરી. એમણે મને દિલ્હીની મેયર બનાવી. દિલ્હીમાં સમાજ કલ્યાણ અને વિકાસ માટે કૃષ્ણા મેનન, વિમલા કપૂર, ગુરૂ રાધાકિશન, પ્રેમ સાગર ગુપ્તા, સરલા શર્મા અને સુભદ્રા જોશી જેવા કલ્યાણ અને વિકાસ ઈચ્છતા ધર્મ નિરપેક્ષ લોકો સાથે જોડાઈને મેં કામ કરવાનું શરૂ કર્યું.

એ ગાળામાં નારાયણન મારી પાસે આવ્યા અને એમણે લિંક પબ્લિકેશનની શરૂઆત કરી. દૈનિક સમાચાર પત્ર 'પેટ્રીઓટ'નું કામ મેં સંભાળી લીધું. એ પછીના વર્ષો મેં દિલ્હીમાં જ વીતાવ્યા. સમાજ કલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણમાં મારી પૂરી નિષ્ઠાથી કામ કર્યું. હું મારા કાર્યાલયે જવા માટે સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરતી...

એક કિસ્સો યાદ આવે છે, ઠસાઠસ ભરેલી બસમાં હું ચઢી. એક પણ સીટ ખાલી નહોતી, ત્યારે એક સુંદર દેખાતી આધુનિક મહિલા પણ ચઢી. એક યુવાન ઊભો થયો અને એણે પેલી છોકરી માટે સીટ ખાલી કરી. છોકરીએ મારી ઉંમર જોઈને કે કદાચ, મને ઓળખીને એ સીટ મને આપી દીધી... મેં પેલા છોકરાને કહ્યું, 'બહેનની પહેલાં માનો વિચાર કરવો જોઈએ એવું શીખ્યા નથી?' બસના સૌ લોકો હસી પડ્યા, પેલો છોકરો શરમાઈ ગયો!

દિલ્હીનું મારું જીવન એકંદરે સફળ અને શાંત રહ્યું. વિશ્વશાંતિ સ્થાપવા માટેના મારા પ્રદાન બદલ મને લેનિન શાંતિ પારિતોષિક અને સોવિયેત લેન્ડ નહેરુ પારિતોષિક આપવામાં આવ્યાં હતાં. મને ૧૯૮૬માં ઈન્દિરા ગાંધી એવોર્ડ, ૧૯૯૧માં આંતરરાષ્ટ્રીય સદ્ભાવ માટેનો જવાહરલાલ નહેરુ એવોર્ડ, ૧૯૯૨માં પદ્મવિભૂષણ તથા ૧૯૯૪માં નેશનલ સિટિઝન્સ એવોર્ડ મળેલા.

પાછી ફરીને જોઉં છું તો સમજાય છે કે, ૧૯૦૯થી, ૧૯૯૪... જિંદગીના લગભગ આઠ દાયકા મેં આ રાષ્ટ્રની સેવામાં સમર્પિત રહીને વીતાવ્યા છે. દસ વર્ષની ઉંમરથી શરૂ કરીને ૮૬ વર્ષની ઉંમર સુધી મારે માટે રાષ્ટ્ર નિર્માણ અને શુધ્ધ સાધન સાથે કરવામાં આવેલું સમાજ કલ્યાણ એ જીવનનું ધ્યેય રહ્યું. આજે પણ મારું સ્વાસ્થ્ય સરસ છે અને કામ કરી શકું છું એ માટે ઈશ્વરની આભારી છું...

હવે એવું લાગવા માંડ્યું છે કે આ જગતમાં મારી જરૂર ઓછી થઈ ગઈ છે... ક્યારેક આંખ મીંચાશે ત્યારે પણ મારા મનમાં રાષ્ટ્ર નિર્માણ અને સમાજ કલ્યાણ જ અગ્રેસર હશે.

નોંધઃ જુલાઈ, ૧૯૯૭માં એમને 'ભારતરત્ન' મરણોત્તર એનાયત કરવામાં આવ્યો. ૧૯૯૮માં એમની ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી.

(સમાપ્ત)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ટીનેજર્સ બળવાખોર કેમ બની જાય છે?

ઉનાળાના આકરા તાપને કારણે અસહ્ય ઉકળાટ અને બેચેન કરી મૂકે તેવા બફારા વચ્ચે મુખ્ય બજારના લાંબા રસ્તા પર પડતી ડાબી તરફની એક શેરીમાં વળતાં જ એના પગ લગભગ થંભી ગયા. એ સાંકડી શેરીની બંને તરફ વીણાની નજર ઝડપથી ફરી વળી. એનાથી અણગમાભર્યો નિઃસાસો નખાઈ ગયોઃ

'અરે, હજુ આ બધી દુકાનોમાં પણ જવું પડશે કે શું?'

હકીકત એવી હતી કે પોતાને તો એકપણ ચીજ ખરીદવાની નહોતી અને કદાચ જો ખરીદી કરવાની હોત તોપણ એ અત્યાર સુધીમાં બધું પતાવી, ઘેર પાછી પહોંચી ગઈ હોત. પોતાના બેડરૂમમાં કંઈક વાંચતી પડી હોત કે આરામ કરતી હોત, પરંતુ જેમની સાથે વીણાએ પરાણે આવવું પડેલું એ બધાં એટલે કે એની મમ્મી, માસી, કઝિન્સ સવારથી લગભગ પચાસેક દુકાનોમાં પ્રવેશી અંતે ખરીદી કર્યા વગર ખાલી હાથે પાછાં પગથિયાં ઊતરી જતાં ત્યારે પોતે સાચું-ખોટું માત્ર એટલું જ પૂછતી કે 'કંઈ ના ગમ્યું?' જવાબમાં એ લોકોના નકારમાં ધુણાવેલા ચહેરાઓ સામે પોતે સાચા ગુસ્સાને બદલે ખોટું સ્મિત ફરકાવતી ચાલવા લાગતી.

અત્યારે પણ સ્વસ્થ ચહેરા અને ચિડાયેલા મન સાથે એવું વિચારવા લાગી કે, 'આ બધું હજુ કેટલું ચાલશે? માંડ રજાઓ મળી હતી. એમાં આ રોજરોજની આ પરાણે ને પળોજણ અને ઉપરથી આ ગરમી.' આટલું વિચારતાં તો બહારના આશરે ૩૮ ડિગ્રી જેટલા તાપમાનના પારામાં વીણાના મિજાજનો પારો સો ડિગ્રીએ ઊકળવા લાગ્યો. સાથોસાથ 'ઓ! બેન સહેજ આઘાં રહો. આમ રસ્તાની વચ્ચોવચ્ચ ગમે ત્યાં ઊભાં રહી જાઓ છો. કંઈ સમજણ બમજણ પડે કે નહીં? એમ બબડતો પરસેવાથી નીતરી રહેલો એક મજૂર જેવો માણસ રેકડીને ધક્કા મારતો એને દૂર હડસેલતો ગયો ત્યારે તો વીણાનો મગજ સાવ છટકી ગયો, પણ આસપાસ નજર કરતાં ખ્યાલ આવ્યો કે પોતે ઘણી પાછળ રહી ચૂકી છે. એણે ડોક ઊંચી કરી જોવાનો પ્રયત્ન કર્યો. થોડે આગળ મમ્મી-માસી એક શો-રૂમના ડિસ્પ્લેમાં મુકાયેલી સાડીઓને ઝીણી નજરે ચકાસી રહ્યાં હતાં. પાછળ એની કઝિન વીણાને ઈશારાથી અંદર આવવાનું કહી પગથિયાં ચડી ગઈ. પોતે ઉતાવળા પગલે મોં પર બાઝી ગયેલા પરસેવાને લૂછતી : 'હા, આવું જ છું.' એમ બોલી ચાલવા લાગી. લાંબી ફલાંગો ભરતી એ જેટલાં ડગલાં ચાલી એટલાં બહાનાં એના મનમાં ઘડાવાં લાગ્યાં. એણે મનોમન નક્કી કર્યું ગમે તે થાય હમણાં જ કહી દેવું છે કે 'કાલે હું નહી આવી શકું.' તરત જ જાતે એને ટોકીઃ 'પણ ખરાબ લાગશે તો? નહિ ગમે તો? મમ્મી તો ચોક્કસ ગુસ્સે થશે.' બે પળ અટકી અચકાતી, ખચકાતી, સારાં-નરસાં પાસાઓને ચકાસતી વીણા દરવાજાને જરા જોરથી ધક્કો મારી અંદર જતાંવેંત જ્યાં જગ્યા મળી ત્યાં ફસડાઈ પડી. હાશ! એ.સી.ના વેન્ટમાંથી આવતી ઠંડી લહેરખીએ એને જરા ઠંડી પાડી. એ સાથે જ ચોખ્ખી ના પાડી દેવાના નિર્ધારો પણ ઠંડા પડી ગયા. એક પછી એક પથરાતી સાડીઓ, રંગબેરંગી ભાતભાતની ડિઝાઇન અને અવનવા ડ્રેસીસ વચ્ચે એ અટવાતી રહી. વિચારતી રહી કે એના મિત્રો ગમે ત્યારે નાની અમસ્તી વાતમાં પણ ના પાડી દેતાં શરમાતા કે અચકાતા નથી હોતા. એવું પોતાનાથી કેમ થઈ નહીં શકતું હોય?



જો ટીનેજર્સનો સર્વે કરવામાં આવે તો કદાચ આવા એક નહિ અનેક પ્રસંગો, અનુભવો કે ઘટનાઓ સામે આવશે, જેમાં એમની પાસે ના પાડવાનું ઑપ્શન નથી હોતું. એના કારણે એ વિચિત્ર પરિસ્થિતિઓમાં મુકાઈ જતાં હોય છે. ક્યારેક એકબીજા સાથે આ પ્રકારનો સંવાદ કરતાં પણ સાંભળવા મળે કે, 'અરે, શું કરવું? હું ના પાડું તો કોઈ માને છે ક્યાં ઘરમાં? એટલે પછી મારે આમ કરવું પડ્યું અને તેમ જવું જ પડ્યું અને પછી તો એક દિવસ ના પાડવાને બદલે ધરાર મારે કરવું છે એ હું કોઈને કહ્યા વગર કરવા લાગીશ.' એવા વિચાર મનમાં ઊભરાવા લાગે.

બીજા દીવસે વીણાએ બળવો પોકાર્યો. એ કોઈ પણ ભોગે શોપિંગમાં સાથે જવા માગતી નહોતી. એને સમજાવવામાં આવી, ઠપકો આપવામાં આવ્યો, ગુસ્સો કરવામાં આવ્યો, પણ વીણા એકની બે થઈ નહીં. 'એક નનૈયો સો દુઃખ હણે' આ કહેવત જાણે તરુણાવસ્થા માટે નથી બની હોતી.

'તમને સમજ ના પડે, નાના હોય એટલે ના પડાય જ નહી. દરેક વાતમાં તુરંત સહમત થઈ જવું એ સારા ટીનેજર હોવાની નિશાની છે.' આવાં જાતભાતનાં સૂચન વીણા નાનપણથી સાંભળતી આવેલી અને ઘણાખરા અંશે અમલમાં પણ મૂકતી, પરંતુ હવે જ્યારે વીણા તરુણાવસ્થાના પડાવ પર ઊભી છે ત્યારે એને બળવાખોર બનતાં વાર લાગી નહી. એ સાથે ના ગઈ તો ના જ ગઈ. ઘરમાં બબાલ થઈ અને વીણાને 'બગડી ગયેલી છોકરી'નું બિરુદ આપી દેવામાં આવ્યું.

આ સમસ્યા માત્ર વીણાની નથી. લગભગ દરેક ટીનેજરનો સામાન્ય પ્રશ્ન છે. આ ઉંમરે ખોટી વાતમાં ના પાડતાં અચકાતા તરુણ આગળ જતાં જીવનના અલગ અલગ પડાવો પર ઘણી તકલીફો ભોગવે છે. જો ટીનેજર્સને હા પાડવાની હકારાત્મકતા સાથે ક્યારેક સમય આવ્યે ના પાડવાની આઝાદી પણ આપવામાં આવે તો એમના બળવાખોર બની જવાની ઘટનાઓને ટાળી શકાય છે. ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# પ્રથમ મહિલા વાળંદઃ શાંતાબાઈ યાદવ



**હજામત** કરતા પુરુષ વાળંદની નવાઈ નથી, પણ અસ્ત્રો પલાળીને પુરુષોની દાઢી કરતી ને કાતરથી વાળ કાપતી સ્ત્રી વાળંદને જોઈ છે?

શાંતાબાઈ શ્રીપતિ યાદવને મળો....મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લાના હસુરસાસગિરીની સિત્તેર વર્ષની શાંતાબાઈ ભારતની પ્રથમ મહિલા વાળંદ છે. ચાળીસેક વર્ષ પહેલાં પુરુષોની હજામત કરવાનું શરૂ કરનાર શાંતાબાઈ 'શાંતાબાઈ નાઈ' તરીકે જાણીતી. આજે દસ બાળકોની દાદી બની ગયેલી શાંતાબાઈ દાઢી કરવાના ને વાળ કાપવાના પચાસ રૂપિયા લે છે. ભેંસના વાળ કાપવાના સો રૂપિયા લે છે. દર મહિને શાંતાબાઈને ત્રણસોથી ચારસો રૂપિયાની કમાણી કરે છે. સરકાર પાસેથી છસ્સો રૂપિયા મળે છે. એ કહે છે : 'મારી પાસે તો માત્ર જૂના ગ્રાહકો જ આવે છે. એમનું કામ કરીને જે રળી લઉં છું તે જ મારી કમાણી. જોકે મારી આવક વાસ્તવમાં પર્યાપ્ત નથી, પણ મેં અગાઉ પણ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવા સંઘર્ષ કર્યો છે અને ફરી પણ એવું કરી શકું છું.'

શાંતાબાઈની જીવનકથા જોઈએ તો ખબર પડે કે મુશ્કેલીઓમાંથી પાર ઊતરવા એણે અતિશય સંઘર્ષ કર્યો છે. ચાળીસેક વર્ષ પહેલાં શાંતાબાઈ એક પરંપરાગત મહિલાનું જીવન જીવતી. બાર વર્ષની ઉંમરે શાંતાબાઈનાં લગ્ન થઈ ગયેલાં. પિતા નાઈ ને પતિ શ્રીપતિ યાદવ પણ નાઈ. શ્રીપતિ પરિવાર સાથે કોલ્હાપુર જિલ્લાના અર્દલ ગામમાં રહેતો. ચાર ભાઈઓ સાથે મળીને ત્રણ એકર જમીન પર ખેતી કરતો. સાથે જ આવક વધારવા વાળંદ તરીકે પણ કામ કરતો.

થોડો સમય સુધી તો બધું બરાબર ચાલ્યું, પણ પછી ભાઈઓ વચ્ચે ખટપટ શરૂ થઈ. આખરે પાંચ ભાઈઓએ ત્રણ એકર જમીન આપસમાં વહેંચી લીધી. શ્રીપતિના ભાગે એક એકરથી પણ ઓછી જમીન આવી. એટલી જમીનમાંથી થતી આવક પરિવાર માટે પૂરતી નહોતી. એથી એણે બીજાં ગામોમાં જઈને દાઢીવાળ કપાવવા હોય એવા થોડા ગ્રાહકોની શોધ આદરી. રડ્યાખડ્યા ગ્રાહકો મળતા, પણ એનાથી કાંઈ ન વળતું. અંતે શ્રીપતિએ શાહુકારો પાસેથી કરજ લેવું પડ્યું.

શ્રીપતિ બે છેડા ભેગા કરવાની ચિંતાના ચક્રવ્યૂહમાં ફસાયેલો, એ જ સમયે હસુરસાસગિરી ગામના સરપંચ હરિભાઉ કડુકર એની વહારે ધાયા. હસુરસાસગિરીમાં કોઈ વાળંદ નહોતો. ગામમાં શ્રીપતિને કમાવાની સારી તક હતી. એથી શ્રીપતિને હસુરસાસગિરીમાં વસવાનું સૂચન કર્યું. પરિણામે શ્રીપતિ અને શાંતાબાઈ નવું જીવન શરૂ કરવા માટે હસુરસાસગિરીમાં વસ્યા. પછીના દસ વર્ષમાં શાંતાબાઈએ છ દીકરીઓને જન્મ આપ્યો. પણ એમાંથી બેનું બાળપણમાં જ મૃત્યુ થઈ ગયું. શ્રીપતિ નાઈની દુકાનમાંથી સારી કમાણી કરી લેતો. પત્ની અને ચાર દીકરીઓની દેખભાળ સારી રીતે કરી શકતો. પરંતુ ૧૯૮૪માં, જયારે સૌથી મોટી દીકરી આઠ વર્ષની હતી અને સૌથી નાની દીકરી એક વર્ષની પણ નહોતી ત્યારે શ્રીપતિનું હૃદયરોગને પગલે અવસાન થઈ ગયું.

હવે ઘરપરિવારની જવાબદારી શાંતાબાઈને માથે આવી પડી. એનો જીવનસંઘર્ષ શરૂ થયો. ત્રણ મહિના સુધી શાંતાબાઈએ ખેતરોમાં મજૂરી કરી. દૈનિક આઠ કલાક કમરતોડ કામ કર્યું. પણ દિવસના અંતે એને મહેનતાણા પેટે માત્ર પચાસ પૈસા મળતા. ચાર દીકરીઓનું પેટ ભરવા પચાસ પૈસા પૂરતા નહોતા. દરમિયાન સરકારે શ્રીપતિની જમીનના ટુકડા બદલ પંદર હજાર રૂપિયા આપ્યા. તેમાંથી શાંતાબાઈએ શ્રીપતિએ લીધેલું કરજ ચૂકવ્યું. પેટિયું રળવા માટેનો પ્રશ્ન તો અજગરની જેમ મોં ફાડીને ઊભો જ હતો. કાળી મજૂરી કર્યા પછી પણ એ માંડ બે ટંકના ખાણાની જોગવાઈ કરી શકતી. ક્યારેક તો એ પણ ન થતું. ને ભૂખ્યા પેટે સૂવું પડતું. આખરે એ હિંમત હારી. પોતાની ચાર દીકરીઓ સાથે જીવનનો અંત આણી દેવાનો આકરો નિર્ણય લીધો.

પણ શાંતાબાઈ જીવનનો અંત આણે એ પહેલાં એની જિંદગીનો નવો આરંભ થઈ શકે એ માટે ફરી એક વાર હરિભાઉ કડુકર મસીહા બનીને આવ્યા. હરિભાઉને શાંતાબાઈની વેદના અંગે જાણ થઈ ત્યારે એમણે એને શ્રીપતિનો નાઈનો વ્યવસાય અપનાવી લેવાનું સૂચન કર્યું. શ્રીપતિના મૃત્યુ પછી ગામમાં કોઈ નાઈ નહોતો. એથી શાંતાબાઈ નાઈ બનીને કમાણી કરી શકે એમ હતી. જોકે હરિભાઉના સૂચનથી શાંતાબાઈ પહેલાં તો અચંબામાં પડી. શું કોઈ મહિલા વાળંદ તરીકે કામ કરી શકે?

શાંતાબાઈએ થોડો વિચાર કરીને હરિભાઉનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. એ અંગે એણે કહેલું કે, 'મારી પાસે માત્ર બે વિકલ્પ હતા. એક, મારી દીકરીઓ સાથે આપઘાત કરું અને જીવનથી હાર માની લઉં. બે, મારા પતિનો અસ્ત્રો ઉઠાવીને જીવન સાથે સંઘર્ષ કરું. મેં બીજો વિકલ્પ સ્વીકાર્યો. શાંતાબાઈએ હજામત કરવાનો અસ્ત્રો ઉઠાવી લીધો.ને ભારતની પહેલી મહિલા નાઈ બની ગઈ.

હરિભાઉ શાંતાબાઈના પહેલા ગ્રાહક બન્યા. જોકે ગામવાસીઓનો સહકાર એને ન મળ્યો. એ લોકો શાંતાબાઈની હાંસી ઉડાડતા. એની મશ્કરી કરતા. ભલુંબૂરું સંભળાવ્યું. પણ ચાર દીકરીઓને જીવાડવા શાંતાબાઈએ કમર કસી લીધેલી. ગામને મોઢે ગરણું બાંધવાનો પ્રયાસ કરવાને બદલે શાંતાબાઈએ પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પાડોશીઓ પાસે દીકરીઓને મૂકીને એ રોજ ચારપાંચ કિલોમીટર પગપાળા ચાલીને આસપાસનાં ગામોમાં ગ્રાહકોની શોધમાં જવા લાગી. ઝડપથી જ્યાં કોઈ નાઈ નહોતા એવા કદલ, હિદાદુગી અને નારેવાડી ગામના નિવાસીઓ શાંતાબાઈના ગ્રાહક બની ગયા. ૧૯૮૪માં શાંતાબાઈ વાળ કાપવા અને દાઢી કરવા માટે એક રૂપિયો લેતી. પછી એણે પાંચ રૂપિયામાં ગાય, ભેંસ અને બળદ જેવાં પશુઓના વાળ કાપવાનું પણ શરૂ કર્યું. અખબારોએ એની નોંધ લેવાનું શરૂ કર્યું. ત્યાર બાદ સમાજમાં પણ એને સ્વીકૃતિ મળી.

શાંતાબાઈને સામે પૂર તરવાના સાહસ બદલ અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી. એ વખતે એણે કહેલું કે, 'અસ્ત્રો માત્ર એક સાધન નથી, મારી આઝાદીનું પ્રતીક છે!' ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# કાથા વર્ક



કાથા વર્ક એટલે,રનિંગ સ્ટીચ. ફેબ્રિક પર એક સરખા માપ સાથે એકજ પેટર્નમાં હાથથી કરેલુ વર્ક એટલે કાથા વર્ક. કાથા વર્ક ખૂબ જ જૂનું અને ખૂબ જ પ્રચલિત કામ છે. કાથા વર્ક હંમેશાં લાઈટ કલરના ફેબ્રિક પર સારું લાગે છે, એટલે કે લાઈટ કલરના ફેબ્રિક પર બ્રાઇટ કલરના દોરા વડે કામ કરવામાં આવે છે તેથી તે ઊઠીને આવે છે. કાથા વર્કમાં મોટેભાગે ફ્લોરલ ડિઝાઇન હોય છે અથવા તો મોટિફ હોય છે જેમકે, ફ્લાવર બુટ્ટા, મેંગો, વારલી વગેરે. કાથા વર્કના બનેલા કપડાં હંમેશાં એક્સપેન્સિવ હોય છે કારણકે, કાથા વર્ક હાથથી કરેલું કામ છે અને ખૂબ જ સમય માગી લે છે. સમય સાથે કામની ગુણવત્તા માગી લે છે .તેથી જ કાથા વર્ક જુદું પડી આવે છે. જેમને કામની સમજ છે તે મહિલા પાસે કોઈ તો એક ગારમેન્ટ હશે જ કે જેમાં કાથા વર્ક આવેલું હોય. ચાલો જાણીયે કાથા વર્કમાંથી કયાં કયાં ગારમેન્ટ બનાવી શકાય.

સાડી - કાથા વર્કની સાડી ખૂબ જ પ્રચલિત છે. કાથા વર્ક એટલુ સિમ્પલ હોવા છતાં સાડીમાં ઘણી વેરાઈટી આવે છે. જેમકે .જાલ વર્ક,સ્કર્ટ બોર્ડર, બોર્ડર અને તેની પર બુટ્ટા , ઓલ ઓવર બુટ્ટી વગેરે. કાથા વર્કવાળી સાડીનો બેઝ પેસ્ટલ શેડમાં હોય છે એટલે કે, લાઈટ યેલો, સી ગ્રીન, બાબી પિન્ક, બેજ, વાઈટ વગેરે. લાઈટ કલરનો બેક્સ એટલા માટે કે તેમાં જે કામ કરવામાં આવ્યું હોય તે ઊઠીને આવે, જો તમારું શરીર સુડોળ હોય તો તમે ઓલ ઓવર કાથા વર્કવાળી સાડી પહેરી શકો. સ્કર્ટ બોર્ડર એટલે કે, જેમાં ગોઠણથી નીચે કામ કરવામાં આવે. એટલે કે હાલ્ફ સાડીમાં વર્ક હોય અને હાફ સાડીમાં પ્લેન હોય. ઘણી સાડીમાં ૪ ઇંચ થી લઈને ૫ ઇંચ સુધી બોર્ડર હોય છે અને પછી ૮ ઇંચ કે ૧૦ ઇંચના બુટ્ટા હોય છે. આ સાડી પણ પહેરે ખૂબ જ સુંદર લાગે છે. જો તમે કાથા વર્કવાળી સાડી પહેરી હોય તો તમે કોન્ટ્રાસ્ટ બ્લાઉઝ કરાવી શકો.

બ્લાઉઝ - ઘણી મહિલા ઓ કંઈક અલગ પહેરવાનું પસંદ કરે છે. જેમકે પ્યોર જોર્જેટની મરૂન કલરની સાડી હોય અને તેની સાથે બેજ કલરનું બ્લાઉઝ કે જેમાં કાથા વર્ક કરેલું હોય.બ્લાઉઝ મોટે ભાગે કલોઝ નેકનું કરાવવું પડે કે જેથી કરીને બેકમાં કરાયેલી કાથા વર્કની ડિઝાઇન દેખાય.બ્લાઉઝમાં મોટે ભાગે મોટિફ જ કરવામાં આવે છે જેમેક,પીકોક, મેંગો કે પછી કોઈ ફ્લાવર બુટ્ટા.અથવા તો સ્લીવ્ઝમાં નાની નાની બુટ્ટી કરી હોય અને નેકમાં,બ્લાઉઝની બેકમાં અને સ્લીવ્ઝની હેમલાઈનમાં બોર્ડર કરી હોય.આ બ્લાઉઝની પેટર્ન સાથે પણ પ્લેન સાડી પહેરી શકાય .જો તમારે કાથા વર્કવાળું બ્લાઉઝ પહેરવું હોય તો તેની સાથે ખાસ કરીને પ્લેન સાડી જ પહેરવી જેથી કરી બ્લાઉઝ ઊઠીને આવે. કાથા વર્ક મોટે ભાગે સેલ્ફ ટુ સેલ્ફ કલરમાં હોય અથવા કોન્ટ્રાસ્ટ કલરમાં હોય.તમે તમારી ચોઈસ મુજબ ફેબ્રિકની પસંદગી કરી શકો.

દુપટ્ટા - કાથા વર્કના દુપટ્ટા ખૂબ જ સુંદર લાગે છે કારણ કે, કોટન દુપટ્ટા ખોલીને પહેરી શકાય જેથી કરી કાથા વર્કની ડિઝાઇન દેખાય. કોટન દુપટ્ટામાં વેરાઈટી ઓફ કલર્સ આવે છે. જેમકે, લાઈટ અને બ્રાઇટ કલર્સ. તમે તમારી ચોઈસ અને સ્કિન ટોન મુજબ દુપટ્ટાં અને કલરની પસંદગી કરી શકો. કાથા વર્કવાળો દુપટ્ટો પ્લેન ડ્રેસ સાથે ખૂબ જ સુંદર લાગે છે. દુપટ્ટાની એ ખાસિયત છે કે, જો તમને કાથા વર્કવાળો દુપટ્ટો વધારે વાર રિપીટ ન કરવો હોય તો, તે દુપટ્ટામાંથી તમે જેકેટ, કુર્તો કે પછી હેન્ડ બેગ બનાવી શકો. અથવા તો કુશન કવર પણ બનાવી શકાય. કાથા વર્કના દુપટ્ટા કોટન ફેબ્રિકમાં તો સારા લાગે જ છે પરન્તુ શિફોન અને ટસર સિલ્કના ફેબ્રિક પર પણ એટલા આજ સારા લાગે છે. કાથા વર્કવાળો દુપટ્ટો પહેરી લીધા પછી જો તમે તેને રિપીટ ના કરવાના હોવ તો તેમાંથી કોઈ શેપના પેચ કાપી લેવા અને તે પેચ તમે બ્લાઉઝ કે પછી સાડી પર મૂકી કોઈ પેટર્ન બનાવી શકો.

એક્સેસરીઝ- કાથા વર્કમાં અલગ અલગ એક્સેસરીઝ પણ આવે છે જેમકે ,હેન્ડબેગ,બેલ્ટ,હેર ટાઈ,હેરબેન્ડ, ફેબ્રિક જ્વેલેરી,સ્મોલ પાઉચ વગેરે. કાથા વર્કવાળી વસ્તુઓ વાપરવાવાળો વર્ગ આખો અલગ જ છે. જે મહિલાને ફેશનનું જ્ઞાન છે અને જેમને કાથા વર્કની સમજણ છે અને કિંમત છે તે મહિલા પાસે એક કાથા વર્કવાળું ગારમેન્ટ અથવા કાંઠા વર્કવાળી એકાદી એક્સેસરીઝ તો હશેજ. ■

ફોકસ
રશ્મિ શુકલ
feedback.ladki@bombaysamachar.com

# મોર્નિંગ વોક માટેનું આઉટફિટ પણ પર્ફેક્ટ હોવું જોઇએ

**વ્યાયામ કરવાનો દિવસમાં સમય ભલે ન મળતો હોય, પરંતુ રોજ સવારે મોર્નિંગ વોક માટે સમય કાઢી લો તોપણ દિવસ તાજગીભર્યો રહી શકે છે અને સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદા થતા હોય છે. મોર્નિંગ વોકને કારણે આપણા ચહેરા પર તાજગી લાવનારા, આપણને ખુશ રાખનારા હોર્મોન્સ એન્ડોર્ફિન અને ડોપામાઇનમાં વૃદ્ધિ થાય છે.**



આજકાલની દોડધામવાળી જિંદગીમાં આરામ કરવાનો સમય મળતો નથી ત્યારે વ્યાયામ કરવા માટે સમય કાઢવો જ મુશ્કેલ થઇ જતો હોય છે. આપણી દિનચર્યા જ એવી થઇ ગઇ છે કે સ્વાસ્થ્ય અંગે બેદરકારી ન કરવાની ઇચ્છા થતાં આ ભૂલ થઇ જ જતી હોય છે. બપોર અને રાતના જમવાના ઠેકાણા રહેતા નથી. નોકરી-ધંધાની વ્યસ્તતાને કારણે ઘણી વખત જમવાનો પણ સમય રહેતો નથી અને હાલતાચાલતા કંઇક નાસ્તો કરી લેતા હોઇએ છે. આ જ વસ્તુ આપણને પાછળથી ભારે પડે છે. વ્યાયામ કરવાનો દિવસમાં સમય ભલે ન મળતો હોય, પરંતુ રોજ સવારે મોર્નિંગ વોક માટે સમય કાઢી લો તો પણ દિવસ તાજગીભર્યો રહી શકે છે અને સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદા થતા હોય છે. મોર્નિંગ વોકને કારણે આપણા ચહેરા પર તાજગી લાવનારા, આપણને ખુશ રાખનારા હોર્મોન્સ એન્ડોર્ફિન અને ડોપામાઇનમાં વૃદ્ધિ થાય છે. સૂર્ય પ્રકાશમાંથી મળતું વિટામિન ડી પણ આપણા શરીર માટે ઘણું જરૂરી હોય છે તેને કારણે ઘણા રોગોથી આપણને મુક્તિ મળે છે. મોર્નિંગ વોક જેટલું જરૂરી છે એ રીતે મોર્નિંગ વોક માટે યોગ્ય આઉટફિટ પહેરવું પણ જરૂરી હોય છે.

## મોસમ પ્રમાણે યોગ્ય આઉટફિટની પસંદગી કરો

સવારે વોક પર જતી વખતે સુતરાઉ વસ્ત્રોના બદલે પોલિસ્ટર, લાઇક્રા, સિન્થેટિક બ્લેન્ડ, એક્ટી વિયર જેવા ટેક્ચરના આઉટટફિટ પહેરવા જોઇએ, કારણ કે તે પસીનાને તરત શોષી લે છે. પ્યોર કોટનમાં પસીનો બહુ મોડેથી સુકાય છે. ઠંડીમાં ગરમ વસ્ત્રો પહેરીને વોક પર જવું, પણ એટલાં ગરમ વસ્ત્રો પણ નહીં પહેરવા કે પસીનો થયા બાદ તમને વધુ ગરમી લાગવા લાગે. પાતળા વસ્ત્રો પર જેકેટ પહેરવું જેથી તમને સુવિધા રહે. વરસાદના સમયે ભેજને કારણે પસીનો વધુ થતો હોય છે ત્યારે એવાં વસ્ત્રો પહેરવા જે પસીનો તરત શોષી લેતા હોય.

## હાઇડ્રેટ રહો

મોર્નિંગ વોક પર જતી વખતે ખાલી પેટે ન જવું. ગરમ પાણીમાં લીંબુ અને મધ નાખીને પીવું. જો આવું ન થઇ શકે તો સાદું પાણી પીને જવું જોઇએ. પોતાની સાથે પાણીની બોટલ હંમેશાં રાખવી. ગરમીના દિવસોમાં આ વાતનું ખાસ ધ્યાન રાખવું. થોડી થોડી વારમાં પાણી પીતા રહેવું જોઇએ જેથી શરીરમાં ઊર્જાનો સંચાર થતો રહે.

## સ્પોર્ટ્સ બ્રા પહેરો

સ્તનનો આકાર કેવો પણ હોય, પરંતુ દરેક ગતિવિધિ કરતી વખતે સ્તનોને અમુક આધારની જરૂર હોય છે. ચાલતી વખતે પણ તેને આધારની જરૂર હોય છે. મોર્નિંગ વોક માટે સારી ક્વોલિટીની સ્પોર્ટ્સ બ્રાની પસંદગી કરવી જોઇએ જેમાં બિલ્ટ ઇન સપોર્ટ હોય અથવા સપોર્ટિવ બ્રા હોય. આ પ્રકારની બ્રા સ્તનને યોગ્ય સ્થાને રાખે છે. તેના હલનચલનને નિયંત્રણમાં રાખે છે. સ્પોર્ટ્સ બ્રા વ્યાયામ કરતી વખતે પણ બહુ ઉપયોગી થઇ પડે છે. સ્તનના હલનચલનને ઘટાડી દે છે. સ્પોર્ટ્સ બ્રા વગર વ્યાયામ અથવા વોક કરવાથી સ્ટ્રેચ માર્ક્સ આપવાનું જોખમ હોય છે. લૈગિંગ પણ પસીનો શોષનારી હોવી જોઇએ. તેને જેકેટ, સ્વેટર અથવા લાંબી બાયના ટી-શર્ટ સાથે પહેરી શકાય છે. યોગા પેન્ટ, સ્ટ્રેચ પેન્ટ, સ્પોર્ટ લેંગિંગ પણ એક આરામદાયક વિકલ્પ છે.

## ફૂટવેર

જે લોકો સ્લીપર અને હિલ્સવાળા ચપ્પલ પહેરીને મોર્નિંગ વોક કરવા નીકળે છે તેઓએ યાદ રાખવું જોઇએ કે તેનાથી ફાયદો ઓછો અને નુકસાન વધુ થતું હોય છે. તેનાથી પગમાં દુખાવો અને થાકવાડો પણ વધુ થતો હોય છે. પગની માંસપેશીઓ પર પણ વધુ ભાર પડતો હોય છે. તેથી યોગ્ય ફૂટવેરની પસંદગી કરવી જરૂરી હોય છે. એવું નથી કે તમે બ્રાન્ડેડ ફૂટવેર જ પહેરો, સારી કંપનીઓના સસ્તા ફૂટવેર જે સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે બનાવવામાં આવે છે તેને પણ પહેરી શકો છો. બૂટ સાથે મોજા પણ એવા હોવા જોઇએ જે જલદીથી પસીનો શોષી લે જેથી પગમાં ગરમી ન લાગે.

## જરૂરી ટિપ્સ

- લેયરિંગ વસ્ત્રો પહેરો જેથી બદલતા તાપમાન સાથે તાલમેલ બનાવી શકો. ઉદાહરણ તરીકે ઠંડીમાં ટી-શર્ટ ઉપર જેકેટ પહેરો જેથી જ્યારે વોક દરમિયાન ગરમી લાગવા લાગે તો જેકેટ કાઢીને પણ વોક કરી શકો છો.
- તડકો લાગતો હોય તો સનસ્ક્રીન ગોગલ્સનો પણ ઉપયોગ કરી શકો છો. ગરમીમાં તડકાથી બચવા ટોપ અથવા ફ્રન્ટ કવરવાળી ટોપી પણ પહેરી શકો છો.
- કપડા શરીરને બરાબર ફીટ આવે એવા હોવા જોઇએ જેથી શરીરનું હલનચલન બરાબર થઇ શકે.
- વરસાદના સમયે પણ સનસ્ક્રીન લગાવો. વ્યાયામ માટે હલકી બેગપેક, ક્રોસ બોડી અથવા બેલી બેગ રાખો.
- ટ્રાફિકવાળી જગ્યાઓના બદલે પાર્ક, હરિયાળીવાળી જગ્યાઓની પસંદગી કરવામાં આવે જેથી તમને શાંતિ મળે. એક જ રસ્તે વોક કરવાને બદલે અલગ અલગ રસ્તાઓ પર ચાલવા જવું.
- રોજ કેટલા કિલોમીટર ચાલ્યા તેની નોંધ રાખો જેથી તમને પણ ચાલવામાં મોટિવેશન મળશે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# દો બેચારે બિના સહારે...



**સ્ત્રી** હઠ અને બાળ હઠ સામે ભલભલાએ ઘૂંટણિયાં ભરવાં જ પડે. બાળક તો હજી પણ રમકડાં કે ચોકલેટ, આઇસક્રીમથી રીઝે પણ ખરો, પણ આ સ્ત્રી પાસે તો આ ને આ જ, એક માત્ર શસ્ત્ર પતિને ઘૂંટણિયે કરવાનો! બાકી પુરુષો પણ ક્યાં ગાંઠે એવા હોય છે? મૂછ પર લીંબુ, નાક પર લીંબુ, ને રામ જાણે ક્યાં ક્યાં લીંબુ મૂકીને કોલર ઊંચો કરતા પુરુષ પણ નાછૂટકે સ્ત્રીના ઘૂંટણિયે પડે છે.

પડોશમાં રહેતા રામભાઈ એક દિવસ નિસાસા નાખતાં આવીને બેઠા. મહેશભાઈએ પૂછ્યું, ‘કેમ મ્હોં લટકેલું છે , દોસ્ત?’

‘શું કહું યાર! દસ દિવસથી રમીલા રિસાઈને બેઠી છે.’

‘તો એને ખૂણો પાળવા દેને... ખૂણે બેસીને ચિંતન કરવાથી વાલિયામાંથી વાલ્મીકિ બનાય છે! ભલભલા મોટા ચિંતકોએ મૌન રહીને આત્મજ્ઞાન મેળવ્યું છે.’

‘ભાઈ મહેશ, રમીલા ખૂણો પાળે, મૌન રાખે, ચિંતન કરે, તો તો હું આખા શહેરમાં પેંડા વહેંચું. પણ આ તો વિકૃત ઇફેક્ટ (રિએક્શન) આવેલી છે. પાછી વાંધો શું પડ્યો છે, એ પણ કહેતી નથી. રસોડામાં હોય તો વાસણ ધમાધમ, કપડાં લઈને બેસે તો ધોકો ધબાક ધબ, રેડિયો પર મોટેથી ગીતો વગાડે, સાથે શમશાદ બેગમની જેમ નાકમાંથી ગાવાનું શરૂ કરે. આજુબાજુના કૂતરાં લાવીને, ઘરમાં જાણી જોઈને છૂટાં મૂકે. તું તો જાણે છે કે મને કૂતરાંથી કેટલો ડર લાગે છે!’

‘જો દોસ્ત, તારા બાપાએ તારું નામ રામ પાડ્યું છે, તો હવે તારાથી રાવણગીરી તો થવાની જ નથી , કારણ કે નથી તારી મૂછ પર લીંબુ, કે નથી મચ્છર મારવાની હિંમત! માટે થોડી સબૂરી રાખી સહન કરી લે... એની મેળે ભાભીનો ગુસ્સો ઓછો થશે અને સામે ચાલીને પ્રેમથી બોલવા આવશે. (જિંદગીમાં મેં પણ આવું બહુ ધબાકધબ અને ધમાધમ સહન કર્યું છે!) જો મિત્ર, હું પણ મારા જાત અનુભવમાંથી જ કહી રહ્યો છું. ભાભીને પાસે બેસાડીને એના રિસાવાનું કારણ પૂછ. તારી કોઈ ભૂલ હોય તો માફી માગી લે. પછી જો, ભાભી કેવાં સુધરી જાય તે!’

‘રમીલા જરા પણ સુધરે એમાંની છે જ નહીં. તું એમ માને છે કે મેં પ્રયત્ન ના કર્યા હશે? મેં લાખ મનાવી, લાખ પટાવી, કંઈ કેટલાં પ્રલોભનો આપ્યાં. પણ એ કંઈ તારી વાઇફ જેવી સમજુ અને ખાનદાન નથી. એ તો રામબાણ વાગ્યાં હોય તે જ જાણે! તારે હજી વીત્યું નથ એટલે તું ક્યાંથી જાણે કે કર્કશા પત્ની એટલે શું!’

મહેશભાઈએ આમતેમ નજર કરીને ગળગળા થઈ કહ્યું, ’દોસ્ત, ઘાયલ કી ગત ઘાયલ જાણે! આ તો તું ખાસ મિત્ર છે. એટલે કહું કે દેખાય એ બધું જ સોનું નથી હોતું. તને જે દેખાય છે, તે બધી છલના માત્ર છે. સપાટી ઉપરનું છે. બાકી હું જ જાણું છું અને વેઠું છું. મારી જગ્યાએ કોઈ બીજો, મારી પત્ની જેવી કર્કશા, ઉદ્દંડ, કજિયાળી અને એક નંબરની... ની... ની... શું કહે છે પેલી લડાકને...’

મહેશભાઈનું વાક્ય પૂરું કરતા રામભાઈ બોલ્યા, ‘મંથરા... સુર્પણખા... વિલન... વગેરે. એમ જ ને?’

‘હા દોસ્ત, એમ જ. જગતમાં તારા કરતાં પણ વધારે દુ:ખી તો હું છું. ફરક માત્ર એટલો જ કે તું મને તારો ડૂમો વ્યક્ત કરી શકે છે, જ્યારે હું તો મારો ડૂમો કોઈ આગળ વ્યક્ત કરી શકું એમ નથી.’

‘કેમ દોસ્ત? તું પણ મારી સામે તારું હૃદય ખોલી શકે છે.’

‘નહીં દોસ્ત રામ, મારી પત્નીના પિયરમાં દરેકે દરેક પોલીસમાં છે. સાસુ પણ મોટી ફોજદાર છે. એ તો વળી મંથરાની પણ ઉપરની છે. એને માટે તો એક નવું મહાભારત લખવું પડે એમ છે. એક મિનિટની શાંતિ મને આ ઘરમાં નથી. ચોવીસ કલાક ભયમાં ફફડું છું. તું કૂતરાંથી ને શમશાદ બેગમથી ફફડે છે, અને હું તો આ બે મંથરાઓથી ફફડું છું. હવે તો સમજ્યો ને કે હું આટલો દુ:ખી હોવા છતાં કેમ મારું દુ:ખ સુધ્ધાં વર્ણવી શકતો નથી. જેમ મેં માથે બરફ મૂક્યો છે, તેમ તું પણ બરફ મૂકીને બે ટાઇમ રોટલા મળે, તો ખાઈને સૂઈ જવાનું રાખ. રિટાયર થયા તો એમ થયું કે હાશ! હવે નિરાંતે ખાઈ પીને મજા કરીશું , પણ દોસ્ત, ઘરમાં રહીને જેલની કાળી કોટડી ભોગવીશું, એ ક્યાં ખબર હતી!’

એટલામાં મહેશભાઈનાં પત્ની તાળી પાડતાં રસોડામાંથી બહાર આવ્યાં અને મહેશભાઈ સામે કરડાકીભરી નજર કરી બોલ્યાં, ‘હાં તો પતિ શ્રીરામ, તમને હું અને મારી મા મંથરા લાગીએ છીએ? હું કર્કશા, કજિયાળી, ઉદ્દંડ, મંથરા જેવી! તો તમે કેવા છો? બંને મિત્ર નવરા બેસીને પત્નીઓ વિશે ગમે તેમ બોલો છો એ બધું મને સંભળાતું હતું , કારણ કે સમદુ:ખિયાઓ એકબીજાને પોતપોતાનાં દુ:ખ વર્ણવવામાં વોલ્યુમ મોટું કરીને બોલતા હતા. પત્ની ગુસ્સો કરે છે. પણ કેમ કરે છે, એ કદી ખૂણામાં બેસીને વિચાર્યું ખરું? તમે બંને રિટાયર થયા એટલે ચોવીસ કલાક ટી.વી. સામે બેસીને ચા લાવ, પાણી લાવ, નાસ્તો લાવ, સ્વીટ લાવ, પંખો ચાલુ કર, બારણું ખોલ, કોઈ આવ્યું લાગે છે. આવું કેમ બનાવ્યું... એકનું એક કેમ બનાવ્યું...’

એટલામાં રમીલાબહેન પણ આવ્યાં. એમણે બારણે ઊભાં રહીને ઘણું બધું સાંભળી લીધું હતું. એટલે બે સબળાઓએ બે રિટાયર અબળાઓને થેલા થમાવીને લાંબા લિસ્ટ પકડાવ્યાં અને સાથે બૈરા પંચાત કરવા માટે ભાષણ ફટકાર્યું તે નફામાં!

આ પછી તો બીજું શું કરી પણ શકાય?

‘દો બેચારે બિના સહારે...’ ■



# જમનો

પ્રકરણઃ ૬

અનિલ રાવલ

અમાસના ઘોર અંધકારે ગામ પર પોતાનું આધિપત્ય જમાવી દીધું હતું. જમન ખાટલે પડ્યો પડ્યો આકાશમાં તારામંડળને તાકી રહ્યો હતો. બારેક વાગ્યે એ ઊભો થઇને બહાર નીકળ્યો. સંધ્યાસમયે પંચાયતના માણસે શેરીમાં થોડે થોડે અંતરે ખોડાયેલા થાંભલા પર લટકાવેલા મોટા ફાનસમાં ઘાંસલેટ નાખીને દીવા કરી દીધા હતા. જેના અજવાળે જમને જાણીતી દિશા પકડી લીધી. એ દિશા સ્મશાનની હતી. એ દર અમાસે સ્મશાનમાં જઇને બેસતો. એ એવું માનતો કે સાચી શાંતિ સ્મશાનમાં મળે....જીવતા કે મર્યા પછી. રસ્તામાં કેટલાક કૂતરા એને જોઇને ભસ્યા, પણ એણે લાકડી ઉગામીને ભગાડ્યા. અમાસની ભેંકાર રાતમાં એના ડગમગતા કદમ ઓળખીતી કેડી પરથી સીમમાં અને પછી ગામને છેવાડે આવેલા સ્મશાનમાં લઇ ગયા. ગામડાનું સ્મશાન....એક મોટું છાપરું અને એમાં પથ્થરના બનાવેલા ચાર પાકા ઓટા...આ ઓટલા પર મૃતદેહ ગોઠવીને ડાઘુઓ પોતાની સાથે લાવેલા લાકડાથી અંતિમસંસ્કાર કરતા. જમન સ્મશાનમાં દાખલ થયો. અચાનક એની આંખો ચમકી. એક ઘોરખોદિયું સ્મશાનની બાજુની જમીન ખોદી રહ્યું હતું. ઘોરખોદિયું છે એટલે નક્કી કોઇ મૃતદેહ હશે અને એ દાટેલો છે એનો મતલબ કે એ કોઇ નાના બાળકનો હશે....એણે ઘોરખોદિયાને ભગાડવાના ઇરાદે લાકડી ઉગામી...એ તો ભાગી ગયું, પણ જમનના મનમાં શંકાનો કીડો સળવળ્યો. ઘોરખોદિયાએ લગભગ આખી ઘોર ખોદી નાખી હતી. આસપાસની માટી હટાવીને એણે ઝૂકીને જોવાની કોશિશ કરી. ઘોર અંધારામાં એને એટલું સમજાયું કે એ એક તાજું જન્મેલું બચ્ચું હતું. એણે માટીથી રગદોળાયેલું કપડું હટાવ્યું. બચ્ચાની આંખો ખુલ્લી હતી અને પેટ ફુલાયેલું. જમનનું આખું શરીર ગુસ્સાથી ધ્રૂજવા લાગ્યું..એની લાલચોળ આંખો આમતેમ ઘૂમવા લાગી. એનો આક્રોશ સાતમા આસમાને હતો. કદાચ ત્રીજું નેત્ર ખુલવાની તૈયારી હતી. એણે ઝભ્ભો ઉતારીને બાળકને એમાં વીંટાળી દીધું. પછી ચિતા પર ગોઠવીને બાજુમાં બેસી ગયો. થોડીવારે એક નજર આકાશમાં કરીને બાળકને ઊંચકી લઇને ચાલવા માંડ્યો. એ ગામમાં પહોંચ્યો ત્યારે મોંસૂઝણું થઇ રહ્યું હતું.

***************

શેઠાણી પરોઢિયે ઊઠીને ગાયને દોહવા બેઠાં. બોઘરણાંમાં દૂધની પહેલી સેર પડી ને ડેલીએ ટકોરો પડ્યો. આટલી વહેલી સવારે કોણ હશે. વિચારતા શેઠાણીએ દરવાજો ખોલ્યો જમનને જોઇને હેબતાઇ ગયાં. 'શેઠ, સાંભળો છો? જલ્દી બહાર આવો.' શેઠ ઉતાવળે બહાર આવ્યા. જમનના હાવભાવ, રંગઢંગ જોઇને હરજીવન શેઠ ડઘાઇ ગયા. 'તું? અત્યારે? સવારસવારમાં.? ઉઘાડે શરીરે..? અને આ શું છે તારા હાથમાં.?' જમને ફળિયામાં બચ્ચાના મૃતદેહને મૂકીને હળવેથી કપડું હટાવ્યું. જોઇને શેઠાણીએ ચીસ પાડીઃ 'ઓઇ મા.'

***************

> **જમનના હાવભાવ, રંગઢંગ જોઇને હરજીવન શેઠ ડઘાઈ ગયા. 'તું? અત્યારે? સવારસવારમાં.? ઉઘાડે શરીરે..? અને આ શું છે તારા હાથમાં.?'**

ગામને ચોરે નગરશેઠ હરજીવન અદા, શેઠાણી, સરપંચ, દલપતભાઇ સહિતના પંચાયતના બીજા મોભીઓ, ભાભાઓ અને ઘોડા ડાક્ટર બેઠા હતા. બાજુમાં જમન અને અરજણ ઊભા હતા ને ઓટલા પર કપડામાં વીંટાળેલો નવજાત શીશુનો મૃતદેહ હતો. ધીમે ધીમે ગામવાસીઓ ભેગા થવા લાગ્યા. સરપંચે અરજણ સાથે મોકલેલા કહેણને કારણે ગામવાળાઓ ધીમે ધીમે ભેગા થવા લાગ્યા હતા. કૂવે પાણી ભરવા નીકળેલી બાઇઓ પણ ઊભી રહી ગઇ. ટોળામાં ગણગણાટ શરૂ થઇ ગયો. સરપંચે ગામને શું કામ ભેગું કર્યું હશે એના જાતજાતના તર્કવિતર્ક થવા લાગ્યા. સરપંચે આ રીતે સભા ભરી હોવાનો આ પહેલો દાખલો હતો. થોડીવાર પછી સરપંચે ઊભા થઇ બચ્ચા તરફ આંગળી ચીંધીને બરાડીને સવાલ કર્યોઃ 'આ કોનું છે.?' ટોળામાંથી કોઇ આગળ ન આવ્યું.

'આ ઓઢણી કોની છે.?' સરપંચે બીજો સવાલ કર્યો. બાઇઓના ટોળામાં ઘૂમટો તાણીને ઊભેલી એક સ્ત્રી આગળ આવી. બાઇઓના ટોળામાં કોલાહલ વધી ગયો. શેઠાણીએ સ્ત્રી પાસે જઇને 'ઘૂમટો ઉઠાવ્યો.' રંભા તું.? આ છોરી તારી છે.? રંભા ભાંગી પડી. 'હવે તું જ બધાને માંડીને સાચી વાત કર.'

'એ કાળમુખી રાઇતે મારી કૂખે આ છોરી જન્મી.' મારી સાસુએ મને ગાળો ભાંડતા ભાંડતા બહાર બેઠેલા રઘુને વાત કરીઃ છોરીને જનમ આયપો તારી બાયડીએ.

રઘુ મને મારવા દોયડો...બેચાર તમાસા ય માયરા. ભૂંડાબોલી ગાળો દીધી. બા, મારે આનું કાંઇક કરવું પડશે....તું હમણાને હમણા ગાયને દોઇ લાવ. એ બોયલો ને મારી સાસુ ગાય દોઇને આવી. રઘુએ તાંબાકુંડીમાં દૂધ રેડીને મારી છોરીને એમાં ડૂબાડી...હું ગામ ભેગું કરવા રાઇડુ પાડવા ગઇ તો મારું મોઢું દાબી દીધું. હું બઉ કરગરી, પગે પડી....રઘુએ છોરીને બાર કાઢીને મારી ઓઢણીમાં વીંટાળી. મારી સાસુએ એના હાથમાં કોસ પકડાવી. જલ્દી દાટી આવ. 'ઇ રાઇતે હું અને ગાય બેય રોતા રિયા.'

આખી સભા સ્તબ્ધ હતી. માત્ર સંભળાતું તું એક માનું રુદન, એનો આક્રંદ...ટોળામાં ઊભેલો રઘુ નાસી છૂટવા પાછળ ફર્યો....પાછળ જમન આડી લાકડી રાખીને ઊભો રહી ગયો. અરજણે એનું કાંડુ પકડી લીધું. બાઇઓમાં ઊભેલી રઘુની મા મોં છુપાવીને ભાગવા લાગી, પણ બાજુમાં ઊભેલી લખમીએ એને ઝાલી લીધી.

'હું તો મારો જીવ ન આપી સકી, પણ મારી ગાયે....મારી કમલીએ જીવ આપી દીધો. ગામની એ પેલી ગાય મરી.' રંભાના આક્રંદથી પાદરનો પવન થંભી ગયો હતો.'

'અને પછી બીજી મારી ગાય મરી,' બચુ સુથારે મોટેથી બૂમ પાડી.

'પછી મારી ગાય મરી,' ટોળામાંથી અવાજ આવ્યો.

'પસી મારી ગાય,' પસી મરી ગાય ટોળામાંથી એકપછીએક ઉઠતા અવાજમાં આક્રોશ હતો.

'રઘલા, તારા પાપે મૂંગા જીવોનો ભોગ લીધો સે...આ છોરી શાપ આપતી ગૈ શાપ..' અરજણે જમનનો અવાજ બનીને મોટેથી કહ્યું.

ટોળું વિખેરાવા લાગ્યું. જમન સીમ તરફ ચાલવા લાગ્યો. થોડીવાર પછી એની વાંસળીનો મધુર સૂર વાતાવરણમાં ગૂંજી ઉઠ્યો. (સમાપ્ત) ■





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| काडी | નવલકથા |
| कातडी | કાચબો |
| कांता | ચામડી |
| कासव | દીવાસળી |
| कादंबरी | પત્ની |

## ઓળખાણ પડી?

વેસ્ટર્ન, કર્ણાટકી ને હિન્દુસ્તાની સંગીતની તાલીમ મેળવનારાં અને ઈન્ડિયન અમેરિકન વોકલિસ્ટની ઓળખાણ પડી? તાજેતરમાં ગ્રેમી એવોર્ડ મળ્યો છે.

અ) ચંદ્રિકા ટંડન
બ) રેખા સૂર્યા
ક) ઈન્દ્રા નૂયી
ડ) ગિરિજા દેવી



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ળ | ૨ ગ | ણી | ■ | ૩ પા | ણિ | ૪ યા | રું | ■ |
| હે | ■ | મા | ■ | ૫ ભ | રી | ■ | દી | ■ | ૬ ગા |
| ૭ લ | ૮ ગી | ર | ■ | ળ | ■ | ૯ ઉં | ■ | ૧૦ હા | મ |
| ■ | તાં | ■ | ૧૧ ગા | ભાં | ■ | ૧૨ બા | ૧૩ ગા | ય | ત |
| ૧૪ મો | જ | ડી | ■ | ૧૫ ખ | સુ | ડિ | યું | ■ | રું |
| ૧૬ ગ | લી | ■ | ૧૭ વા | ળું | ■ | યું | ■ | ૧૮ બા | ■ |
| રો | ■ | ૧૯ રા | સ | ■ | ૨૦ સ | ■ | ૨૧ છ | લ | ૨૨ ક |
| ■ | ૨૩ ફ | ણા | ■ | ૨૪ વા | ર | ક | રી | ■ | થ |
| ૨૫ મા | ણ | ■ | ૨૬ દા | ય | કો | ■ | કાં | ■ | રો |
| ■ | ૨૭ ગો | ઠ | મ | ડું | ■ | ૨૮ ક | ટો | ક | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | | | ■ | ૭ | ■ | |
| ૮ | | ૯ | | ■ | | | | ■ | |
| ■ | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ | ■ |
| ૧૩ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | |
| | ■ | ■ | ૨૧ | ■ | ૨૨ | | | ૨૩ | ■ |
| ■ | ૨૪ | | | ૨૫ | | ■ | ૨૬ | | |
| ૨૭ | | ■ | ૨૮ | | ■ | ૨૯ | ■ | | ■ |
| ૩૦ | | | ■ | ૩૧ | | | ■ | ૩૨ | |

### આડી ચાવી

(૧) અવ્યક્ત મધુર અવાજ (૩)
(૨) ગોચર જમીન, ચરો (૩)
(૪) દોઢ માઈલનું અંતર (૨)
(૬) સહસ્ર (૩)
(૮) પુરુષોમાં વીર (૪)
(૧૦) વેશ્યા (૩)
(૧૧) જૈનોનો એક માસ (૩)
(૧૩) હૃદય (૨)
(૧૫) તને ..... ...... તોય તું અજાણી (૨,૨)
(૧૬) દુષ્ટોનો ..... થવો જોઈએ (૨)
(૧૮) મૂળ કિંમત, દાણ, જકાત (૩)
(૧૯) સૂર્ય (૨)
(૨૨) સફળ, શક્તિ, કૌવત (૪)
(૨૪) માહિતી આપનાર, જાસૂસ (૫)
(૨૬) ફજેતી, મહારાષ્ટ્રનું લોકનાટ્ય (૩)
(૨૭) સાપની કાંચળી, છુટકારો (૨)
(૨૮) સારું (૨)
(૩૦) દસ વર્ષનો સમયગાળો (૩)
(૩૧) કૃપા, મહેરબાની (૩)
(૩૨) પદ્ધતિ (૨)

### ઊભી ચાવી

(૧) ગણગણાટ, ગુંજારવ, અનુનાદ (૩)
(૨) દરેક પોતાના ..... પ્રમાણે ભણે (૨)
(૩) મેરા ...... મહાન (૩)
(૫) આધાર, ટેકો (૩)
(૬) એક નક્ષત્ર (૪)
(૭) ચૂડીઓ (૩)
(૯) ટાલિયા લોકો માથે ..... પહેરે છે. (૨)
(૧૧) પંક્તિ, હાર, વર્ગ (૨)
(૧૨) મડદું (૨)
(૧૩) આગળ ..... નહીં, પાછળ ધરાર નહીં (૩)
(૧૪) નસ (૨)
(૧૫) તજજ્ઞ (૪)
(૧૭) પૃથ્વી, વસુંધરા (૨)
(૨૦) ..... માં બેસીને જમવાની મજા આવે (૩)
(૨૧) શર્ટ (૩)
(૨૩) રાક્ષસ, દૈત્ય, નિશાચર (૪)
(૨૪) દીવો પેટાવવા જોઈએ (૩)
(૨૫) પગથિયાં (૩)
(૨૭) જાડા કપડાની મોટી શેતરંજી (૨)
(૨૯) દેવસ્થાન, તીર્થ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીની દેરાણીના સાસુની દીકરીનો પતિ સગપણમાં એ સ્ત્રીને શું થાય એ જરા દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) સાળો ક) નણદોઈ ડ) ભાણેજ

## જાણવા જેવું

મોટા ભાગનાં આપણાં લગ્ન પ્રાજાપત્ય હોય છે. એમાં વરકન્યાનાં માબાપ સંબંધ નક્કી કરે છે. કન્યાનો બાપ ઈચ્છા અનુસાર કન્યાદાનમાં જરૂરી વસ્તુઓ આપે છે અને વરપક્ષ તરફથી કન્યાને રિવાજ મુજબ પલ્લાંની રકમ પણ આપવામાં આવે છે જેના ઉપર કન્યા સિવાય બીજા કોઈનો પણ હક્ક સ્વીકારાતો નથી.

## સુડોકુ-૮૦૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૧ | ૩ | ૮ | | | | |
| ૩ | | ૪ | ૬ | | ૫ | ૧ | ૮ | |
| | | | | ૭ | | | | |
| ૯ | ૩ | | | | ૭ | | | |
| | | ૭ | | | | ૪ | | |
| | | | ૮ | | | | ૬ | ૫ |
| | | | | ૯ | | | | |
| | ૫ | ૩ | ૪ | | ૮ | ૬ | | ૨ |
| | | | | ૫ | ૬ | ૮ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૪ | ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૯ | ૪ | ૨ | ૫ | ૬ |
| ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૮ | ૪ |
| ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ | ૯ | ૪ | ૭ |
| ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૧ |
| ૭ | ૧ | ૨ | ૯ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૧ | ૯ | ૮ | ૬ | ૩ |
| ૬ | ૪ | ૧ | ૩ | ૨ | ૮ | ૭ | ૯ | ૫ |
| ૩ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ | ૨ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં માંદગી સાથે સંબંધ ધરાવતી વસ્તુ સંતાઈને બેઠી છે એ શોધી કાઢો જોઉં.

કોની કેટલી ખરીદવાની શક્તિ છે એ જાણી લેવું જોઈએ.

## નોંધી રાખો

ઈશ્વર ક્યાં છે જાણવું છે? આસપાસ આકાશમાં અંતરમાં આભાસ, ઘાસચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.

## માઈન્ડ ગેમ

વિવિધ દેશમાં વિવિધ ચલણ અસ્તિત્વ ધરાવે છે. યુરોપના દેશ સ્વિડનમાં કયું ચલણ અસ્તિત્વમાં છે એ કહેશો?

અ) સ્ટર્લિંગ બ) બાહત
ક) યુરો ડ) ક્રોના

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| धनगर | ભરવાડ |
| धनादेश | ચેક |
| धबधबा | ધોધ |
| धरण | બંધ |
| धनाध्यक्ष | ખજાનચી |

ગુજરાત મોરી મોરી રે
સાળો

ઓળખાણ પડી?
હરમનપ્રીત કૌર

માઈન્ડ ગેમ
પેસો


ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
વીણા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) વિજય આશર

# પુરુષ

# આવજો, અનિલ જોશી..



## ગુજરાતી ભાષાનો ગરવો ગીતગઢ ધ્વસ્ત

**શોભિત દેસાઈ**

*વાંઝણીના પાલવમાં વાયરો ભરાય*
*પેટ મોટું થયાનો ભાસ થાય*

આવું કલ્પન અને આવી પંક્તિ કલમથી એક અને એકમાત્ર અનિલ જોશી જ વહાવી શકે .

*કવિનું જીવન આંખ સામે ફરે છે*
*કલાકો, દિવસ ને વરસ તરવરે છે*

ત્યારે હું નવો નવો વાંધાવચકા અને દોષારોપણમાં મગ્ન થવા માંડેલો. ત્યારે મેગેઝિનના તંત્રીઓ સાથે બાખડવાનું શરૂ કરી દીધેલું. ત્યારે અનિલ જોશી 'મેઘના' નામના મેગેઝિનના સંપાદક અને 'મેઘના'માં મારી બે ગઝલો છાપેલી

*સુર્ય ઉગી ગયો છે, પણ સાથે-*
*અસ્ત થાવાની ઘાત ઉગી છે*

---

*જેલ વાદળની માંડ તૂટી છે*
*ટીપે ટીપે મળી છે આઝાદી*

ત્યારે એ ભાયખલા, ભારતીબેન, સંકેત અને રચના સાથે એક જ રૂમમાં સાંકડમુકડ રહેતા. પણ ત્યારેય રાજેન્દ્ર શુક્લ અને શોભિત દેસાઇને વેઢમી જમવા મળતી અનિલ જોશીના 'આલીશાન' આવાસે.

૨૦૦૫માં હું અને અનિલભાઈ અમેરિકા સાથે ગયા અને અનિલભાઈનાં જ કહેવા પ્રમાણે ત્યાં સુધી અમેરિકામાં ક્રમશઃ બનેલા અકવિતાના જેટલા પણ ટ્વીન ટાવર હતા એ બધા તોડી 'નાયખા'(ટિપિકલ અનિલ જોશીનું ગોંડલ-અમરેલી)

અનિલ જોશીનું પોતાનું સામર્થ્ય એમના જવા પછી અહીં ઉજાળવાનો હવે કોઈ મતલબ જ નથી, કવિ અનિલ એવડાં સુવિદિત છે, પણ અનિલભાઈ બાપાની નોકરીને લીધે અમરેલી ન ગયા હોત તો મહાનતમ કવિ (થોડો નહીં, ઘણો પાર્શિયલ છું જ) રમેશ પારેખ ન જ મેળવી શકી હોત ભાષા. રમેશ તો વાર્તાઓ લખતો'તો (રમેશને તુંકારે બોલાવવાની હિંમત કરીએ?). આંખના પલકારામાં અનિલે રમેશને કવિતાભેગો કરી નાઈખો (તળપદી)!!!

મુંબઈમાં સ્ટ્રગલથી પરમ સિદ્ધિ જોયાં અનિલ જોશીએ. અકિંચન સિંગલ રૂમથી ચીફ મિનિસ્ટર ક્વોટામાંથી બોરીવલીમાં અને પછી તો લોઢા ફ્લોરેન્ઝા ગોરેગાંવમાં વૈભવી ૩ બેડરૂમ હોલ કિચન અને હવે પુત્રપ્રતાપે બેંગ્લોરમાં પણ અનિલ જોશી ફ્લેટ્સ ધરાવતા. આટલો વૈભવ છતાં આવકવેરા વાળાનું ધ્યાન જ ન જાય, કવિ કૈં આટલે પહોંચી શકે?! પણ અનિલ જોશી પહોંચ્યાનો પારાવાર આનંદ. અમે બન્ને ઝઘડ્યા જેટલી વાર એનો આનંદ પાછા મળીએ ત્યારે અપરંપાર લૂંટ્યો છે, પણ એક સાવ સાચી કબૂલાત કરું? મને છેલ્લા ૬-૮ મહિનાથી થતું'તુ કે કવિ જવા પર છે, કારણ કે હમણાંની મારી લખેલી કવિતાઓ અને કોલમ એમને ખૂબ ગમવા માંડેલા. કેમ જાણે મારી પાસેથી સારું આવવાની રાહ ન જોતા હોય! (વિદાયલેખ શોકાતુર હોવા જરૂરી નથી...)

રમેશના ગયા પછી પણ અણનમ રહેલો ગુજરાતી ભાષાનો ગીતગઢ પરાસ્ત થઈ ગયો આજે. પરમાત્માને ત્યાં પહેલો વરસાદ પડ્યો લાગે છે આજે તે અનિલ જોશીને પાટો બંધાવવા બોલાવી લીધા. છેલ્લા સમાચાર મુજબ કાન્તિ મડિયા ટહુકે ટહુકે પીગળતાં કવિ પાસે નવો અંતરો લખાવી 'અમે બરફના પંખી' રીવાઇવ કરી રહ્યાં છે. સ્વર્ગમાં મૃગજળ સીંચીને વેલ ઉછેરવાની ખેતી શરૂથઈ ગઈ છે. હિમાલય, કન્યા પાર્વતીને મહા બિન્દાસ મહાદેવની અજીબોગરીબ જાન સાથે તડકાનો કેસરિયાળો સાફો પહેરી વિદાય આપવાની તૈયારીમાં રત છે... અને આ બધીય ધમાલની વચ્ચે કવિ અનિલ જોશી ગુજરાતી ભાષાની અંબાડી પર બેસીને એટલું જ કહી રહ્યાં છે...

*કે પાદરમાં ઝરમર વેરાય તને મળવું દે તાલ્લી*
*કે વાતમાં મોરલાના ટહુકાનું ભળવું દે તાલ્લી*

*કે ડાંગરના ખેતર ઢોળાય તારા ઘરમાં દે તાલ્લી*
*કે કેડીઓ સમેટાઈ ગઈ મુસાફરમાં દે તાલ્લી*

*કે ગીતમાં અધકચરી માણસતા વાગી દે તાલ્લી*
*કે પાનખર પાંદડાની જાળીએથી ભાગી દે તાલ્લી*

*કે આંખ હજી ઊઘડી નથી ને પડયાં ફોતરાં, દે તાલ્લી*
*કે ગામને મેળે ખોવાઈ ગયાં છોકરાં દે તાલ્લી*

*કે સમળીના ચકરાવા વિસ્તરતા ખોરડે દે તાલ્લી*
*કે ચાંદરણા પડતા ખડિંગ દઈ ઓરડે દે તાલ્લી*

*કે એક વાર અડકી ગઈ આંખ તારી મન્ને દે તાલ્લી*
*કે એક વાર અટકી ગઈ વાત કહી અન્ને દે તાલ્લી*

*કે ચોકમાં પીંછું ખર્યું ને લોક દોડ્યા દે તાલ્લી*
*કે લેણદાર એટલા વધ્યા કે ગામ છોડ્યા દે તાલ્લી* ■

## એક ટહુકો ઓગળી ગયો

**ભાગ્યેશ જહા**

કવિતાનો ટહુકો જાણે કે હવામાં ઓગળી ગયો, હવામાં ભળી ગયો. કવિ અનિલ જોશી ગુજરાતી ગીત-કવિતાની મોટી હવેલીને છોડીને અનંતની યાત્રાએ ઊપડી ગયા છે ત્યારે એટલું જ કહેવું જોઈએ કે એક ગુજરાતી લય વિલયના વિરાટમાં ઓગળી ગયો છે.

રમેશ પારેખના સમકાલીન એવા અનિલ જોશીનાં ગીતોએ ગુજરાતી ગીત-કવિતાને જાણે કે એક યુગનું લયતિલક કર્યું હતું. એમની કાવ્યમય ભાષાથી કવિના નિબંધો ગદ્યકાવ્યસ્વરૂપના બની રહેતા. પ્રતીકો અને કલ્પનોના અનેક આયામી વિનિયોગને કારણે અનિલભાઈના અનેક નિબંધોને સુરેશ જોશીની સમીપ મૂકી શકાય એવા સુદૃઢ હતા. 'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી, મને પાનખરની બીક ના બતાવશો' આ લોકગીત કક્ષાએ પહોંચેલી પંક્તિ કવિની ખુમારી પ્રગટ કરે છે તો ગ્રામ પરિવેશમાં લગ્નના માંડવાનાં દશ્યને આબેહૂબ રજૂ કરનાર કવિ અનિલ જોશી અનેક રીતે મિત્ર તરીકે, ગીત-કવિતાના સ્તંભરૂપ કવિ તરીકે અને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને પોતાની સર્ગશક્તિથી શણગારનાર એક સાહિત્યસ્વામી તરીકે લાંબા સમય સુધી યાદ રહેશે.

પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના. ■

## અરાઈવલ હોય એનું ડિપાર્ચર પણ હોય છે...

**કૌશિક મહેતા**

'આપણે એક ગેસ્ટ હાઉસમાં રહીએ છીએ. એમાં જેનું અરાઈવલ હોય એનું ડિપાર્ચર હોય છે....' આ વાત રૂમીએ કરેલી, પણ પોતાની અંતિમ વિદાયના બે-ત્રણ દિવસ પહેલાં આ વાત અનિલ જોશીએ કરી હતી. એમને બ્રેઈન સ્ટ્રોક આવેલો. મુંબઈની 'લીલાવતી હૉસ્પિટલ'માં દાખલ કરાયા અને થોડા દિવસોમાં બીમારીમાંથી બહાર આવી ઘેર આવ્યા. એમના પુત્રે સંકેતે 'ફેસબુક'માં પોસ્ટ મૂકી કે પપ્પા ઘેર આવી ગયા છે અને ધીમે ધીમે તબિયત સુધરી રહી છે, પણ અનિલભાઈનું ઘેર આવવું છેતરામણું હતું. કદાચ એમને અંદાજ આવી ગયો હતો. એમને ઊગી ગયું હતું કે, હવે જવાની વેળા આવી ગઈ છે અને એમની વિદાયનો દિવસ પણ કેવો, મહાશિવરાત્રીની વહેલી સવાર... એ કુંભમાં સ્નાન માટે તો ગયા નહોતા, જઈ શકે એમ નહોતા, પણ એમણે કવિતા અને એમના નિબંધોમાં કેટકેટલાં સ્નાન કરેલાં અને કરાવેલાં.

આવા સર્જકની વિદાય ખટકે તો ખરા જ.

ગોંડલમાં જન્મેલા અને જેમને નાથાભાઈ દવે જેવા માતાજીના સાધક અને ઓલિયા કવિ મકરંદ દવેનું સાંનિધ્ય મળ્યું હોય એની સર્જકતા ના ખીલે તો જ નવાઈ. અલબત્ત, એમને ક્રિકેટર બનવું હતું, પણ કવિતાની કેડી એમને પોકારતી હશે. સારું થયું એ ક્રિકેટર ના બન્યા. બાકી 'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી...' કે પછી 'તુલસીનું પાંદડું મેં બિયરમાં નાખી...' કે પછી 'કેસરિયાળો સાફો ..' કે પછી 'સઈ મેં તો પાણીમાં..' ..એવી કવિતાઓ અને 'સ્ટેચ્યુ'થી માંડી 'વાત વિસામો' સુધીના નિબંધો ના મળ્યા હોત.

એમના માટે કવિતા વધુ સારા માણસ બનવાની પ્રક્રિયા હતી. એમને સૌરાષ્ટ્ર ગમતું હતું. ગોંડલ અને અમરેલીમાં એમનો મહત્ત્વનો કાળ પસાર થયો અને હા, એમની સાથે ક્યારેય વાત કરો તો રમેશ પારેખ કોઈ ને કોઈ રીતે જરૂર આવી જાય. રમેશ પારેખ સાથેની એમની દોસ્તી ગુજરાતી કવિતાજગતમાં અનન્ય છે. મનોજ ખંઢેરિયા, રમેશ પારેખ અને અનિલ જોશી એ ગુજરાતી કવિતાના મહત્ત્વના મુકામ છે - મહત્ત્વનો સમયગાળો છે. એનું મૂલ્યાંકન હજુ યોગ્ય રીતે થયું નથી. અનિલભાઈની વિદાય પછી એવું થશે ખરું?

બાકી એ વિવેચેકોના ટીકાકારો હતા. એમણે એકવાર રમેશ પારેખના સંદર્ભે વાત કરી કે, અમેરેલીમાં રમેશ પાસે મેં જીવનદાસની કવિતા વાંચી અને એમાં વનલતા સેન નામ આવે. રમેશે પૂછ્યું કે, 'આ કોણ?' મેં કહ્યું, આ એક પાત્ર છે. રમેશ કહે કે, તો હુંય એવું કૈક કરું અને બીજા દિવસે એમણે કવિતા કરી અને એમાં 'સોનલ'ના પાત્રનો જન્મ થયો. અનિલભાઈ કહે છે કે, વિવેચકોએ કહ્યું કે, સોનલ એ તો કવિના પૂર્વજન્મનો ડૂમો છે અને આ વાંચી અમે બંને બહુ હસતા હતા....

મુંબઈમાં એ રહ્યા એ કારણે એમને હિન્દી અને મરાઠી કવિઓનો પરિચય થયો. નીદા ફાજલીથી માંડી જાવેદ અખ્તર સાથે દોસ્તી પણ થઈ અને અનિલભાઈ હિન્દીમાં લખતા થયા. રાજેન્દ્ર ગુપ્તાએ એમની કેટલીક કવિતાનું પઠન કર્યું છે , 'ફેસબુક' પર એ સાંભળવા જેવું છે. એમની કેમેસ્ટ્રી ગુજરાતના ગુજરાતી કવિઓ કરતાં હિન્દી કવિઓ સાથે વધુ જામતી હતી.

એમની સાથે ઘણો સમય રાજકોટ અને ગોંડલમાં વિતાવ્યો છે. કવિતાથી માંડી રાજકારણ સુધીની વાતો બેધડક કરી છે. હું 'ફૂલછાબ' માં હતો ત્યારે એમની પાસે નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર એક લેખ લખાવ્યો હતો અને એમાં એમણે આકરી ટીકાઓ કરી હતી. ગુજરાત ગોધરા કાંડ થયો અને રમખાણો થયાં ત્યારે એમણે અને રમેશ પારેખે એક મુસદ્દો બનાવેલો, જેમાં રમખાણોની ટીકા કરી હતી અને બધા સાહિત્યકાર મિત્રોને એનું સમર્થન કરવા કહ્યું હતું, પણ રાજેન્દ્ર શુક્લ અને એકાદ બે અન્યોએ જ એનું સમર્થન કર્યું હતું. પછી અનિલભાઈએ એ મુસદ્દો ફાડીને ફેંકી દીધો હતો.

એ રાજકોટ આવતા રહેતા અને ગોંડલ જરૂર જતા. માતાજીમાં એમને બહુ શ્રદ્ધા. ગાંઠિયા અને ભજિયાં બહુ ભાવે. રાજકોટના મયૂરનાં ભજિયાં બહુ ખાધાં છે. એમને બ્રેન સ્ટ્રોક આવ્યો એ પહેલાં થોડા દિવસે એમનો ફોન હતો કે, રાજકોટ યાદ આવે છે, ભજિયાં ખાવાં છે...... પણ એમનું શરીર સાથ દેતું નહોતું. બે વર્ષ પહેલાં 'ગાંસડી ઉપાડી શેઠની ..' એમની આત્મકથાના પુસ્તકનો કાર્યક્રમ રાજકોટમાં યોજ્યો હતો અને ત્યારે એમનો મેં ઈન્ટરવ્યૂ કર્યો અને પૂછેલું કે,'હવે એવી કઈ ઇચ્છા છે કે જે પૂરી કરવી બાકી છે?' ત્યારે એમણે કહેલું કે, 'માથાના વાળ સફેદ થયા છે. હૃદયના વાળ સફેદ થતા નથી..... મારે કેટલાંક વ્યક્તિચિત્રો કરવાં છે...'

એમણે અખબારોમાં લખવાનું ક્યારનુંય બંધ કરી દીધું હતું. સોશિયલ મીડિયામાં સક્રિય ખરા, પણ છેલ્લે 'નવનીત'માં એમણે કવિ સિતાંશુ મહેતાની કવિતાઓ વિશે એક શ્રેણી આપી. એ પછી કેટલાંક વ્યક્તિચિત્રો એમના મનમાં જરૂર હશે, જે આપણી પાસે આવતાં આવતાં રહી ગયાં.

'નરસિંહ મેહતા એવોર્ડ'થી માંડી 'સાહિત્ય અકાદમી' સુધીનાં સન્માનો એમને મળેલાં, પણ ચાહકોનાં હૃદયમાં એ વસેલા એક કવિ રૂપે અને એક નિબંધકાર રૂપે...

એ કહેતાઃ 'મિત્રો એક પછી એક જઈ રહ્યા છે. વાત વિસામો રહ્યો નથી....' ( 'વાત વિસામો'.. ..કેવી સરસ અભિવ્યક્તિ!)

કદાચ ઉપર જઈને એમણે રમેશ પારેખ - મનોજ ખંડેરિયા સાથે બેઠક જમાવી હશે. કૉફી ઘૂંટ લેતાં કે બિયરની ચૂસકી લેતાં લેતાં એ ચર્ચા કરતા હશે કે....

'ચાલો, હવે આપણે સંયુક્ત રીતે એકાદી કવિતા લખીએ...!' ■

## અનિલ મને 'મધ્યા' કહેતો ને હું એને 'ગાંડો'!

**મધુ રાય**

અનિલ જોશી ગુજરાતી સાહિત્યનો શિરમોર કવિ હતો એના કરતાં એ મારો મિત્ર વધુ હતો એ વાત મને વધુ ગૌરવ અપાવે છે. અનિલ જોશીની કવિતાથી મને કવિતાની સમજણ પડી. કેવળ મને જ નહીં, પણ અમેરિકા સ્થિત ડૉક્ટર અને કવિ અશરફ ડબ્બાવાલા સાથે વાત થતી ત્યારે એ પણ કહેતા કે એક સમારંભમાં અનિલની કવિતા સાંભળીને જ એમને ખ્યાલ આવ્યો હતો કે કવિતા કોને કહેવાય. એની પહેલા 'છંદ' વગેરેની કવિતાઓ સાંભળીને એમને એટલી નવાઈ નહોતી લાગતી, પણ અનિલની કવિતા સાંભળીને એમને અત્યંત રોમાંચ થયો અને ત્યારથી એમણે પણ કવિતા લખવાનું શરૂ કર્યું. અનિલ સાથે કેટકેટલી યાદો છે. મુંબઈ આવતો ત્યારે કવિનો સંગાથ માણતો. એકવાર અનિલ સાથે મેં શ્રીલંકાનો પ્રવાસ કરેલો ત્યારે એણે હોંશથી બાળકની જેમ મારી પાસે છબીઓ પણ પડાવેલી. પ્રવાસ દરમિયાન અનિલે મારું ખૂબ ધ્યાન રાખેલું કે હું ક્યાંક પડી ન જાઉં. એ વખતે મને 'સીનકપી' નામની એક બીમારી હતી જેને કારણે હું ઘણીવાર ચાલતાં ચાલતાં પડી જતો ને બેભાન થઈ જતો. એણે મને સતત શુશ્રૂષા આપી છે. અનિલ મને 'મધ્યા' કહેતો અને હું એને 'ગાંડા' કહેતો. દિવસમાં એકવાર પણ જો એમ ન કહીએ તો એ દિવસ જાણે ઊગતો નહીં. ■

## 'હા હું મારી ગુજરાતી ભાષાની ખેતી કરતો બળદિયો છું...'

**સંજય છેલ**

'હું મારી ભાષાનો મોટો કવિ છું કે નહીં મને ખબર નથી, પણ હું મારી ભાષાનો મોટો અવાજ છું.. નાનો કવિ તો નથી જ' આ ખુમારી સાથે કવિ-નિબંધકાર અનિલ જોશીએ 'ગાંઠડી ઉપાડી શેઠની' નામની આત્મકથાના વિમોચન વખતે બે વરસ અગાઉ આ શબ્દો કહેલા. અલબત્ત, અનિલ જોશી આધુનિક ગુજરાતીના મહાકવિ હતા, જેમણે ગુજરાતી ગીતો કે કાવ્યોને રેઢિયાળ રોમેંટિક રચનાઓથી બહાર કાઢીને વેદનાસંવેદનાની આપણી ધરતીની ધબકતી ધીંગી ભાષામાં રચી આપ્યાં..

જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી 'સમી સાંજનો ઢોલ ઢબૂકતો' જેવા કન્યાવિદાયનું ગીત કે 'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી મને પાનખરની બીક ના બતાવો' જેવા 'કહેવત' સમાન બની ગયેલાં ગીતો જીવશે ને ગુંજશે.

અનિલભાઈ સાથે મારે અંગત સંબંધ હતો. એમનો ફોન આવે એટલે કલાકોની વાતચીત અને છેલ્લે હંમેશા કહે, 'છેલ, આપણે કંઈ નવું કરીએ' હું દર વખતે 'હા-હા' કરે રાખું, પણ હવે એ ફોન કયારેય નહીં આવે.. દર વરસે લેખક મધુ રાય ભારત આવે ત્યારે અમારી ત્રણેયની પાર્ટી થાય, જેમાં હું સૌથી નાનો. પુત્રવત્ પ્રેમ પણ કરે, વિદ્વાન હોવાનો કોઈ ડોળ નહીં કે મુશાયરાઓની ચાલુ રજૂઆત જેવી ચબરાકી નહીં.

વરસો પહેલાં આજના ટીવીસ્ટાર કલાકારો દિલીપ જોશી, અલ્પના બૂચ અને નાટકોનાં સફળ અભિનેતા કે લેખક એવા અનુરાગ પ્રપન્ના, ઉત્કર્ષ મઝુમદાર વગેરેના એક મ્યુઝિકલ નાટક 'તાકધીનાધીન'માં અનિલભાઈએ સુંદર ગીતો લખેલાં, જેમાં હુંય એક એક્ટર હતો. એ નાટકમાં છોકરાઓની પિકનિકમાં અચાનક સુંદર જુવાન છોકરીઓની એન્ટ્રી વખતે 'બંધિયાર કોઈ ઘરમાં, પવનની લહેરખી આવી ગઈ' જેવી અદ્ભુત લાઈનો અમારી સામે બેસીને બે જ મિનિટમાં લખી આપેલી.

એ જ અરસામાં એમને 'સ્ટેચ્યૂ' નિબંધસંગ્રહ માટે દિલ્લીનો સાહિત્ય અકાદમી એવોર્ડ મળેલો. જેમાંના એક-એક નિબંધ ભારેભાર લાગણીના દરિયા સમાન છે. એમાંના એક નિબંધમાં કોઈ નદી પર બંધ બનતાં આખું ગામ રાતોરાત પાણીમાં ડૂબી જાય એની વાત આજેય રૂંવાડાં ઊભાં કરી મૂકે. વળી અનિલ જોશીમાં એક ક્રાંતિકારી અવાજ હતો. બાળ ઠાકરે હોય, મુંબઈની બીજી સરકાર હોય કે હમણાં ૨૦૧૫માં એવોર્ડવાપસી હોય.. દરેક વખતે બુલંદ અવાજે અનિલ જોશીએ એક કવિ તરીકે વિરોધ કરેલો અને ૨૦૧૫માં ગુજરાતીમાં એકમાત્ર કવિલેખકે સાહિત્ય અકાદમીનો એવોર્ડ પરત કરવાની હિંમત દાખવેલી. ત્યારે કોઈએ એમના પર ભદ્દી મજાક કરેલી કે 'આવા કવિઓ તો બુદ્ધિના બળદિયા હોય છે.' ત્યારે અનિલ જોશીએ ખુમારીભેર કહેલુંઃ 'હા, હું બળદ જ છું.. હું મારી ગુજરાતી ભાષાની ખેતી કરું છું!'

મહારથી એવા ગુજરાતી નાટ્ય નિર્દેશક કાંતિ મડિયાનાં નાટકોનાં ટાઇટલો હોય કે ક્લાઇમેક્સમાં સંવાદોમાં અનિલ જોશીનો બહુ મોટો ફાળો. મડિયા એમને 'કવિ' કહે એટલે નાટકવાળા પણ કવિ કહે. એક કિસ્સો કવિના શબ્દોમાં જ જુઓઃ

'૧૯૭૩માં એક દિવસ મડિયાએ પૂછ્યુંઃ 'કવિ, નાટકનું કોઈ સરસ નામ આપો.' એ વખતે મણિભવન પાસેની 'ન્યૂ યૉર્ક રેસ્ટારાં'માં બેસીને મેં 'અમે બરફનાં પંખી' નામ સૂચવ્યું. નાટકનાં થીમ, જેમાં 'કેન્સર પેશન્ટ'ની વાત હતી, એ સાથે 'અમે બરફનાં પંખીરે..' ગીત બરાબર બંધબેસતું સૌને લાગ્યું ને નાટક સુપરહિટ થયું હતું!'

અનિલભાઈને જ્યારે મળવાનું થતું ત્યારે એક બાળસહજ ઉત્સાહ મળે. મારી એક ફિલ્મમાં એમણે એમની 'ફોતરાં' નામની વાર્તા સાવ સહજતાથી ૧ સીનમાં મૂકવા આપી દીધેલી - જેમાં વરસો પછી મળેલી પ્રેમિકાના હાથમાં વરસો અગાઉનાં સીંગદાણાંનાં ફોતરાં, મહેંદીની ડિઝાઇન રૂપે હીરોને દેખાય છે ને એ ચૂપ થઈ જાય છે!

મડિયાએ 'કાશીનો દીકરો' ફિલ્મ બનાવી ત્યારે એમણે (જુઓ પાનુ-૯)

## મૃદુ મિજાજના એક લડા્યક કવિ

**ધીમંત પુરોહિત**

અનિલ જોશી ગોરેગાંવના લોઢા ફ્લોરેન્ઝાનાં ૫૫મા માળે રહેવા આવ્યા ત્યારે હળવાશથી સૌને કહેતા કે આ બહુમાળી ટાવરની લીફ્ટમાં નીચેથી ઉપર જતા, જાણે ઉપર જવાની પ્રેક્ટિસ કરતો હોઉં એમ લાગે છે..વળી મારા ઘરની સામે જ આરે કોલોનીનું સ્મશાન છે.

જો કે એમની આ મઝાક આટલી જલદી આપણને રડાવશે એ નહોતી ખબર.

અનેક અમર ગીતોથી ગુજરાતીઓના લાડકા બનેલા કવિ અનિલ જોશીના ૮૫ વર્ષની ભવ્ય ઉજવણી હજી થોડા સમય પહેલા જ અમદાવાદમાં અમે કરેલી. ત્મે નહીં માનો, પણ જેમના કાવ્ય સંગ્રહો બીએ એમએમાં ભણાવાય છે, એ કવિ પોતે જુનિયર કોલેજમાં ગુજરાતી વિષયમાં એકથી વધુ વાર નાપાસ થયેલા અને જેમ તેમ કરી જનતા ક્લાસમાં બીએ પાસ થયેલા!

કવિનું જીવન રોલરકોસ્ટર રાઈડ જેવું રોમાંચક, સંઘર્ષોથી ભરેલું હતું. યુવાનીની ઉબડ ખાબડ કેડીઓમાં એક વેળા અનિલ જોશીએ કવિતાનો હાથ પકડી લીધેલો. જો કે આ બહુ મોટી વાત ના કહેવાય ,મોટી વાત એ થઇ, કે પછી કવિતાએ અનિલ જોશીનો હાથ પકડી લીધો. કવિતા જ અનિલ જોશીને ગોંડલ-અમરેલીની ગલીઓમાં થઈને, અમદાવાદ લઇ આવી. એચ કે આર્ટસ કોલેજમાં એડમિશન મળવું અશક્ય હતું પણ કવિતાની લાગવગથી જ શક્ય બન્યું, કોલેજમાં એડમિશન ફૂલ થઇ ગયા પછી પણ 'કુમાર'માં છપાયેલી એમની કવિતા જોઇને આચાર્ય યશવંત શુક્લે એમને ખાસ કેસમાં એડમિશન આપેલું. અને આમ કવિ કેડીમાંથી હાઈવે પર આવી ગયા.

બીએની ડિગ્રીની એ વખતે પણ બહુ કિંમત નહોતી. કવિતાઓ તો ધોધમાર આવતી હતી પણ નોકરીના નામે દુકાળ. પિતા રમાનાથ જોશી બહુ મોટા શિક્ષણાધિકારી. દીકરાની દશા જોઇને કહ્યું, 'અનિલ કવિતાથી ઘરના ચાલે.' અને અનિલ જોશીએ મુંબઈની વાટ પકડી. કવિની કવિતાને અહીં મોટો મંચ મળ્યો. કામ પણ કવિતાની ભલામણથી જ મળ્યું. બાળ ઠાકરેએ બધા નિયમો ચાતરીને (જુઓ પાનુ-૯)

# ટાટા મોટર્સમાં રોકાણકારોએ ₹ ૧.૯૦ લાખ કરોડ ગુમાવ્યા, એનવિડિયામાં આઠ ટકાનો કડાકો

**કરંટ ટોપિક**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ શેરબજારની એકધારી પડતી વચ્ચે રોકાણકારોના લાખો કરોડ રૂપિયા ધોવાયા છે. નિફ્ટી ૨૮થી ૩૦ વર્ષ પછી સતત પાંચ મહિના સુધી નેગેટિવ ઝોનમાં ગબડ્યો છે. જોકે આ બધા વચ્ચે અમુક શેરમાં પણ રોકાણકારોને પારાવાર નુકસાન થયું છે, જેમનો એક શેર ટાટા મોટર્સમાં લગભગ બે લાખ કરોડ સાફ થઈ ગયા છે.

નિફ્ટીને નેગેટિવ ઝોનમાં ધકેલનારા અનેક પરિબળો એકત્ર થયા છે, પરંતુ તેના ઘટક એવા ટાટા મોટર્સના ધોવાણને કારણે તેની અવગતિ સહેજ વધુ ઝડપી બની હોવાથી બેન્ચમાર્ક ઝડપથી નીચે સરકી રહ્યો છે. એ જ રીતે, એમરિકાના નેસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સમાં એનવિડિયાના ધોવાણને કારણે ઝઢપી કડાકો જોવા મળ્યો છે.

અમેરિકામાં નબળા કન્ઝ્યુમર ડેટાને કારણે અમેરિકન બજારોમાં નરમાઇનો માહોલ રહ્યો હોવા સાથે નાણાકીય પરિણામની જાહેરાત અગાઉ એનવિડિયામાં ત્રણેક ટકાનો કડાકો બોલી જતાં નેસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સમાં દોઢેક ટકાનો ધબડકો જોવા મળ્યો હતો. આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ ચીપમેકર કંપનીના શેરમાં ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં આઠેક ટકાનો કડાકો બોલાયો છે. ટાટા મોટર્સની તરફ પાછાં ફરીએ તો વિદેશના ચાવીરૂપ બજારોમાં જગુઆર લેન્ડ રોવર (જેએલઆર)ની નબળી માગ અને વ્યાપારી વાહનો તથા ઇલેક્ટ્રિક વાહનોના સેગમેન્ટમાં સ્થાનિક વેચાણની ચિંતાને કારણે ટાટા મોટર્સના શેરમાં ૪૪ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. નોંધવું રહ્યું કે ટાટા મોટર્સની રેવન્યુમાં જેગુઆર લેન્ડ રોવરની વેચાણનું યોગદાન ખૂબ મહત્વનું છે અને અન્ય ઇલેક્ટ્રિક વાહનો પણ હરીફાઈમાં આવી રહ્યા છે. કંપનીની આવકમાં જેએલઆરની નિકાસ આવક ખૂબ મહત્વની છે.

શેરબજારમાં તાજેતરના કડાકાના દોરમાં ટાટા મોટર્સ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર નિફ્ટી ૫૦ સ્ટોક તરીકે ઉભરી આવ્યો છે, તેના શેર જુલાઈ ૨૦૨૪માં રૂ. ૧,૧૭૯ની ટોચથી અંદાજે ૪૪ ટકાના કડાકા સાથે હાલમાં રૂ. ૬૬૧.૭૫ના સ્તર પર પહોંચી ગયા છે. આને પરિણામે ટાટા મોટર્સના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. ૧.૯ લાખ કરોડનું ધોવાણ થયું છે. ચીન અને યુકે જેવા મુખ્ય બજારોમાં જગુઆર લેન્ડ રોવરની નબળી માગને કારણે રોકાણકારોમાં આ શેર માટેના સેન્ટિમેન્ટમાં ખાંચરો પડતા તેના શેરના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. યુરોપિયન બનાવટની કાર પર યુએસના સંભવિત આયાત ટેરિફ અંગેની ચિંતા પણ શેરમાં સતત વેચવાલી અને પીછેહઠનું મહત્વનું કારણ છે. સ્થાનિક બજારમાં જોઇયેબતો મધ્યમ અને ભારે સેગમેન્ટના કમર્શિયલ વ્હિકલના વેચાણમાં નરમાઈ અને અન્ય કંપનીઓ તરફથી ઇલેક્ટ્રિક વ્હિકલની વધતી સ્પર્ધાને કારણે વધુ દબાણ આવી રહ્યું છે.

કોર્પોરેટ હલચલમાં આરઆરપી ઇલેક્ટ્રોનિક્સે યુએસ સ્થિત ડેકા ટેકનોલોજી ઇન્કોર્પોરેશન સાથે સેમિકન્ડક્ટર પેકેજિંગ માટે વ્યૂહાત્મક સહયોગ સાધવા એમઓયુ કરાર કર્યા છે. આરઆરપી ઇલેક્ટ્રોનિક્સ સેમિકન્ડક્ટર ઘટકોના એસેમ્બલિંગ અને પરીક્ષણમાં કુશળતા ધરાવે છે.

ડેકા ટેક્નોલોજીસ ક્વોલકોમ, ઇન્ફિનિયોન અને એએસઇ ગ્રુપ જેવા ઉદ્યોગ દિગ્ગજોના સમર્થન સાથે અદ્યતન સેમિકન્ડક્ટર પેકેજિંગમાં અગ્રણી છે. દરમિયાન, મહાશિવરાત્રી નિમિત્તે બુધવારે શેરબજાર બંધ રહ્યું હતું. સેન્સેક્સે મંગળવારે પાંચ દિવસની પીછેહઠને બ્રેક મારીને સાધારણ સુધારો નોંધાવ્યો હતો, જ્યારે નિફ્ટી મામૂલી ઘસરકા સાથે નેગેટિવ ઝોનમાં બંધ રહ્યો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૪૭.૭૧ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા વધીને ૭૪,૬૦૨.૧૨ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૫.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૨૨,૫૪૭.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી હતી. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૧.૪૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૭૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૫૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં મિડકેપ ૦.૫૭ ટકા અને સ્મોલકેપ ૦.૪૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૧.૦૬ ટકા ઘટ્યો હતો.

# ત્રીજા ત્રિમાસિકગાળામાં દેશમાં ૬.૩ ટકા વૃદ્ધિદરનો જર્મન બ્રોકરેજનો અંદાજ

મુંબઈઃ ભારતીય અર્થતંત્રનો ખરાબ સમયગાળો પૂરો થયો હોવાનું જણાઈ રહ્યું હોવાનું એક જર્મન બ્રોકરેજે તાજેતરમાં જણાવ્યું છે. ગત સપ્ટેમ્બરના અંતના ત્રિમાસિકગાળામાં સતત સાતમાં ત્રિમાસિકગાળામમાં જીડીપીમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં ૫.૪ ટકાનો આર્થિક વૃદ્ધિદર જોવા મળ્યો હતો, પરંતુ હવે વર્તમાન નાણાકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિકગાળામાં ૬.૨ ટકાનો આર્થિક વૃદ્ધિદર જોવા મળે તેવી શક્યતા ડૉઈશ બૅન્કે વ્યક્ત કરી છે.

બૅન્કના વિશ્લેષકે જણાવ્યું હતું કે ભારતની આર્થિક વૃદ્ધિની ચિંતા દૂર થઈ હોવાનું જણાય છે, પરંતુ આર્થિક વૃદ્ધિ ખોડંગાઈ જવાને કારણે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૬નો આર્થિક વૃદ્ધિદર સાત ટકાની નીચે રહેશે. આવતીકાલે (ગુરુવારે) જાહેર થનારા આર્થિક કામગીરી અંગેના ડેટાની જાહેરાત પૂર્વે ડૉઈશ બૅન્કનો આ અહેવાલ આવ્યો છે.

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસિલો તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે, સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ અને નોંધણી નં. P51900025024 હેઠળ મહારેરા પોર્ટલમાં નોંધાયેલ ''સંભવ'' તરીકે ઓળખાનારા પુનઃવિકાસ પ્રોજેક્ટમાં રહેણાંક પ્રિમાઈસિસ (''સદર પ્રિમાઈસિસ'') (૧) ૧૯, ફલોર - બેઝમેન્ટ, પ્લોટ ૨૩E, પરેરા ચાલ, ડોંગરશી રોડ, તીન બત્તી, મલબાર હિલ, વાલ્કેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬ ખાતે તેમની નોંધાયેલ ઓફિસ ધરાવનાર એક કંપની, હેલિક્ટાઈટ રેસિડેન્સી પ્રાઈવેટ લિમિટેડ (CIN નં. U70101MH1992PTC065080) ''પ્રોમોટર'' અને (૨) ૫૦૧-B, સિમ્ફોની પ્રિમાઈસિસ CHSL, નેહરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૫૭ ખાતે તેમની નોંધાયેલ ઓફિસ ધરાવનાર લિમિટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ એક્ટ ૨૦૦૮ની જોગવાઈઓ હેઠળ સ્થપાયેલ એક લિમિટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ, NHP રિયલ્ટી LLP (''કો-પ્રોમોટર'') પાસેથી ખરીદવા માટે સંમત થયા છે.

તમામ શખ્સો જે સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગના સંદર્ભમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, જાળવણી, બિક્વેસ્ટ, પાવર ઓફ એટર્ની, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરેંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સિસ, લીસ પેન્ડન્સ, ઈંજંકશન અથવા જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યૂટરી ઓથોરિટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવાઓ સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આજ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, તે ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ ગણાશે અને કોઈપણ રીતે બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસિલ લેવડદેવડ સાથેની આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ**

ડોંગરશી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં બૃહન્મુંબઈમાં ડિવિઝન મલબાર હિલ અને કંબાલા હિલના પ્રોમોટર ભાગ દ્વારાની માલિકીના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૬ ધરાવતી સંલગ્ન જમીન સાથે એકીકૃત આકૃતિ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારાની માલિકીના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૭ ધરાવતી જમીન પર બંધાઈ રહેલ હોઈ ''સંભવ'' તરીકે ઓળખાનાર પ્રોજેક્ટમાં ૩ (ત્રણ) કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ગ્રાઉન્ડ ફલોરથી ૨૩મા માળ પર એટલે કે ૮મા હેબીટેબલ માળ પર ભરતમાં ૧૫૯૦ ચો. ફુટ રેરા કારપેટ એરીયા, ૧૪૭.૭૧ ચો.મી.ની સમકક્ષ કારપેટ એરીયાનો તે તમામ ફ્લેટ નં. ૮૦૧.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે **ફાલ્ગુની શાહ** અને **વ્યોમેશ શાહ** બંને ફલોર ૬ ડીવીનીટી, કેશવરાવ ખાડ્યે માર્ગ, લાલા લજપતરાય કોલેજ નજીક, તારદેવ, મુંબઈ-૩૪ ખાતે રહેનાર (**''માલિકો''**), આકૃતિ કો-ઓપ. હા.સો. લી. (**''સોસાયટી''**)ના **''આકૃતિ''** તરીકે જાણીતા બીલ્ડીંગ (તોડકામ કરાયેલ હોઈ)માં બે રહેણાંક ફ્લેટોમાં તેમના તમામ હક્ક, ટાઈટલ, હિત અને બેનીફીટસ અમારા અસીલને વેચવા માટે કબૂલ થયેલ છે અને જે બે રહેણાંક ફ્લેટો અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે જેમાં (૧) ૧૯, ફ્લોર-બેઝમેન્ટ, પ્લોટ ૨૩ઈ, પરેરા ચાલ, ડોંગરસી રોડ, તીનબત્તી, મલબાર-હીલ, વાલકેશ્વર, મુંબઈ-૬ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર, એક કું., હેલીકટાઈટ રેસીડેન્સી પ્રા.લી. [CIN નં. U70101MH1992PTC065080] (**''પ્રોમોટર''**) તથા (૨) ૫૦૧-બી, સીમ્ફની પ્રીમાઈસીસ CHSL, નહેરુ રોડ, વિલેપાર્લા (પૂ), મુંબઈ-૫૭ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર, લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ એક્ટ, ૨૦૦૮ની જોગવાઈઓ હેઠળ સ્થપાયેલ, એક લિમિટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ, NHP રીયલ્ટી LLP (**''કો-પ્રોમોટર''**) દ્વારા વિકાસ કરાનાર અને બાંધવામાં આવનાર હોઈ નોંધણી નં. P51900025024 હેઠળ મહારેરા પોર્ટલમાં નોંધાયેલ **''સંભવ''** તરીકે ઓળખાનાર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ (**''પ્રોજેક્ટ''**)માં નિઃશુલ્ક અને ઓનરશીપ ધોરણ પર નવા રહેણાંક પ્રીમાઈસીસની ફાળવણી કરવાના હક્કનો સમાવેશ છે, જે પ્રોમોટર દ્વારાની માલિકીના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૬ ધરાવતી અડીને આવેલ જમીન સાથે એમલગમેટ કરાયેલ કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૭ ધરાવતી સોસાયટીની મિલકત પર છે (**''પ્રોજેક્ટ લેન્ડ''**) અને જે નવી રહેણાંક પ્રીમાઈસીસ અહીં નીચે લખેલ **દ્વિતીય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે, જે તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે, ક્લીયર અને માર્કેટેબલ ટાઈટલ સાથે છે.

માલિકોએ અમારા અસીલને જણાવ્યું છે કે તેઓ અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ તેમના જૂના ફ્લેટોની બદલીમાં, અહીં નીચે લખેલ **દ્વિતીય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ પ્રોજેક્ટમાં નવી પ્રીમાઈસીસના હક્કદાર છે (સંયુક્ત રીતે **''સદર પ્રીમાઈસીસ''**).

તમામ શખ્સો જે અહીં નીચે વર્ણવેલ સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગના સંદર્ભમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, જાળવણી, બિક્વેસ્ટ, પાવર ઓફ એટર્ની, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સિસ, લીસ પેન્ડન્સ, ઈંજંકશન અથવા જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યૂટરી ઓથોરિટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવાઓ સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આજ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, તે ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ ગણાશે અને અમારા અસિલ લેવડદેવડ સાથેની આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ**

| જુના ફ્લેટ નં. | માળ | OC પ્લાન મુજબ કારપેટ એરીયા (ચો.મી.) | સોસાયટીમાં માલિકો દ્વારા ધરાવાયેલ શેર્સની વિગતો | |
|---|---|---|---|---|
| | | | શેર સર્ટિ. નં. | વિશિષ્ટ નં. |
| ૬૦૧ | ૬ઠ્ઠો માળ | ૪૦.૫૩ | ૦૦૪ | ૦૧૬ થી ૦૨૦ (બંને સહિત) |
| ૬૦૩ | ૬ઠ્ઠો માળ | ૩૯.૪૭ | ૦૦૨ | ૦૦૬ થી ૦૧૦ (બંને સહિત) |

ડોંગરસી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬ ખાતે નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લા ડીવીજનમાં બૃહન્મુંબઈમાં મલબાર હીલ અને કંબાલા હીલના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૭, કલેકટરના નવા નં. ડીએ/૨૭૩૦ અને ડી/૨૭૧૮ તથા નવા સર્વે નં. ૧એ/૭૨૫૫ ભાગ ધરાવતી જમીન પર અગાઉ ઉભેલા ''**આકૃતિ**'' (તોડકામ કરાયેલ હોઈ) તરીકે જાણીતા બીલ્ડીંગમાં.

**ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ**

નોંધણી નં. P51900025024 હેઠળ મહારેરા પોર્ટલમાં નોંધાયેલ અને પ્રોજેક્ટ લેન્ડ પર બંધાયેલ રહેલ હોઈ ''**સંભવ**'' તરીકે ઓળખાનાર પ્રોજેક્ટમાં ૨ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ગ્રાઉન્ડ ફ્લોરથી ૧૮મા માળ એટલે કે ૩જા હેબીટેબલ માળ ઉપર ભરતમાં ૧૧૩.૯૩ ચો.મી. રેરા કારપેટ એરિયા, ૧૨૨૭ ચો.ફૂટની સમકક્ષ કારપેટ એરીયાનો નવો ફ્લેટ નં. ૩૦૨.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com

## દેશ-વિદેશ

# જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સેનાના વાહન પર આતંકવાદી હુમલો, હાઈ એલર્ટ જાહેર

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જીલ્લામાં ભારતીય સેના પર આતંકવાદી હુમલાના અહેવાલો મળી રહ્યા છે. અહેવાલ મુજબ સેનાના વાહન પર આતંકવાદીઓએ બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. અહેવાલ મુજબ સુંદરબની વિસ્તારમાં સેનાનું વાહન પેટ્રોલિંગ કરી રહ્યું હતું, ત્યારે બપોરે એક વાગ્યાની આસપાસ આ હુમલો થયો હતો. જોકે, સેનાએ હજુ સુધી આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગોળીબાર બાદ સેનાનું વાહન ખીણમાં પડ્યું છે. આ પછી તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. જોકે, અત્યાર સુધી કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જમ્મુના રાજૌરીના સુંદરબની સેક્ટરમાં બપોરે લગભગ ૧૨.૪૫ વાગ્યે સેનાના વાહન પર ગોળીબાર થયો હતો. આ ઘટનાને અંજામ આપ્યા પછી આતંકવાદીઓ તરત જ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. આતંકવાદીઓને શોધવા વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

# તેલંગણા ટનલ દુર્ઘટનાઃ ૧૧ એજન્સીઓ રેસ્ક્યૂ ઓપરેશનમાં જોડાઈ

હૈદરાબાદઃ તેલંગણાના નાગરકુર્નૂલ જિલ્લામાં શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલની નિર્માણાધીન ટનલનો એક ભાગ ધરાશાયી થતા ફસાયેલા આઠ લોકોને બહાર કાઢવામાં હજુ સુધી કોઈ સફળતા મળી નથી. રેસ્ક્યૂ ટીમ ટનલના ૧૩.૮૫ કિમીમાંથી ૧૩.૭૯ કિમી સુધી પહોંચવામાં સફળ રહી છે, છતાં અંતિમ ભાગ પડકારજનક બની રહ્યો છે. છેલ્લા ભાગમાં કાદવ અને કાટમાળનો મોટો ઢગલો બની ગયો છે. આવી સ્થિતિમાં, કેમેરાથી સજ્જ ડ્રોન, સોનાર અને પોર્ટેબલ કેમેરા રોબોટ જેવા ઉપકરણોની મદદ લેવામાં આવી રહી છે. તેલંગણાના નાયબ મુખ્ય પ્રધાન ભટ્ટી મલ્લુ વિક્રમાર્કાએ મંગળવારે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. કે જ્યાં સુધી અંદર ફસાયેલા આઠ લોકો મળી ન આવે ત્યાં સુધી રાજ્ય સરકાર હાર નહીં માને. તેમણે જણાવ્યું કે દેશભરના અનેક નિષ્ણાતો પહેલાથી જ સ્થળ પર હાજર છે, તે ઉપરાંત, સરકાર આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના સંપર્કમાં છે જેઓ અગાઉ આવી પરિસ્થિતિઓમાં કામ કરી ચુક્યા છે.

# ૪૩.૫૫ કરોડ રૂપિયા આપીને બનો અમેરિકાના નાગરિકઃ ટ્રમ્પની નવી યોજના

વોશિંગ્ટન ડીસીઃ અમેરિકા જઈને વસવા ઈચ્છતા ધનાઢ્ય લોકો માટે ટ્રમ્પે સારા સમાચાર આપ્યા છે. આ માટે તેમણે મોટી રકમ ખર્ચ કરવી પડશે. ટ્રમ્પની યોજના મુજબ જે લોકો અમેરિકાની નાગરિકતા મેળવવા ઈચ્છતા હોય તેમણે પાંચ મિલિયન ડૉલર (આશરે ૪૩ કરોડ ૫૫ લાખ રૂપિયા) ખર્ચ કરવા પડશે. આ યોજનાને ગોલ્ડ કાર્ડ યોજના નામ આપવામાં આવ્યું છે.

આ ગોલ્ડ કાર્ડ, ગ્રીન કાર્ડનું પ્રીમિયમ વર્ઝન હશે. ગોલ્ડ કાર્ડ મેળવ્યા બાદ વ્યકિતને ગ્રીન કાર્ડથી વિશેષ અધિકાર આપવામાં આવશે. તેનાથી અમેરિકામાં રોકાણ કરવામાં અને નાગરિકતા મેળવવાનો મોકો પણ મળશે. ભવિષ્યમાં એક મિલિયન એટલે કે ૧૦ લાખ કાર્ડ વેચવામાં આવશે.

આ યોજનાનો ટાર્ગેટ વિશ્વભરમાંથી ધનવાન લોકોને અમેરિકા તરફ ખેંચવાનો છે. જે દેશમાં નોકરીઓની તકો પણ વધારશે. ટ્રમ્પે કહ્યું, અમે એક ગોલ્ડ કાર્ડ વેચવા જઈ રહ્યા છીએ. આ કાર્ડની કિંમત લગભગ પાંચ મિલિયન ડૉલર હશે. ઑવલ ઓફિસમાં વાણિજ્ય સચિવ હાર્વર્ડ લુટનિક સાથે કાર્યકારી આદેશ પર સહી કરતાં ટ્રમ્પે કહ્યું, અમે એક ગોલ્ડ કાર્ડ વેચવા જ રહ્યા છીએ. તમારી પાસે ગ્રીન કાર્ડ છે, પરંતુ આ ગોલ્ડ કાર્ડ છે. તેની કિંમત પાંચ મિલિયન ડોલર હશે અને તેનાથી તમને ગ્રીન કાર્ડ જેવા વિશેષ અધિકાર મળશે.

ટ્રમ્પે કહ્યું, ઈબી પાંચ વિઝા કાર્યક્રમને ગોલ્ડ કાર્ડમાં બદલવામાં આવશે. જે મોટી રકમવાળા વિદેશી નાગરિકોને અમેરિકામાં નોકરી સર્જન કરવા માટે કાયમી રહેઠાણની મંજૂરી આપે છે. વેબસાઈટ મુજબ, ઈબી પાંચની શરૂઆત ૧૯૯૦માં કૉંગ્રેસે વિદેશી રોકાણકારો દ્વારા રોજગારી સર્જન અને મૂડી રોકાણના માધ્યમથી અમેરિકાના અર્થતંત્રને પ્રોત્સાહિત કરવા માટે કરી હતી.

**પશ્ચિમ રેલવે**

**TRD કામ**

Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નોટીસ નં.: WR-MMCTOESUB(ESOT)/૩/૨૦૨૫ મંગાવે છે. **કામનું નામઃ** ચર્ચગેટ - વિરાર સેક્શનમાં બાંદ્રા નોર્થ ફૂટ ઓવર બ્રિજ અને બાંદ્રા ટર્મિનસ સાઉથ એન્ડ વચ્ચે પ્રસ્તાવિત સ્કાય વોકના સંબંધમાં TRD કામ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૬૭,૫૨,૦૩૧. **બીડ સુરક્ષાઃ** રૂ. ૧,૩૫,૧૦૦/-. **સુપ્રતિની તારીખ અને સમયઃ** ૨૪.૦૩.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. **ખોલવાની તારીખ અને સમયઃ** ૨૪.૦૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. **વેબસાઈટ વિગતોઃ** ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in દ્વારા સુપ્રત અને જોઈ શકાય છે. 1117

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**પીવાના પાણીનો પુરવઠો**

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ), વેસ્ટર્ન રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008 દ્વારા ઈ-ટેન્ડર નોટિસ નં. **BCT/24-25/292 તાઃ 24.02.2025** માટે આમંત્રિત કરવામાં આવે છે. **કામ અને સ્થળઃ** માટુંગા રોડ- માટુંગા રોડ સ્ટાફ કોલોની, માટુંગા રોડ ઓફિસર્સ ફ્લેટ, દાદર કોલોની, માહિમ સ્ક્રેપ યાર્ડ અને માહિમ જંકશન રનિંગ રૂમ ખાતે 730 દિવસ સુધી ટેન્કર દ્વારા પીવાના પાણીનો પુરવઠો કરવો. **અંદાજિત કિંમતઃ** ₹ 23,13,848.88. **ઈએમડીઃ** ₹ 46,300/- **રજૂ કરવાની તારીખ અને સમયઃ** 21.03.2025 15.00 કલાક સુધી. **ખુલ્લો મૂકાવાની તારીખ અને સમયઃ** 21.03.2025ના 15.30 કલાકે. વધુ માહિતી માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in પર સંપર્ક કરો. 1119

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**મહાટેન્ડર પોર્ટલ લીંક**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (સ્યુઅરેજ ઓપરેશન) |
| ડિવિઝન | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (સ્યુ.) W.S. |
| ટેન્ડર સંદર્ભ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૫૩૮૪૫_૧ |
| વિષયઃ | ૧ વર્ષ માટે ચી.એ. (S.O.) હેઠળ વિવિધ પંમ્પિંગ સ્ટેશન ખાતે SCADA સિસ્ટમનું ઓપરેશન અને વ્યાપક જાળવણી |
| ટેન્ડરનું વેચાણ | ૨૭.૦૨.૨૦૨૫ સમય ૧૧.૦૦ ક.થી<br>૦૫.૦૩.૨૦૨૫ સમય ૦૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in<br>હવેથી કોઈપણ સુધારણા અથવા પરિશિષ્ટ BMC પોર્ટલ/ મહાટેન્ડર પોર્ટલ લિંક સાઈટ પર જ જાહેર કરવામાં આવશે. |
| સંચાર ઓફિસઃ | |
| A) નામ | શ્રી. કૃષ્ણા પાટીલ |
| B) ટેલિફોન નં. | ૨૬૩૬૮૬૮૧ |
| C) મોબાઈલ નં. | ૯૮૨૦૦૪૮૮૯૫ |
| D) ઈ-મેલ સરનામું | eemechsws.so@mcgm.gov.in |

સહી/-
PRO/2636/ADV./2024-25 E.E. Mech.(S.O) W.S.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## અનિલ જોશી - સ્માંરણાંજલિ (આઠમા પાનાનું ચાલુ)

### ‘હા હું ગુજરાતી ભાષાની ખેતી

અનિલ જોશી પાસે માત્ર એક જ કલાકના સમયમાં ફિલ્મનું એક સિચ્યુએશનલ સૉન્ગ લખાવેલું. એમને ‘વેસ્ટ એન્ડ હોટેલ’ની એક રૂમમાં પૂરી દીધેલા અને મડિયાએ કહ્યુંઃ ‘કવિ, સમય બહુ ઓછો છે. કાલે રેકોર્ડિંગ છે. માત્ર દોઢ કલાકનો સમય છે.’ કવિ અનિલ જોશીને ફરમાશથી લખવાની આદત નહીં. અનિલભાઈએ એ વિશે કહેલુંઃ

‘મારી જિંદગીમાં મેં આટલી ઝડપથી રેડીમેડ સિચ્યુએશન પર ક્યારેય ગીત લખ્યું નહોતું, પણ દોઢ જ કલાકમાં લખાઈ ગયું..’ બાય ધ વે, એ ગીત આજની તારીખે પણ એટલું લોકપ્રિય છેઃ

‘ઝીણાં ઝીણાં રે આંકેથી અમને ચાળિયાં
કાયા લોટ થઈને ઊડી માયા તોય હજી ના છૂટી
ડંખે સૂની મેડી ને સૂનાં જાળિયાં..
સૂની ડેલીને જોઈ પૂછશો ના કોઈ કે અવસરિયાં કેમ નથી આવતાં?
પાંદડું તૂટે તો લોહી નીકળશે ડાળને એટલે તોરણ નથી રે બાંધતા...

આજે ગુજરાતી ગીતોનું તોરણ તૂટી ગયું. હવે જ્યારે જ્યારે તળપદી સાચી ગુજરાતીની વેવલાઈ વગરની વેદનાની વાત આવશે ત્યારે અનિલ જોશી ખોબલે ખોબલે યાદ આવશે. એમના વિના એમના જોગેશ્વરી હાઇવે પાસેના પંચાવનમા માળના ફ્લૅટની ખાલી બાલ્કની હવે સૂની મેડીની જેમ સદાય ડંખશે.

### મૃદુ મિજાજના એક લડા્યક કવિ

માત્ર બીએ પાસ કવિને મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશનની શાળાઓના ‘લેન્ગવેજ ઓફિસર’ બનાવ્યા, જે પોસ્ટ પર વર્ષો પહેલાં મણીલાલ નભુભાઈ દ્વિવેદી જેવા વિદ્વાન હતા. સરકારી મકાન પણ આપ્યું. ઔર જીને કો ક્યા ચાહિયે! મુંબઈએ કવિનાં બધાં સપનાં સાકાર કર્યાં.

કેટલાક સર્જક બહુ સારા કવિ હોય છે અને કેટલાક બહુ સારા લેખક, પણ કાવ્ય અને ગદ્ય બંને ક્ષેત્રે સરખા શ્રેષ્ઠ હોય એવા સવ્યસાચી સાહિત્ય ક્ષેત્રે બહુ ઓછા હોય છે. અનિલ જોશી એમાંના એક વિરલ સર્જક હતા, કવિ તંત્રી હરીન્દ્ર દવેએ એકવાર અનિલ જોશીને કહ્યું, કે ‘અમારા ‘જનશક્તિ’માં તમે કાંક લખો.’ અનિલ જોશીએ વિવેકપૂર્વક ના પાડી, કે હું તો કવિ છું, કવિતા લખું, મારાથી છાપામાં લેખ કઈ રીતે લખાય.? લો બોલો, ત્યારે અને આજે પણ છાપામાં કોલમ લખવા તો કેવા કેવા ખેલ થાય છે.

કવિ તો આ વાત ભૂલી પણ ગયા, પણ હરીન્દ્ર દવે આ મામલે ગંભીર હતા. એમણે અઠવાડિયા પછી ફોન કરીને ઉઘરાણી કરી, કે લેખનું ટાઈટલ બોલો, મારે બ્લોક બનાવવો છે. કવિએ ફોન પર જ લખાવ્યું, ‘વસંત એટલે ભૂલ કરવાની ઋતુ અને આમ આપણને ગુજરાતીમાં વધુ એક ઉત્કૃષ્ટ ગદ્ય લેખક મળ્યા. વસંતની એક ભૂલથી શરુ થયેલો સિલસિલો વાયા ‘સ્ટેચ્યુ’ અને આત્મકથા ‘ગાંસડી ઉપાડી શેઠની’ થઇ, આજે ‘વાતવિસામો’ સુધી પહોંચ્યો.

પાછળથી હસમુખ ગાંધીના નવા શરુ થયેલા ‘સમકાલીન’માં લઇ ગયા, જ્યાં અનિલ જોશીમાનો પત્રકાર પણ પૂરબહારમાં ખીલ્યો. એક જૈન મુનિના સેક્સ કાંડ પર અનિલ જોશીએ એવી તો ધારદાર કલમ ચલાવી, કે જૈનો જેવી અહિંસક પ્રજા હિંસક બની અને અનિલ જોશીને મોતની ધમકીઓ મળવા માંડી. ત્યારે મહારાષ્ટ્ર સરકારે એમને પોલીસ પ્રોટેક્શન આપવું પડ્યું. જો કે કવિ સંમેલનોમાં પોલીસ પ્રોટેક્શન સાથે જવું કવિને અડવું લાગતા આખરે એમણે પોતે જ પોલીસ પ્રોટેક્શન સરકારને સાભાર પરત કર્યું.

સમકાલીન’માં જ બીજો એવો યાદગાર પ્રસંગ ‘સેક્સ પર સેમિનાર’નો‘ છે, જેમાં આપણા કવિને એક જેન્યુઈન મુદ્દો એ ખૂંચ્યો, કે સેક્સ વિશેના સેમિનારમાં બધા વક્તા પુરુષો જ કેમ? સ્ત્રીઓ કેમ નહિ? વળી આમાં ઓથોરિટી તો કમાટીપુરાની સેક્સ વર્કરની ગણાય.

આ બધા સેમિનારમાં કેમ નહિ? એમણે પોતાની કોલમમાં એ હેડીંગ સાથે લખ્યું, કે ‘ગુજરાતીઓ સેક્સની બાબતમાં સ્વનિર્ભર’. આ લેખ સેમિનારના દિવસે સવારે જ પ્રગટ થયો અને સ્વાભાવિક જ સાંજે સેમિનારની કસુવાવડ થઇ ગયેલી!

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે **મહીપતરાય વી. શાહ HUF તેના કર્તા દ્વારા, શ્રી હેમંત શાહ**, ફ્લોર ૧૩ ડીવીનીટી, કેશવરાવ ખાડયે માર્ગ, લાલા લજપતરાય કોલેજ નજીક, તારદેવ, મુંબઈ-૩૪ ખાતે રહેનાર (**''માલિક''**) આકૃતિ કો-ઓપ. હા. સો. લિ. (**''સોસાયટી''**) ના **''આકૃતિ''** તરીકે જાણીતા બીલ્ડીંગ (તોડકામ કરાયેલ હોઈ)માં બે રહેણાંક ફ્લેટોમાં તેમના તમામ હક્ક, ટાઈટલ, હિત અને બેનીફીટસ અમારા અસીલને વેચવા માટે કબૂલ થયેલ છે અને જે બે રહેણાંક ફ્લેટો અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ઠ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે જેમાં (૧) ૧૯, ફ્લોર-બેઝમેન્ટ, પ્લોટ ૨૩ ઈ, પરેરા ચાલ, ડોંગરસી રોડ, તીન બત્તી, મલબાર-હીલ, વાલકેશ્વર, મુંબઈ-૬ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર, એક કું., **હેલીકટાઈટ રેસીડેન્સી પ્રા. લી.** [CIN નં. U70101MH1992PTC065080] (**''પ્રોમોટર''**) તથા (૨) ૫૦૧-બી, સીમ્ફની પ્રીમાઈસીસ CHSL, નહેરુ રોડ, વિલેપાર્લા (પૂ), મુંબઈ-૫૭ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર, લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ એક્ટ, ૨૦૦૮ની જોગવાઈઓ હેઠળ સ્થપાયેલ, એક લિમિટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ, NHP રીયલ્ટી LLP (**''કો-પ્રોમોટર''**) દ્વારા વિકાસ કરાનાર અને બાંધવામાં આવનાર હોઈ નોંધણી નં. P51900025024 હેઠળ મહારેરા પોર્ટલમાં નોંધાયેલ **''સંભવ''** તરીકે ઓળખાનાર રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ (**''પ્રોજેક્ટ''**) માં નિઃશુલ્ક અને ઓનરશીપ ધોરણ પર નવા રહેણાંક પ્રીમાઈસીસની ફાળવણી કરવાના હક્કનો સમાવેશ છે, જે પ્રોમોટર દ્વારાની માલિકીના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૬ ધરાવતી અડીને આવેલ જમીન સાથે એમલગમેટ કરાયેલ કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૭ ધરાવતી સોસાયટીની મિલકત પર છે (**''પ્રોજેક્ટ લેન્ડ''**) અને જે નવી રહેણાંક પ્રીમાઈસીસ અહીં નીચે લખેલ **દ્વિતીય પરિશિષ્ઠ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે, જે તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે, ક્લીયર અને માર્કેટેબલ ટાઈટલ સાથે છે.

માલિકોએ અમારા અસીલને જણાવ્યું છે કે તેઓ અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ તેમના જૂના ફ્લેટોની બદલીમાં, અહીં નીચે લખેલ **દ્વિતીય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ પ્રોજેક્ટમાં નવી પ્રીમાઈસીસના હક્કદાર છે (સંયુક્ત રીતે **''સદર પ્રીમાઈસીસ''**).

તમામ શખ્સો જે અહીં નીચે વર્ણવેલ સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગના સંદર્ભમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે) ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, પાર્ટીશન, ભાગીદારી, જાળવણી, બિક્વેસ્ટ, પાવર ઓફ એટર્ની, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સિસ, લીસ પેન્ડન્સ, ઈંજંકશન અથવા જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યૂટરી ઓથોરિટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમને સહાયક દસ્તાવેજી પુરાવાઓ સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આજ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, તે ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ ગણાશે અને અમારા અસીલ લેવડદેવડ સાથેની આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ**

| જુના ફ્લેટ નં. | માળ | OC પ્લાન મુજબ કારપેટ એરીયા (ચો.મી.) | સોસાયટીમાં માલિકો દ્વારા ધરાવાયેલ શેર્સની વિગતો | |
|---|---|---|---|---|
| | | | શેર સર્ટિ. નં. | વિશિષ્ટ નં. |
| ૨૦૧ | ૨જો માળ | ૪૦.૫૩ | ૧૮ | ૦૮૬ થી ૦૯૦ (બંને સહિત) |
| ૫૦૧ | ૫મો માળ | ૪૦.૫૩ | ૧૨ | ૦૫૬ થી ૦૬૦ (બંને સહિત) |

ડોંગરસી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬ ખાતે નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લા ડીવીજનમાં બૃહન્મુંબઈમાં મલબાર હીલ અને કંબાલા હીલના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૮૭, કલેકટરના નવા નં. ડીએ/૨૭૩૦ અને ડી/૨૭૧૮ તથા નવા સર્વે નં. ૧એ/૭૨૫૫ ભાગ ધરાવતી જમીન પર અગાઉ ઉભેલા ''**આકૃતિ**'' (તોડકામ કરાયેલ હોઈ) તરીકે જાણીતા બીલ્ડીંગમાં.


**ઉપર ઉલ્લેખેલ દ્વિતીય પરિશિષ્ટ**

નોંધણી નં. P 51900025024 હેઠળ મહારેરા પોર્ટલમાં નોંધાયેલ અને પ્રોજેક્ટ લેન્ડ પર બંધાયેલ રહેલ હોઈ ''**સંભવ**'' તરીકે ઓળખાનાર પ્રોજેક્ટમાં ૩ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ગ્રાઉન્ડ ફ્લોરથી ૩૩મા માળ એટલે કે ૧૮મા હેબીટેબલ માળ ઉપર ભરતમાં ૧૧૨.૧૯ ચો.મી. રેરા કારપેટ એરિયા તથા AUA એરીયા ભરતમાં ૧.૭૪ ચો.મી. કુલ મળી ભરતમાં ૧૧૩.૯૩ ચો. ફુટ કારપેટ એરિયાનો નવો ફ્લેટ નં. ૧૮૦૨.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**




# સતત બીજા દિવસે સમગ્ર રાજ્યમાં મુંબઈ સૌથી ગરમ

## તાપમાનનો પારો ૩૮.૫ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ મુંબઈમાં બુધવારે ૩૮.૫ ડિગ્રી જેટલા તાપમાન સાથે સતત બીજા દિવસે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. દિવસ દરમિયાન અસહ્ય ગરમી અને ઉકળાટ રહ્યો હતો. હવામાન ખાતાએ હીટવેવની આપેલી ચેતવણી મુજબ આખો દિવસ મુંબઈ, થાણે સહિત પાલઘરમાં ભારે ગરમી રહી હતી. આ અગાઉ મંગળવારે મુંબઈમાં ૩૮.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે છેલ્લા એક દાયકાનું

(જુઓ પાનું ૪) ▸▸

# સેલ્ફ-રિડેવલપમેન્ટમાં કોઈ પણ પ્રકારનાં ચેડાં નહીં ચલાવી લઉંઃ ફડણવીસ

મુંબઈઃ સેલ્ફ-રિડેવલપમેન્ટ માટે મળેલા ૧૬૦૦ પ્રસ્તાવમાંથી મ્હાડા દ્વારા ફક્ત ૪૨ને જ મંજૂરી આપવામાં આવી છે. આને લઈને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ચેતવણી આપી હતી કે જો આ માટે કોઈ પણ પ્રકારનાં ચેડાં થશે તો અધિકારીએ તેની નોકરી બચાવવી મુશ્કેલ થઈ જશે. કાંદિવલી પશ્ચિમમાં ચારકોપ શ્વેતાંબરા

(જુઓ પાનું ૪) ▸▸




# પુણેમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં મહિલા પર બળાત્કારઃ રીઢો આરોપી ફરાર

પુણેઃ પુણેના સ્વારગેટ વિસ્તારમાં બસ સ્ટેન્ડ નજીક સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસમાં ૨૬ વર્ષની મહિલા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને રીઢા આરોપીની શોધ ચલાવી હતી.

આરોપીની ઓળખ દત્તાત્રય રામદાસ ગાડે (૩૬) તરીકે થઇ હતી, જેની સામે પુણે જિલ્લાના શિરુર અને શિક્રાપુર પોલીસ સ્ટેશનમાં ચોરી તથા ચેન સ્નેચિંગના ગુના દાખલ હોવાનું સ્વારગેટ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

સ્વારગેટ એ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ના સૌથી મોટા બસ જંક્શનમાંનું એક છે.

મહિલાના જણાવ્યા અનુસાર મંગળવારે વહેલી સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ તે એક પ્લેટફોર્મ પર ફલટણ માટે બસની રાહ જોતી ઊભી હતી ત્યારે આરોપી ત્યાં આવ્યો હતો અને કહ્યું હતું કે બસ બીજા પ્લેટફોર્મ પર આવી ગઇ છે.

તે બાદમાં મહિલાને બસ સ્ટેન્ડ નજીક પાર્ક કરાયેલી 'શિવ શાહી'ની

(જુઓ પાનું ૪) ▸▸

# મહિલાઓ માટે કોઇ જગ્યા સુરક્ષિત નથીઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ મહાશિવરાત્રિના સપરમા દિને શિવશાહી બસમાં જ યુવતી સાથે બળાત્કારની ચોંકાવનારી ઘટના ઘટ્યા બાદ એનસીપી (શરદ પવાર જૂથ)નાં નેતા સુપ્રિયા સુળે રોષે ભરાયાં હતાં. મહારાષ્ટ્રમાં ફરી એક વાર મહિલાઓ સુરક્ષિત ન હોવાનું

(જુઓ પાનું ૪) ▸▸




# સિક્યુરિટી ગાર્ડ્સની બદલી, તપાસનો આદેશ

મુંબઈઃ પુણેના સ્વારગેટ વિસ્તારમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસમાં ૨૬ વર્ષની મહિલા પર બળાત્કારની ઘટના બાદ રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર
જેજેસી સેન્ટ્રલ બોર્ડ
જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
JJC CELEBRATING 50 YEARS OF EXCELLENCE — PAST | PRESENT | FUTURE
૨૦૧, માથારૂ આર્કેડ, એક્ષિસ બેંકની ઉપર, સુભાષ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.
(MOB) No. : 81042 05202 | Email : jjccentralboard1@gmail.com
: સ્પોન્સર્સ : Event Sponsered By RAMNIKLAL S. GOSALIA & CO. Chemical & Polymer Distributors since 77 years
: કો–સ્પોન્સર્સ : માતુશ્રી મંજુલાબહેન જેઠાલાલ મોરબિયા • જેજેસી જુહુ મેનેજિંગ કમિટી
પ્રેરિત
તૃતિય યુવામેળો
Will you marry me ?



શનિવાર, તા. ૧૭ / ૦૫ / ૨૦૨૫ – સવારે ૦૯.૦૦ કલાકથી...
સ્થળ : ભાનુશાલી વાડી બેન્કવેટ, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૭૭.
જૈન યુવાવર્ગના દિકરી–દિકરા માટે – વય મર્યાદા : ૧૮ થી ૩૬ વર્ષ સુધી
રજીસ્ટ્રેશન ફી :– યુવક + બે કુટુંબીજન રૂા. ૨૦૦૦/– યુવતિ + બે કુટુંબીજન રૂા. ૧૫૦૦/–
ફોર્મ લિન્ક :– https://app.jotform.com/jjc-yuvamela-2025/will-you-marry-me
–: રજીસ્ટ્રેશન માટે સંપર્ક :–
(૧) જેજેસી સેન્ટ્રલ બોર્ડ ઓફિસ, ઉપરોક્ત એડ્રેસ પર : સુભાષભાઈ – બપોરે ૧ થી સાંજે ૭

| | | | |
|---|---|---|---|
| (૨) જેજેસી નોર્થ ઈસ્ટ ઓફિસ<br>હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ)<br>પ્રિયંકાબેન<br>મો. : ૯૩૨૬૬ ૮૪૦૬૧<br>સવારે ૧૦ થી બપોરે ૨<br>સાંજે ૪ થી ૬ | (૩) નરેશભાઈ દોશી<br>મો. : ૯૩૨ ૩૧૩ ૮૪૮૪<br>બ્લ્યુસ્ટાર ઈન્ટરનેશનલ<br>૨/૨૩, પારેખ ચેમ્બર્સ,<br>૧૫૨, નારાયણ ધુરુ સ્ટ્રીટ<br>નાગદેવી, મુંબઈ – ૪૦૦ ૦૦૩<br>બપોરે ૧ થી સાંજે ૬ | (૪) હેમંતભાઈ શાહ<br>મો. : ૯૮૬૯૫ ૪૪૦૮૧<br>શાહસ્કો, શોપ નં. ૧૩/૧૪<br>નાડકો શોપિંગ સેન્ટર<br>એસ. વી. રોડ,<br>અંધેરી (વેસ્ટ)<br>સવારે ૧૧ થી રાત્રે ૯ | (૫) મિલનભાઈ શાહ<br>મો. : ૯૮૨૦૦ ૩૯૪૮૯<br>મિલન પ્રાઈમ પ્રોપટિઝ<br>ડી–૫૯, વાશી પ્લાઝા,<br>સેક્ટર ૧૭, વાશી (વેસ્ટ)<br>સવારે ૧૧ થી સાંજે ૭ |

–: વિશેષ માહિતી માટે સંપર્ક :–

| | | |
|---|---|---|
| (૧) કિશોરભાઈ શેઠ<br>મો. ૮૭૭૯૫ ૯૫૫૧૬ | (૨) રમેશભાઈ મોરબિયા<br>મો. ૯૩૨૩૯ ૨૫૪૨૦ | (૩) જયંતિભાઈ છાડવા<br>મો. ૯૮૨૧૧ ૨૦૨૧૭ |
| (૪) ઉદયભાઈ સંઘવી<br>મો. ૯૮૨૦૦ ૧૩૮૬૧ | (૫) મિતેશભાઈ અંબાવી<br>મો. ૯૩૨૪૦ ૨૭૩૬૬ | (૬) હિતેશભાઈ ભેદા<br>મો. ૯૩૨૨૧ ૩૩૯૯૯ |
| (૭) જીગ્નેશભાઈ ભાયાણી<br>મો. ૯૮૨ ૪૧૫ ૪૩૦૮ | (૮) પ્રફુલભાઈ મહેતા<br>મો. ૯૮૨૦૦ ૬૮૨૯૭ | (૯) દીપકભાઈ લાપસિયા<br>મો. ૯૩૨૪૫ ૩૯૮૪૧ |

વિજ્ઞાપન સૌજન્ય : માતુશ્રી મંજુલાબહેન જેઠાલાલ મોરબિયા

